સોમવાર, ૧૪ જુલાઈ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# બિહારની મતદાર યાદીમાં મોટી સંખ્યામાં ઘૂસણખોરો

## બાંગ્લાદેશ, નેપાળ, મ્યાનમારના ગેરકાયદે વસાહતીઓ પાસે આધાર કાર્ડ, રેશન કાર્ડ, ડૉમિસાઈલ સર્ટિફિકેટ




પટણા : બિહારની મતદાર યાદી સુધારણાની કાર્યવાહીમાં માલૂમ પડ્યું હતું કે બાંગ્લાદેશ, નેપાળ, મ્યાનમારના લોકો મોટી સંખ્યામાં બિહારમાં ગેરકાયદે રહે છે. તેઓની પાસે આધાર કાર્ડ, રેશન કાર્ડ, અને ડૉમિસાઈલ સર્ટિફિકેટ છે તેમ જ તેઓના નામ બિહારની મતદાર યાદીમાં પણ છે.

ચૂંટણી પંચના ફિલ્ડ પર કામ કરતાં કર્મચારીઓએ બિહારમાં મતદારયાદીની સઘન સમીક્ષા માટે લીધેલી ઘર-ઘરની મુલાકાતમાં નેપાળ, બાંગ્લાદેશ અને મ્યાનમારના 'મોટી સંખ્યાના લોકો'ને શોધી કાઢ્યા હતા. તેઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ગેરકાયદે વસાહતીનાં નામો ૩૦ સપ્ટેમ્બરમાં પ્રસિદ્ધ થનારી અંતિમ મતદારયાદીમાં ઉમેરવામાં નહીં આવે.

તપાસના અહેવાલને ટાંકીને ચૂંટણી પંચના અધિકારીઓએ કહ્યું હતું કે બૂથ સ્તરના અધિકારીઓએ ઘર-ઘરની મુલાકાત દરમિયાન નેપાળ, બાંગ્લાદેશ અને મ્યાનમારના લોકોને મોટી સંખ્યામાં શોધી કાઢ્યા હતા.

ચૂંટણી પંચ જન્મસ્થળ તપાસીને વિદેશી ગેરકાયદે વસાહતીનાં નામ ખાસ સઘન સમીક્ષામાં મતદાર યાદીમાંથી કાઢી નાખશે. બિહારમાં આ વર્ષે ચૂંટણી છે, જ્યારે બીજા પાંચ રાજ્યો આસામ, કેરળ, પુડુચેરી, તમિળનાડુ અને પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણી ૨૦૨૬માં છે. વિવિધ રાજ્યોમાં બાંગ્લાદેશ અને મ્યાનમાર સહિતના ગેરકાયદે વિદેશી વસાહતી પર તવાઈના સંદર્ભમાં મતદાર યાદીની સમીક્ષા મહત્ત્વની છે. (એજન્સી)

## દેશભરમાં મતદાર યાદીની સુધારણા શરૂ કરવા હિલચાલ

નવી દિલ્હી : ચૂંટણી પંચે બિહારની જેમ આખા દેશમાં આવતા મહિનાથી મતદાર યાદીમાં ખાસ સઘન સમીક્ષા કરવા માટે ચૂંટણી યંત્રણાને સક્રિય કરી છે. સુપ્રીમ કોર્ટે આવી સમીક્ષાને બંધારણીય મંજૂરીવાળી ગણાવીને ચૂંટણી પંચને આ કવાયત ચાલુ રાખવાની મંજૂરી આપી હતી. અનેક વિરોધ પક્ષો અને બીજાઓએ સઘન સમીક્ષાને રોકવા સર્વોચ્ચ અદાલતમાં અરજી કરી હતી, તેમનું કહેવું હતું કે આ સુધારણાને લીધે પાત્રતા ધરાવતા નાગરિકો તેમના મતાધિકારથી વંચિત રહી જશે.

અમુક રાજ્યોના ચીફ ઈલેકટરલ ઑફિસરોએ છેલ્લી આવી સઘન સમીક્ષા કરી હતી એની મતદારયાદી મૂકવાનું શરૂ કર્યું છે, દિલ્હીના સીઈઓએની વેબસાઈટમાં ૨૦૦૮ની મતદાર યાદી મૂકવામાં આવી છે દિલ્હીમાં છેલ્લે ૨૦૦૮માં સઘન સમીક્ષા કરવામાં

(જુઓ પાનું ૨) ▸▸

## રાજકોટના નામી બિલ્ડર બીશુ વાળાની આત્મહત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટના ફાઇનાન્સ અને બિલ્ડિંગ ક્ષેત્રે જાણીતું નામ એવા ૬૨ વર્ષીય બીશુ વાળાએ ૧૩ જુલાઈ રવિવારે વહેલી સવારે સરધાર નજીક આવેલા તેમના મૂળ ગામ ભંગડા ખાતે પોતાના ઘરે માતાજીના મઢમાં રિવોલ્વરથી ગોળી મારી આત્મહત્યા કરી લેતા સમગ્ર રાજકોટમાં શોક અને આઘાતનું મોજું ફરી વળ્યું હતું. આ બનાવના પગલે

(જુઓ પાનું ૨) ▸▸

## ઉજ્જવલ નિકમ સહિત ચાર જણ રાજ્યસભાના સભ્ય બન્યા

નવી દિલ્હીઃ રાજ્યસભાનો કાર્યકાળ છ વર્ષનો હોય છે. દર બે વર્ષે ત્રીજા ભાગના સભ્યો નિવૃત્ત થાય છે. ભારતના રાષ્ટ્રપતિ પાસે રાજ્યસભાના ૧૨ સભ્યોનું નામાંકન કરવાની સત્તા રહેલી છે. ૨૦૨૪માં આ ૧૨ સભ્યો પૈકી ૪ સભ્યો નિવૃત્ત થઈ ગયા છે. જેથી આજે રાષ્ટ્રપતિએ વિવિધ ક્ષેત્રો સાથે જોડાયેલા નવા ચાર સભ્યોના નામની જાહેરાત કરી છે. જેમાં વરિષ્ઠ સમાજસેવક અને શિક્ષણવિદ્ સી. સદાનંદન માસ્ટર, પૂર્વ વિદેશ સચિવ હર્ષવર્ધન શ્રૃંગલા, ઇતિહાસકાર અને શિક્ષણવિદ્ મીનાક્ષી જૈન તથા ભૂતપૂર્વ સરકારી વકીલ ઉજ્જવલ નિકમનો સમાવેશ થાય છે. રાષ્ટ્રપતિ દ્વારા નામાંકિત આ ૪ સભ્યો કોઈપણ

(જુઓ પાનું ૨) ▸▸

### "मी मोदी बोलत आहे. राज्यसभेचे सदस्य झाल्याबद्दल अभिनंदन"

મુંબઈઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઉજ્જવલ નિક્કમની સાથે ફોન પર મરાઠીમાં વાત કરી હતી અને તેમને રાજ્યસભાના સભ્ય બનવા બદલ મરાઠીમાં અભિનંદન આપ્યા હતા. રાજ્યસભામાં રાષ્ટ્રપતિ દ્વારા નામાંકિત થતા ૧૨ સભ્ય પૈકી આજે ચાર નવા સભ્યના નામની જાહેરાત કરવામાં આવી હતી, જેમાં ૨૬/૧૧ મુંબઈ પર આતંકવાદી હુમલા, ૧૯૯૩ બોમ્બે બ્લાસ્ટ, ગુલશન કુમાર, પ્રમોદ મહાજનના મર્ડર જેવા અનેક કેસ લડનાર ભૂતપૂર્વ સરકારી વકીલ ઉજ્જવલ નિકમનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ઉજ્જવલ નિકમને રાજ્યસભામાં નામાંકિત થયાની જાણ સ્વયં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કરી હતી.

દેશના જાણીતા ભૂતપૂર્વ સરકારી વકીલ ઉજ્જવલ નિકમને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ રાજ્યસભાના સભ્ય બનાવ્યા છે. આ અંગેની જાણકારી સ્વયં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઉજ્જવલ નિકમને આપી હતી. શનિવારે વડા પ્રધાન

(જુઓ પાનું ૨) ▸▸

## ઈઝરાયલનો ગાઝા પર હુમલોઃ ૫૯નાં મોત

દીર અલ-બલા (ગાઝા પટ્ટી) : ઇઝરાયલે ગાઝામાં ફરી એક વાર તબાહી મચાવી હતી. પેલેસ્ટિનિયન હૉસ્પિટલના અધિકારીઓ અને પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે શનિવારે ગાઝા પટ્ટીમાં રાહત કેન્દ્ર તરફ જતા ઓછામાં ઓછા ૩૧ પેલેસ્ટિનિયનોની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી, જ્યારે ઇઝરાયલી હવાઈ હુમલામાં ચાર બાળકો સહિત ઓછામાં ઓછા ૨૮ પેલેસ્ટિનિયનોના મોત થયા હતા.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પ અને ઇઝરાયલી વડા પ્રધાન નેતન્યાહૂ વચ્ચે બે દિવસની બેઠકો પછી યુદ્ધવિરામ વાટાઘાટોમાં કોઈ નોંધપાત્ર પ્રગતિના કોઈ સંકેતો મળ્યા

(જુઓ પાનું ૨) ▸▸






LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# રાધિકાની હત્યામાં લવ જિહાદની ભેળસેળઃ આ માનસિકતા ખતરનાક છે

**ભારતમાં** કોઈ પણ મુદ્દાને હિંદુ-મુસ્લિમનો રંગ આપીને સમાજમાં ઝેર ફેલાવવાનો ખતરનાક ખેલ એક ચોક્કસ વર્ગ ખેલી રહ્યો છે. ગમે તે ઘટના બને, આ ઘટનાને હિંદુ-મુસ્લિમ એંગલ આપીને હળાહળ જૂઠાણાં ફેલાવવા, હિંદુઓમાં ડર પેદા કરવા અને મુસ્લિમો સામે નફરત પેદા કરવા માટે આ ગેંગ સોશિયલ મીડિયા પર સક્રિય થઈ જાય છે. આ વિકૃત માનસિકતા છે અને આ વિકૃતિનો તાજો દાખલો ગુરુગ્રામ ટેનિસ ખેલાડી રાધિકા યાદવની હત્યા અંગે સોશિયલ મીડિયા અને ટીવી ચેનલો પર ચાલી રહેલો કુપ્રચાર છે.

રાધિકા યાદવની તેના જ સગા પિતા દીપક યાદવે ૧૦ જુલાઈએ ગુરુગ્રામના વઝીરાબાદમાં આવેલા ઘરમાં ચાર ગોળી મારીને હત્યા કરી નાખી. રાધિકા ઘરમાં ખાવાનું બનાવી રહી હતી ત્યારે દીપક યાદવે પાછળથી ચાર ગોળી ધરબીને રાધિકાનું આયખું પૂરું કરી નાખ્યું. રાધિકા માત્ર ૨૫ વર્ષની હતી, સ્પોર્ટ્સસ્ટાર હતી તેથી સ્વસ્થ હતી. લાંબું જીવી શકે તેમ હતી પણ તેના બાપે જ તેને ઉપર પહોંચાડી દીધી.

ગુરુગ્રામ પોલીસે દીપક યાદવની ધરપકડ કરી પછી યાદવે હત્યાનો એકરાર કર્યો. યાદવનું કહેવું હતું કે, રાધિકાને અમે એકેડેમીમાં કામ કરવાનું અને ટ્રેઈનિંગ લેવાનું બંધ કરવા કહેતા હતા પણ રાધિકા કોઈનું સાંભળતી ન હતી તેથી ગુસ્સે થઈને પોતે તેને ગોળી મારી દીધી. પોલીસે એમ પણ કહ્યું છે કે, દીપક યાદવ પાસે રાધિકાની હત્યા કરવા માટે બીજું કોઈ કારણ એટલે કે 'મોટિવ' નહોતો તેથી યાદવની વાત સાચી લાગી રહી છે.

ગુરુગ્રામ પોલીસે સત્તાવાર રીતે આપેલી આ માહિતી છે પણ સોશિયલ મીડિયાના મહાજ્ઞાનીઓ દીપકે દીકરીની હત્યા કેમ કરવી પડી એ માટે બહુ જોરદાર થિયરી લઈ આવ્યા અને આ થિયરીને સોશિયલ મીડિયા પર રમતી પણ કરી દીધી. આ થિયરી મહાસત્ય હોય એમ કેટલીક ટીવી ચેનલો પર એ ચાલી પણ ગઈ ને એક વિકૃત બાપે કરેલા અપરાધને હિંદુ-મુસ્લિમ રંગ આપી દેવાયો. આ થિયરી પ્રમાણે, રાધિકાને ઈમાનુલ હક નામના એક મુસ્લિમ છોકરાએ લવ જિહાદ કરીને ફસાવી હતી. દીપક યાદવને આ વાતની ખબર પડી જતાં તેમણે દીકરીને સમજાવી પણ પ્રેમમાં પાગલ દીકરી ના માની એટલે અકળાઈને દીપક યાદવે રાધિકાને ગોળી મારી દીધી.

આ થિયરીને સાચી ઠેરવવા માટે સોશિયલ મીડિયા પર ફરતા કરાયેલા મેસેજ પ્રમાણે, રાધિકાના જીવનમાં બધું બરાબર ચાલતું હતું. બહુ અમીર માણસ એટલે કે દીપક યાદવે દીકરીની ટ્રેનિંગ પાછળ અઢી કરોડ રૂપિયા ખર્ચ્યા હતા, બેટીને ટ્રેનિંગ એકેડેમી ખોલાવીને કેરીયર સેટ કરી દીધી હતી. પછી અચાનક ચોક્કસ ઉદ્દેશ સાથે કામ કરતી કોમના નેટવર્કની છોકરી પર નજર પડી ગઈ અને તેમણે પોતાના એક 'મોમ્બીજ'ને કામે લગાડી દીધો ને હવે બધું બરબાદ થઈ ગયું છે. દીકરી મરી ગઈ, એકેડેમી પતી ગઈ, બાપ જેલમાં અને માતા તકલીફમાં છે. ઈનામુલ મજામાં હતો, છે અને મજામાં રહેશે. તેનું નેટવર્ક તેને નવી રાધિકા શોધી આપશે અને એ કામ પર લાગી જશે.

સોશિયલ મીડિયા અને ટીવી ચેનલો પર જેને લવ જિહાદનો સૂત્રધાર ગણાવાઈ રહ્યો છે એ ઈનામુલ હક એક ગાયક અને કલાકાર છે. ઈનામુલ સોશિયલ મીડિયા પર પોતાનાં ગીત રિલીઝ કરે છે. આવા એક ગીતમાં રાધિકાએ કામ કરેલું. તેમાંથી ફોટા અને વીડિયો કાઢી કાઢીને રાધિકા અને ઈનામુલ વચ્ચે અફેર હોવાના દાવા આ ગેંગ કરી રહી છે પણ વાસ્તવિકતા કંઈક અલગ જ છે.

રાધિકા અને ઈનામુલ વચ્ચે કોઈ અફેર નહોતું એવું પોલીસે કહ્યું છે અને રાધિકાની ખાસ ફ્રેન્ડ હિમાંશિકા સિંહ રાજપૂતે પણ કહ્યું છે. ઈનામુલે પણ તેના નામે લવ જિહાદની વાતો વહેતી થઈ પછી સામેથી ચેનલો પર આવીને ખુલાસો કર્યો છે કે, રાધિકા સાથે અફેરની વાત તો છોડો પણ પોતે તેને સારી રીતે ઓળખતો પણ નહોતો. ઈનામુલ દિલ્હીમાં ટેનિસ પ્રીમિયર લીગમાં રાધિકાને બે વર્ષ પહેલાં મળેલો. ઈનામુલ એ વખતે તાપસી પન્નુની ટીમ પંજાબ પેટ્રિયટ્સની સોશિયલ મીડિયા ટીમનો હેડ હતો જ્યારે રાધિકા ટીમની ખેલાડી હતી. સોશિયલ મીડિયા માટે પોસ્ટ્સ બનાવવા ઈનામુલની ટીમ ગયેલી ત્યારે રાધિકા સહિતની ખેલાડીઓ સાથે મુલાકાત થઈ હતી.

રાધિકાએ પોતાને એક્ટિંગ અને એન્ટરટેઈનમેન્ટમાં રસ હોવાનું કહીને તક આપવા કહેલું તેથી રાધિકાનો ફોન નંબર ઈનામુલની ટીમે લીધો હતો. થોડાક સમય પછી એક મ્યુઝિક વીડિયોનું કામ આવ્યું ત્યારે રાધિકાનો સંપર્ક કરાયેલો પણ પહેલાં એ પસંદ નહોતી થઈ કેમ કે રાધિકા બહુ નાની લાગતી હતી. પછી હીરો બદલાયો ને ઈનામુલને લેવાયો ત્યારે તેની સાથે જોડી જમાવી શકે એવી છોકરી તરીકે રાધિકા પસંદ થઈ હતી.

રાધિકા અને ઈનામુલે ગુરુગ્રામના સ્ટુડિયોમાં છ કલાક શૂટિંગ કર્યું ત્યારે રાધિકાની માતા સેટ પર હાજર હતી. બીજાં કલાકારોનાં પરિવારજન પણ હાજર હતાં તેથી કોઈ વાત નહોતી થઈ. ઈનામુલના દાવા પ્રમાણે, વીડિયોના પ્રમોશન માટે રાધિકા સાથે ફોન પર વાત થઈ એ સિવાય બંને વચ્ચે પછી કદી વાત નથી થઈ કે કદી બંને મળ્યાં પણ નથી. ઈનામુલે પોતાનો ફોન, સોશિયલ મીડિયા, લેપટોપ કે બીજું જે કંઈ તપાસ માટે જોઈતું હોય એ આપવાની ખુલ્લી ઓફર ટીવી ચેનલો પર કરી છે. પોલીસ તપાસમાં ક્યાંય ઈનામુલનું નામ આવ્યું નથી કે રાધિકાના પરિવારે ઈનામુલનો ઉલ્લેખ કર્યો નથી પણ સોશિયલ મીડિયા પર ઈનામુલ વિલન બની ગયો છે.

બીજી તરફ રાધિકાની ફ્રેન્ડ હિમાંશિકા સિંહ રાજપૂતે રાધિકા અને તેના માતા-પિતાના તેના તરફના વર્તન અંગે ચોંકાવનારી વાતો કરી છે. આ વાતોનો સાર એ છે કે, રાધિકાના માતા-પિતા ખૂબ પ્રતિબંધો મૂકતા હતા અને રાધિકાને ઘરમાં ગૂંગળામણ થતી હતી. હિમાંશિકાના કહેવા પ્રમાણે, લવ જિહાદની વાત જ બકવાસ છે કેમ કે રાધિકા ઘર અને પ્રેક્ટિસ સિવાય બીજે ક્યાંય જતી નહોતી. તેની એકેડેમી હોવાની વાત પણ ખોટી છે. રાધિકા ટેનિસ કોર્ટ્સ ભાડે રાખીને કોચિંગ આપતી તેની સામે પણ તેનાં માતા-પિતાને વાંધો હતો.

ભારતમાં લવ જિહાદ ચાલે છે એ સત્ય છે પણ દરેક ઘટનામાં લવ જિહાદની વાત ઘુસાડવી માનસિક વિકૃતિ છે. આ વાતો દ્વારા એક હિંદુ દીકરી રાધિકાનું ચારિત્ર્યહનન કરાઈ રહ્યું છે. દીપક યાદવનું કૃત્ય અક્ષમ્ય છે અને લવ જિહાદના નામે તેના કૃત્યને યોગ્ય ઠેરવવાની માનસિકતા બતાવાઈ રહી છે એ ખતરનાક છે. દીકરીને ગુલામ બનાવીને રાખવાની આ માનસિકતાને પોષવામાં આવશે તો ભારત પણ અફઘાનિસ્તાન બની જશે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર વર્ષાઋતુ પ્રારંભ, સોમવાર, તા. ૧૪-૭-૨૦૨૫,
સંકષ્ટ ચતુર્થી

- ભારતીય દિનાંક ૨૩, માહે અષાઢ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧,શા. શકે ૧૯૪૭, અષાઢ વદ-૪
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે અષાઢ, તિથિ વદ-૪
- પારસી શહેનશાહી રોજ ૪થો શહેરેવર, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ગાથા ૪ વોહુક્ષથ્ર, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૬મો આસતાદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૮મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૯મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- નક્ષત્ર ઘનિષ્ઠા સવારે ક. ૦૬-૪૮ સુધી, પછી શતભિષા
- ચંદ્ર કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૦, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૭, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૬, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ બપોરે ક. ૧૪-૨૨, મધ્યરાત્રે ક. ૦૨-૨૭
- ઓટઃ સવારે ક. ૦૭-૩૯, રાત્રે ક. ૨૦-૩૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, અષાઢ કૃષ્ણ - ચતુર્થી. સંકષ્ટ ચતુર્થી, ચંદ્રોદય રાત્રે ક. ૨૨-૦૩, પંચક, સૂર્ય મહાનક્ષત્ર પુનર્વસુ, વાહન અશ્વ
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ સંકષ્ટ ચતુર્થી, વ્રત ઉપવાસ, શ્રી ગણેશ પૂજા અભિષેક, હવન, વરુણદેવતાનું પૂજન, ચંદ્ર-રાહુ દેવતાનું પૂજન, કદંબનું વૃક્ષ વાવવું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, મંદિરોમાં પાટ-અભિષેક પૂજા, શ્રી ગણેશ મંદિરમાં ધજા અર્પણ, પર્વપૂજા નિમિત્તે નવા વસ્ત્ર, આભૂષણ, બાળકને પ્રથમ વખત ગણેશ દર્શન, અન્નપ્રાશન, રત્નધારણ, ધાન્ય વેંચવું, ધાન્ય ભરવું.
- આચમનઃ ચંદ્ર-ગુરુ ત્રિકોણ મુસાફરીનો શોખ, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ વ્યવહારમાં સાવધાની જરૂરી.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ત્રિકોણ, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ (તા. ૧૫), ગ્રહગોચરઃ સૂર્ય- મિથુન, મંગળ-સિંહ, બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-વૃષભ, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# તમિળનાડુમાં ડીઝલ ભરેલી માલગાડીમાં ભીષણ આગ, અનેક ટ્રેન રદ

ચેન્નઈઃ તમિલનાડુના તિરુવલ્લુર રેલ્વે સ્ટેશન નજીક રવિવારે સવારે લગભગ ૫:૩૦ વાગ્યે ડીઝલ લઇને જતી માલગાડીના ચાર ડબ્બામાં અચાનક આગ લાગી ગઈ હતી. આગ એટલી ભીષણ હતી કે આકાશમાં ઉંચી જ્વાળાઓ અને કાળા ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. ફાયર બ્રિગેડ અને બચાવ ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ અને ઘણી મહેનત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું કે કોઈ જાનહાનિના અહેવાલ નથી અને આસપાસની મિલકતોને કોઈ નુકસાન થયું નથી.

દક્ષિણ રેલવેના જનરલ મેનેજર આર.એન. સિંહે તિરુવલ્લૂર નજીક માલગાડીમાં લાગેલી ભીષણ આગ અંગે મહત્વપૂર્ણ માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે આ અકસ્માતમાં કોઈ જાનહાનિ કે સંપત્તિનું નુકસાન થયું નથી, જે રાહતની વાત છે. તેમણે કહ્યું હતું કે અમે ટ્રેનોનું સંચાલન ફરીથી શરૂ કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. આગ ત્રીજી બોગીથી શરૂ થઈ અને ૨૦મી બોગીમાં ફેલાઈ ગઈ હતી. કુલ ૧૮ બોગી બળીને રાખ થઈ ગઈ છે અને જે બોગીમાં આગ લાગી હતી તે પાટા પરથી ઉતરી ગઈ છે.

દક્ષિણ રેલવેએ જણાવ્યું હતું કે, માલગાડીમાં આગ લાગી હોવાના કારણે ચેન્નઈ-અરક્કોનમ રૂટ પર ટ્રેન સેવાઓ પ્રભાવિત થઈ હતી. જોકે, અનેક મુસાફરો ફસાયા હતા અને રાજ્ય પરિવહન નિગમે મુસાફરી કરતી જનતાની જરૂરિયાતો પૂરી કરવા માટે અનેક વિશેષ બસો દોડાવી હતી. માલગાડી ચેન્નઈ હાર્બરથી વાલાજાહ રોડ સાઇડિંગ (વલાજાબાદ) જઈ રહી હતી.

રાજ્ય મંત્રી (લઘુમતી અને બિન-નિવાસી તમિલ કલ્યાણ) એસ.એમ. નાસરે અધિકારીઓ સાથે નિરીક્ષણ કર્યું અને આગ અને ધુમાડાને ધ્યાનમાં રાખીને આગ દુર્ઘટના સ્થળની નજીક રહેતા લોકોને આશ્રયસ્થાનોમાં લઈ જવામાં આવ્યા હતા. રાજ્ય પરિવહન નિગમો દ્વારા ટ્રેન સેવાઓને અસર થતાં ૧૭૦થી વધુ ખાસ બસો દોડાવી હતી.

રેલવેએ જણાવ્યું હતું કે''ત્રીજા વેગનમાં આગ લાગવાની જાણ થતાં લોકો પાયલટે તાત્કાલિક ઇમરજન્સી બ્રેક લગાવી હતી અને તિરુવલ્લૂરના સ્ટેશન માસ્ટરે સાવચેતીના પગલા તરીકે ઓવરહેડ પાવર સપ્લાય બંધ કરી દીધો હતો.''વધુમાં રેલવેએ જણાવ્યું હતું કે ''જોકે, ટ્રેન રોકાઈ ત્યાં સુધીમાં આગ ૧૯મા વેગન સુધી ફેલાઈ ગઈ હતી. પરિણામે ચેન્નઈને બેંગલુરુ, કેરળ અને રેણુગુન્ટા/તિરુપતિ સાથે જોડતા મહત્વપૂર્ણ ચેન્નઈ-અરકોણમ વિભાગમાં ટ્રેન સેવાઓ રોકવી પડી હતી. ચેન્નઈ સેન્ટ્રલથી ઉપડતી અને ચેન્નઇ પહોંચતી અનેક મેલ/એક્સપ્રેસ ટ્રેનો રદ કરવામાં આવી હતી અને ઘણી અન્ય ટ્રેનોને ડાયવર્ટ કરવામાં આવી હતી અથવા અધવચ્ચે રોકવામાં આવી હતી. એક અધિકારીએ જણાવ્યું હતું કે આગનું કારણ તાત્કાલિક જાણી શકાયું નથી. ■

# બિહારમાં ભાજપના નેતા સહિત બેની હત્યા

પટનાઃ બિહારમાં ચૂંટણી પહેલા એક પછી એક ગુનાહિત ઘટનાઓ બનતા ભયનું વાતાવરણ સર્જાયું છે. રાજ્યમાં ભાજપ નેતા સુરેન્દ્ર કુમાર સહિત બેની હત્યા કરવામાં આવી છે.

પટના જિલ્લાના પીપરા વિસ્તારના શેખપુરા ગામમાં શનિવારે સાંજે ૫૦ વર્ષીય ગ્રામીણ આરોગ્ય અધિકારી સુરેન્દ્ર કુમારની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. તેઓ તેમના ખેતરમાં કામ કરી રહ્યા હતા ત્યારે તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો. સ્થાનિક લોકો ખેતરમાંથી ગોળીબારનો અવાજ સાંભળતા જ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. જ્યાં સુરેન્દ્ર કુમાર લોહીથી લથપથ હાલતમાં મળી આવ્યા હતા. તેમને તાત્કાલિક હૉસ્પિટલ લઇ જવામાં આવ્યા, પરંતુ સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

એસડીપીઓ કન્હૈયા સિંહે જણાવ્યું કે સુરેન્દ્ર કુમાર માત્ર આરોગ્ય વિભાગ સાથે જોડાયેલા ન હતા, પરંતુ ભાજપ કિસાન મોરચાના ભૂતપૂર્વ બ્લોક પ્રમુખ પણ હતા. આ ઘટના પટનામાં જાણીતા ઉદ્યોગપતિ ગોપાલ ખેમકાની તેમના ઘરની બહાર હત્યા કરવામાં આવ્યાના અઠવાડિયા પછી બની છે. તેમની હત્યાથી ગામમાં તણાવનું વાતાવરણ સર્જાયું છે. તેમજ રાજકીય વર્તુળોમાં પણ ખળભળાટ મચી ગયો છે. પોલીસે ઘટનાસ્થળેથી કેટલાક પુરાવાઓ એકત્રિત કર્યા છે. તેમજ આરોપીઓની શોધખોળ માટે દરોડા ચાલુ છે.

બીજી તરફ સીતામઢી જિલ્લાના સૌથી વ્યસ્ત મેહસૌલ ચોક ખાતે શનિવારે ઉદ્યોગપતિ પુટૂ ખાનની માથામાં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઇ ગઇ છે. ગંભીર રીતે ઘાયલ પુટૂ ખાનને નજીકની ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. ઘટના બાદ વિસ્તારમાં ખળભળાટ મચી ગયો હતો. પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. ■

# ભારતના મોસ્ટ વૉન્ટેડ સહિત આઠ ખાલિસ્તાનવાદી અમેરિકામાં પકડાયા

વોશિંગ્ટન : ભારતથી ફરાર થઇને અમેરિકામાં રહેતા ખાલિસ્તાની આતંકવાદીઓ અને ગેંગસ્ટરો વિરુદ્ધ એફબીઆઇએ કાર્યવાહી કરી હતી. મળતી માહિતી મુજબ એફબીઆઇ અને સ્થાનિક એજન્સીઓએ કેલિફોર્નિયાના સાન જોક્વિન કાઉન્ટીમાં મોટી કાર્યવાહી કરી હતી. સ્ટોકટન, મેન્ટેકા અને સ્ટેનિસ્લોસ કાઉન્ટીની સ્વેટ ટીમો અને એફબીઆઇના સ્પેશિયલ યુનિટની મદદથી હાથ ધરવામાં આવેલા આ ઓપરેશનમાં ભારતીય મૂળના ૮ ખાલિસ્તાન સમર્થક ગેંગસ્ટરોની ધરપકડ કરવામાં આવી હતી.

ખાલિસ્તાની નેટવર્કને તોડી પાડવાની દિશામાં આ કાર્યવાહી મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. ધરપકડ કરાયેલા આરોપીઓમાં ખાલિસ્તાની સમર્થકો દિલપ્રીત સિંહ, અર્શપ્રીત સિંહ, અમૃતપાલ સિંહ, વિશાલ, પવિત્ર સિંહ ઉર્ફે પવિત્ર બટાલા, ગુરતાજ સિંહ, મનપ્રીત રંધાવા અને સરબજીત સિંહનો સમાવેશ થાય છે. તે બધા સામે અલગ-અલગ ફોજદારી કેસ નોંધવામાં આવ્યા છે.

આ બધા સામે અપહરણ,ટોર્ચર, ગેરકાયદેસર કેદ, ગુનાહિત કાવતરું, સાક્ષીઓને ડરાવવા, સેમી ઓટોમેટિક હથિયારોથી હુમલો, આતંક ફેલાવવાની ધમકી, ગેંગ એક્ટ હેઠળ કેસ, મોટી માત્રામાં ગેરકાયદેસર હથિયારો રાખવા, મશીનગન અને એસોલ્ટ રાઇફલ્સ રાખવા, શોર્ટ-બેરલ રાઇફલ્સનું ઉત્પાદન અને ગેરકાયદેસર મેગેઝિન વેચવા જેવા ગંભીર આરોપો નોંધવામાં આવ્યા છે. બધા આરોપીઓની પૂછપરછ બાદ તેમને અમેરિકાની જ જેલમાં ખસેડવામાં આવ્યા છે.

એફબીઆઈએ આ ઓપરેશનને 'સમર હીટ ઈનિશિએટિવ' નામ આપ્યું છે, જેનો ઉદ્દેશ્ય અમેરિકામાં કાર્યરત ગેંગ અને ખતરનાક ગુનેગારોના નેટવર્કને ખતમ કરવાનો છે. એફબીઆઈ ડિરેક્ટર પટેલ દ્વારા શરૂ કરાયેલી આ પહેલનો ઉદ્દેશ્ય અમેરિકાના શહેરો અને સમુદાયોને ફરીથી સુરક્ષિત બનાવવા અને સંગઠિત ગુનાઓને નાબૂદ કરવા માટે કડક પગલાં લેવાનો છે.

ભારતીય ગુપ્તચર એજન્સીઓના જણાવ્યા અનુસાર, આ બધા આરોપીઓ ગેરકાયદેસર રીતે અમેરિકામાં પ્રવેશ્યા હતા અને ત્યાંથી પંજાબ સહિત ભારતના વિવિધ ભાગોમાં ગુનાહિત પ્રવૃત્તિઓ ચલાવી રહ્યા હતા. ભારતમાંથી ભાગી ગયા પછી આવા ઘણા ગેંગસ્ટર અને ખાલિસ્તાની આતંકવાદીઓએ અમેરિકામાં આશરો લીધો છે અને ત્યાંથી ગેંગ ચલાવી રહ્યા છે.

ધરપકડ કરાયેલા ગેંગસ્ટરોમાં સૌથી મોટું નામ પવિત્ર સિંહ ઉર્ફે પવિત્ર બટાલાનું છે, જે પંજાબ પોલીસ અને ભારતની રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઇએ) માટે મોસ્ટ વૉન્ટેડ ગુનેગાર છે. તે ખાલિસ્તાની આતંકવાદી લખબીર સિંહ રોડે સાથે મળીને બબ્બર ખાલસા ઇન્ટરનેશનલ નામના પ્રતિબંધિત આતંકવાદી સંગઠનની પ્રવૃત્તિઓ ચલાવી રહ્યો છે. એનઆઇએએ તેની સામે ચાર્જશીટ દાખલ કરી છે અને ઇન્ટરપોલ દ્વારા રેડ કોર્નર નોટિસ જાહેર કરવામાં આવી છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### દેશભરમાં મતદાર યાદીની

આવી હતી. ઉત્તરાખંડમાં આવી સુધારણા ૨૦૦૬માં કરવામાં આવી હતી. આથી એ વર્ષની મતદાર યાદી રાજ્ય સીઈઓની વેબસાઈટમાં મૂકવામાં આવી છે. રાજ્યોની મતદાર યાદીની સુધારણાને કટ ઑફ્ફ ડેટ તરીકે ગણવામાં આવશે. બિહારમાં ૨૦૦૩ની મતદાર યાદીને ચૂંટણી પંચે કટ ઑફ્ફ ડેટ ગણવામાં આવી છે. મોટા ભાગના રાજ્યોમાં ૨૦૦૨થી ૨૦૦૪ વચ્ચે મતદાર યાદીમાં સુધારણા કરવામાં આવી છે.

૨૮ જુલાઈએ બિહાર એસઆઈઆર કેસમાં સુપ્રીમ કોર્ટમાં સુનાવણી છે અને ત્યાર બાદ ચૂંટણી પંચ રાષ્ટ્રવ્યાપી કવાયત અંગે નિર્ણય લેશે. (એજન્સી) ■

### રાજકોટના નામી બિલ્ડર

આજીડેમ પોલીસ મથક અને સરધાર પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે અને ત્યારબાદ હૉસ્પિટલ દોડી ગયો હતો. પ્રાથમિક તપાસમાં તેઓ છેલ્લા કેટલાક સમયથી અલ્સરની બીમારીથી પીડિત હતા અને કંટાળીને આપઘાત કરી લીધો હોવાનું જાણવા મળ્યું હતું.

મળતી વિગત મુજબ રાજકોટમાં સ્થાયી થયેલા અને મૂળ ભંગડા ગામના વતની બીશુભાઈ વાળા (ઉંમર વર્ષ ૬૨) ફાઇનાન્સ અને બિલ્ડિંગના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. તેમનો વ્યવસાય વ્યાપક અને પ્રતિષ્ઠિત હતો અને તેઓ સમાજમાં પણ આગવું સ્થાન ધરાવતા હતા.

રવિવારે વહેલી સવારે તેઓ ભંગડા ગામે આવેલા તેમના ઘરે હતા ત્યારે માતાજીના મઢમાં બેઠા હતા તે દરમિયાન તેમણે પોતાની લાઇસન્સવાળી રિવોલ્વરમાંથી લમણે ગોળી મારી દીધી હતી. ગોળીનો અવાજ સાંભળી પરિવારના સભ્યો અને આસપાસના લોકો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. જોકે ઘટનાસ્થળે જ તેમનું નિધન થયું હોવાનું જણાયું હતું.

ઘટનાની જાણ થતાં જ આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ અને સરધાર પોલીસની ટીમ તાત્કાલિક ભંગડા ગામે પહોંચી હતી. પોલીસે ઘટનાસ્થળનું પંચનામું કરી જરૂરી પુરાવા એકત્ર કર્યા હતા. ત્યારબાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે રાજકોટ સિવિલ હૉસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે બીશુ વાળા છેલ્લા કેટલાક સમયથી અલ્સરની ગંભીર બીમારીથી પીડાઈ રહ્યા હતા. આ બીમારીના કારણે તેઓ માનસિક રીતે ખૂબ જ પરેશાન અને નર્વસ રહેતા હતા. જે બીમારીથી કંટાળી અને હતાશ થઈને તેમણે આત્મહત્યાનું પગલું ભર્યું હતું.

જોકે, પોલીસે આ મામલે વધુ ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે અને અન્ય કોઈ કારણ છે કે કેમ તે દિશામાં પણ તપાસ કરી રહી છે. બીશુ વાળાના અકાળે અવસાનથી તેમના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. અને તેમના પરિવારજનો અને સંબંધીઓ આ ઘટનાથી ભાંગી પડ્યા છે. ■

### ઉજ્જવલ નિકમ

પ્રકારની ચૂંટણી વગર સીધા રાજ્યસભામાં પહોંચશે.

ભારતના બંધારણના અનુચ્છેદ ૮૦(૩) હેઠળ, રાષ્ટ્રપતિને કલા, સાહિત્ય, વિજ્ઞાન, સામાજિક સેવા જેવા ક્ષેત્રોમાં વિશેષ ફાળો આપી હોય તેવા ૧૨ સભ્યોનું રાજ્યસભામાં નામાંકન કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે. પોતાના આ અધિકાર હેઠળ રાષ્ટ્રપતિ દ્રોપદી મૂર્મૂએ નવા ચાર સભ્યોનું નામાંકન કર્યું છે.

આ ચાર સભ્યો પૈકીના ભૂતપૂર્વ સરકારી વકીલ ઉજ્જવલ નિકમે ૨૬/૧૧ના મુંબઈ અટેક સહિતના ઘણા હાઈ-પ્રોફાઈલ કેસમાં પબ્લિક પ્રોસિક્યુટર તરીકે કામ કર્યું છે. આ અગાઉ તેઓ ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં મુંબઈ નોર્થ સેન્ટ્રલ મતવિસ્તારમાંથી ભાજપના ઉમેદવાર પણ બન્યા હતા. પરંતુ તેઓની હાર થઈ હતી.

રાજ્યસભા અને લોકસભા, સંસદના આ બંને ગૃહો કાયદા બનાવવાનું કામ કરે છે. કાયદા બનાવવાની આ પ્રક્રિયામાં દરેક ક્ષેત્રના જાણકાર લોકો સંસદમાં હાજર હોય અને તેમનો અનુભવ અને અભિપ્રાય લઈ શકાય એવા હેતુથી રાષ્ટ્રપતિને ૧૨ સભ્યોનું નામાંકન કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૪માં રાષ્ટ્રપતિ દ્વારા નામાંકિત સોનલ માનસિંહ, રામ શકલ, રાકેશ સિન્હા અને મહેશ જેઠમલાણી રાજ્યસભામાંથી નિવૃત્ત થયા હતા. લોકસભાની ચૂંટણીની જેમ રાજ્યસભાની ચૂંટણી પ્રત્યક્ષ રીતે થતી નથી. તેમાં જનતા ભાગ લેતી નથી. પરંતુ જનતા દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ ભાગ લે છે. હાલ રાજ્યસભામાં કુલ ૨૪૩ સભ્યો છે. જે પૈકી ૨૩૩ ચૂંટાયેલા અને ૧૨ રાષ્ટ્રપતિ દ્વારા નામાંકિત સભ્યો છે. ■

### मी मोदी

નરેન્દ્ર મોદીએ ઉજ્જવલ નિકમ સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી. જે અંગે ઉજ્જવલ નિકમે મીડિયાને માહિતી આપી હતી. નવાઈની વાત એ છે કે આ વાતચીત મરાઠી ભાષામાં થઈ હતી.

#### હિન્દીમાં વાત કરું કે મરાઠીમાં?

ઉજ્જવલ નિકમ મુંબઈના રહેવાસી છે. જેથી ટેલિફોનિક વાતચીતમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને પૂછ્યું હતું કે, ''મારે હિન્દીમાં વાત કરવી જોઈએ કે મરાઠીમાં?'' આ સાંભળીને બંને હસી પડ્યા હતા. ઉજ્જવલ નિકમે કહ્યું હતું કે, ''આપે તો બંને ભાષા પર પ્રભુત્વ મેળવ્યું છે અને બંને ભાષાઓ સારી રીતે આવડે છે. ત્યાર બાદ વડા પ્રધાને તેમની સાથે મરાઠીમાં વાત કરી હતી અને કહ્યું હતું કે રાષ્ટ્રપતિ તમને મોટી જવાબદારી સોંપવા માગે છે. ત્યાર બાદ તેમણે રાષ્ટ્રપતિના નિર્ણય અંગે જણાવ્યું હતું. ઉજ્જવલ નિકમે તરત જવાબદારી સ્વીકારવાનો નિર્ણય કરીને 'હા'માં જવાબ આપ્યો હતો અને કહ્યું હતું કે હું પક્ષ આગેવાનીનો આભાર માનું છું.

#### નિકમનાં પત્નીએ આનંદ વ્યક્ત કર્યો

રાષ્ટ્રપતિના આ નિર્ણય અંગે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઉજ્જવલ નિકમને કોઈને વાત કરવાની ના પાડી હતી, પરંતુ તેમણે ઘરે જઈને પોતાની પત્નીને આ વાત કહી દીધી હતી. ઉજ્જવલ નિકમના પત્ની જ્યોતિ નિકમે આનંદ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે મને ગર્વ છે કે, ઉજ્જવલને આ જવાબદારી આપવામાં આવી છે. વડા પ્રધાને તેમના પર જે વિશ્વાસ મૂક્યો છે, તેના પર તેઓ ખરા ઊતરશે.

#### આપણી એકતા જ આપણી તાકાત છે

દેશની ભાષા અને સાંસ્કૃતિક વિવિધતા અંગે ઉજ્જવલ નિકમે જણાવ્યું કે, કર્ણાટકમાં હું થોડી ઘણી કન્નડ અને કેરળમાં હું મલયાલમ ભાષાના કેટલાંક વાકયો બોલી લઉં છું. આપણા દેશમાં જુદી-જુદી ભાષાઓ અને ધર્મ છે. આપણે એક થઈને રહેવું જોઈએ. ભારતની લોકશાહી દુનિયામાં અજોડ છે. જે ઘણા લોકોને ગમતું નથી. આપણે ગૌરવ કરવું જોઈએ અને એક વાત પણ યાદ રાખવી જોઈએ કે આપણી એકતા જ આપણી તાકાત છે. ■

### ઈઝરાયલનો ગાઝા પર

નહોતા. ટ્રમ્પે કહ્યું હતું કે તેઓ ઇઝરાયલ અને હમાસ વચ્ચે એક કરારની નજીક છે, જે યુદ્ધનો અંત લાવી શકે છે.

હૉસ્પિટલના અધિકારીઓ અને પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે માર્યા ગયેલા ૩૧ પેલેસ્ટિનિયનો દક્ષિણ ગાઝામાં રફાહ નજીક ઇઝરાયલ સમર્થિત અમેરિકન સંગઠન ગાઝા હ્યુમેનિટેરિયન ફાઉન્ડેશન દ્વારા સંચાલિત રાહત કેન્દ્ર તરફ જઈ રહ્યા હતા. રેડ ક્રોસે જણાવ્યું હતું કે ગોળીબાર પછી એક વર્ષથી વધુ સમયની કામગીરી પછી તેની ફિલ્ડ હૉસ્પિટલમાં સૌથી વધુ સંખ્યામાં મૃતકો જોવા મળ્યા હતા અને ઘાયલ થયેલા ૧૦૦થી વધુ લોકોમાંથી મોટાભાગના લોકોને ગોળી વાગી હતી.

અલ-અક્સા શહીદ હૉસ્પિટલના અધિકારીઓએ જણાવ્યું હતું કે મધ્ય ગાઝાના દીર અલ-બલામાં હવાઈ હુમલામાં ચાર બાળકો સહિત ૧૩ લોકો માર્યા ગયા હતા. દક્ષિણમાં ખાન યુનિસમાં વધુ ૧૫ લોકો માર્યા ગયા હતા. નાસેર હોસ્પિટલના જણાવ્યા અનુસાર ઇઝરાયલી સૈન્યએ ટિપ્પણી માટેની વિનંતીનો તાત્કાલિક જવાબ આપ્યો ન હતો. શનિવારે સાંજે ઉત્તર ગાઝાના બેત હનૂન વિસ્તારમાં હવાઈ હુમલા ચાલુ રહ્યા હતા.

ઇઝરાયલે ફરી એકવાર યુદ્ધવિરામ કરારની તરફેણ કરી હતી. ભૂતપૂર્વ બંધક એલી શરાબીએ ઇઝરાયલી નેતાઓ વિશે કહ્યું હતું કે અહંકાર આપણા પર આ આફત લાવ્યો છે. કિશોરનો ભોજન લેવાનો પહેલો પ્રયાસ મૃત્યુમાં પૂર્ણ થયો હતો. ૨૧ મહિનાના યુદ્ધને કારણે ગાઝાની ૨૦ લાખથી વધુ વસ્તી બહારની સહાય પર નિર્ભર રહી છે, જ્યારે ખાદ્ય સુરક્ષા નિષ્ણાતો દુષ્કાળની ચેતવણી આપી રહ્યા છે. માર્ચમાં યુદ્ધવિરામ સમાપ્ત કર્યા પછી ઇઝરાયલે સહાયને અવરોધી હતી અને બાદમાં તેના પર પ્રતિબંધ મૂક્યો હતો.

રાફા નજીક ગોળીબાર પછી રેડ ક્રોસે કહ્યું હતું કે બધા લોકો ખોરાક વિતરણ સ્થળો સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહ્યા હતા. ઇઝરાયલી સૈન્યએ કહ્યું કે તેણે શંકાસ્પદ વર્તન કરતા લોકો પર ચેતવણી માટે ફાયરિંગ કર્યું છે જેથી તેઓ નજીક ના આવે. તેણે કહ્યું હતું કે કોઈ જાનહાનિ નોંધાઈ નથી. ગાઝા હ્યુમેનિટેરિયન ફાઉન્ડેશને કહ્યું કે તેના વિતરણ કેન્દ્રો નજીક કોઈ ઘટના બની નથી. અબ્દુલ્લા અલ-હદ્દાદે કહ્યું હતું કે તે રફાહના પશ્ચિમમાં શાકૌશ વિસ્તાર નજીક સહાય વિતરણ સ્થળથી ૨૦૦ મીટર દૂર હતા ત્યારે એક ઇઝરાયલી ટેન્કે પેલેસ્ટિનિયનોના ટોળા પર ગોળીબાર કર્યો હતો. ■

# મુંબઈમાં મતદારોની સંખ્યા વધીઃ આઠ વર્ષમાં દસ લાખનો વધારો

મુંબઈઃ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ ટૂંક સમયમાં જાહેર થવાની શક્યતા છે અને આ માટે મતદાર યાદીઓ અપડેટ કરવાનું કામ ચાલી રહ્યું છે. મુંબઈ મહાનગરપાલિકાનો કાર્યકાળ પૂરો થયાને લગભગ સાડા ત્રણ વર્ષ થઈ ગયા છે અને મ્યુનિસિપલ ચૂંટણીઓને પણ આઠ વર્ષ થઈ ગયા છે. આ આઠ વર્ષમાં મુંબઈમાં મતદારોની સંખ્યામાં દસ લાખનો વધારો થયો છે.

મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની છેલ્લા ચૂંટણી ફેબ્રુઆરી ૨૦૧૭માં યોજાઈ હતી. મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીઓ યોજાયાને સાડા આઠ વર્ષ થઈ ગયા છે. આ સાડા આઠ વર્ષમાં મુંબઈની વસ્તીમાં નોંધપાત્ર વધારો થયો છે. જેના કારણે મતદારોની સંખ્યામાં પણ વધારો થયો છે. ૨૦૧૭ની મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી દરમિયાન મતદારોની સંખ્યા લગભગ ૯૧ લાખ હતી. વિધાનસભાની ચૂંટણી દરમિયાન મતદારોની સંખ્યા ૧.૨ કરોડ સુધી પહોંચી ગઈ.

ઉલ્લેખનીય છે કે, ૨૦૨૩ની લોકસભા ચૂંટણી પછી, મુંબઈ શહેરમાં મતદારોની સંખ્યામાં ૫૩,૩૭૨ અને મુંબઈ ઉપનગરોમાં ૨,૩૭,૭૧૫નો વધારો થયો, જે કુલ ૨,૯૧,૦૮૭ થયા. આ આંકડાઓ અનુસાર છેલ્લા આઠ વર્ષમાં મતદારોની સંખ્યામાં લગભગ દસથી સાડા દસ લાખનો વધારો થયો છે. ■



**આધુનિકરણઃ** પનવેલ મહાનગરપાલિકા દ્વારા કામોઠેમાં હાઈ-ટેક બસ સ્ટોપ બેસાડવામાં આવ્યા છે. આ બસ સ્ટોપ પર રાતના સમયે સોલાર સિસ્ટમ દ્વારા લાઈટિંગ કરવામાં આવશે. (અમય ખરાડે)

# સ્પાઈસ જેટની ફ્લાઈટ મોડી પડીઃ પ્રવાસીઓએ કર્યું વિરોધ પ્રદર્શન

મુંબઈ : ટ્રેનો મોડી પડવાનું, અને તેને કારણે રેલવે સ્ટેશનો પર થતી અંધાધૂંધીના દૃશ્યો મુંબઈગરાં માટે લગભગ રોજના કહી શકાય તેવા છે. પરંતુ ઘણી વખત ફ્લાઇટ મોડી પડવાના કારણે એરપોર્ટ પર પણ આવા દૃશ્યો સર્જાતા જોવા મળે છે. મુંબઈ એરપોર્ટ પર પણ આવા દૃશ્યો જોવા મળ્યા જ્યારે મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર સ્પાઈસજેટની દુબઈ જતી ફ્લાઇટ ૧૦ કલાકથી વધુ મોડી પડતા મુસાફરોએ અંધાધૂંધી અને હતાશાનો સામનો કરવો પડ્યો હતો, જેના કારણે ટર્મિનલની અંદર વિરોધ પ્રદર્શન શરૂ થયું હતું.

એરલાઇન દ્વારા મળેલી પ્રારંભિક જાણકારી મુજબ મૂળ ૧:૫૦ વાગ્યે ઉપડનારી ફ્લાઇટ ટેકનિકલ સમસ્યાઓના કારણે મોડી પડી હતી. જોકે કલાકો સુધી નવા સમય અંગે કોઈ વધુ સ્પષ્ટતા ન મળતાં મુસાફરોમાં ગુસ્સે થયા હતા. ઘણા મુસાફરોએ આરોપ લગાવ્યો હતો કે આટલા કલાકો રાહ જોવડાવ્યા બાદ પણ સ્પાઇસજેટ ખોરાક અને પાણી જેવી મૂળભૂત સુવિધાઓ પૂરી પાડવામાં નિષ્ફળ ગઈ હતી. ઘણાએ એરલાઇનના ગ્રાઉન્ડ સ્ટાફ તરફથી સંકલન અને સહાયના અભાવની પણ ફરિયાદ કરી હતી, જેના કારણે તેમની તકલીફમાં વધારો થયો હતો.

ધૂંધવાયેલા અને થાકેલા મુસાફરોએ એરપોર્ટ ટર્મિનલની અંદર વિરોધ પ્રદર્શન કર્યું. સોશિયલ મીડિયા પર ફરતા થયેલા વીડિયોમાં ગુસ્સે ભરાયેલા મુસાફરોના ટોળા સ્પાઇસજેટના અધિકારીઓ પાસેથી જવાબો અને જવાબદારીની માંગણી કરતા જોવા મળે છે. ■

# ભિવંડીમાં એક્સપાયરી પૂરી થયેલી વસ્તુઓનું રિપેકિંગ કરીને વેચતી ટોળકી ઝડપાઈ

મુંબઈઃ ઘરગથ્થુ અનાજ, કઠોળ કે સૂકા મેવા જેવા ખાદ્ય પદાર્થો સસ્તા ભાવે મળતા હોય એટલે લોકો સ્થાનિક બજારમાં લેબલ લગાવ્યા વિનાના પેકેટો વેચનારા પાસેથી ખરીદી કરતા હોય છે, પણ આવા ગ્રાહકોના આરોગ્ય સાથે ચેડાં થાય તેવો વિશ્વાસઘાત થતો હોય તેવી શક્યતા તરફ ઈશારો કરતો બનાવ સામે આવ્યો છે.

થાણે જિલ્લામાં એક્સપાયરી સમાપ્ત થયેલા ખાદ્યપદાર્થો અને ઘરગથ્થુ વસ્તુઓ કથિત રીતે રિપેકિંગ કરીને વેચવાના કૌભાંડનો પર્દાફાશ થયો છે. આ બાબતે પોલીસે એક રિસાયક્લિંગ કંપનીના બે માણસોની ધરપકડ કરી હોવાનું રવિવારે જણાવ્યું હતું. થાણે શહેર પોલીસે ૯ અને ૧૦ જુલાઈના રોજ શિલ-દૈઘરના દહિસર વિસ્તારમાં બે ગોડાઉન પર છાપા માર્યા બાદ ધરપકડ કરવામાં આવી હતી. અધિકારીઓએ લગભગ ૨૦૦ ટન એક્સપાયર થયેલા ઉત્પાદનો જપ્ત કર્યા હતા જે મૂળ રીતે એક ઈ-કોમર્સ કંપની દ્વારા સુરક્ષિત નિકાલ માટે મોકલવામાં આવ્યા હતા.

આરોપીઓ મોહમ્મદ ઇરફાન મોહમ્મદ મુનીર ચૌધરી (૪૧) અને મોહમ્મદ અકરમ મોહમ્મદ ઇસ્માઇલ શેખ (૫૮) ભિવંડી સ્થિત એક રિસાયક્લિંગ અને વેસ્ટ મેનેજમેન્ટ ફર્મમાં ભાગીદાર છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ બંને વ્યક્તિઓ અનાજ, કઠોળ, લોટ, ખાંડ, ચોખા અને સૂકા મેવા જેવી સમયસીમા સમાપ્ત થઈ ગયેલી ખાદ્ય ચીજો, તેમજ ટોઇલેટ ક્લિનર, સેનિટરી પેડ્સ, સાબુ અને વોશિંગ પાવડર સહિત ઘરગથ્થુ સામાનનું ફરીથી પેકિંગ કરતા હતા. લેબલ જાણી જોઈને દૂર કરવામાં આવ્યા હતા, અને સ્થાનિક બજારોમાં ફરીથી વેચાણ માટે પ્લાસ્ટિક અને ગની બેગમાં વસ્તુઓ ફરીથી પેક કરવામાં આવી હતી.

માલનો તેના હેતુ મુજબ ક્યારેય નાશ કરવામાં આવ્યો નહોતો. તેના બદલે, તેને ભિવંડી અને નજીકના વિસ્તારોમાં પુનઃવિતરણ માટે સંગ્રહિત કરવામાં આવ્યો હતો,એમ એક અધિકારીએ જણાવ્યું હતું. બંને પર ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૮(૪) (છેતરપિંડી), ૩૩૬(૨) (બનાવટ) અને ૩૪૦(૨) (બનાવટી દસ્તાવેજો અથવા રેકોર્ડનો અસલી તરીકે ઉપયોગ) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. ■

**રાજ્યસભામાં નોમિનેટ**

# ફડણવીસે ઉજ્જવલ નિકમને અભિનંદન આપ્યા



નાગપુરઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રવિવારે પ્રખ્યાત વકીલ ઉજ્જવલ નિકમને રાજ્યસભામાં નોમિનેટ થવા બદલ અભિનંદન આપ્યા હતા અને આતંકવાદીઓ અને દેશના દુશ્મનો સામેના કેસ લડવામાં તેમના યોગદાનની પ્રશંસા કરી હતી.

નિકમ ૨૬/૧૧ મુંબઈ આતંકવાદી હુમલાના કેસમાં વિશેષ સરકારી વકીલ હતા.

ફડણવીસે નાગપુરમાં પત્રકારોને જણાવ્યું હતું કે, 'મને ખૂબ આનંદ છે કે દેશના દુશ્મનો સામે કોર્ટમાં કેસ લડનારા અને જેમના પ્રયાસોથી ઘણા આતંકવાદીઓ અને ગુનેગારોને સજા થઈ હતી તેવા પ્રખ્યાત વકીલને રાજ્યસભા માટે નોમિનેટ કરવામાં આવ્યા છે.'

'હું રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માનું છું. આ દર્શાવે છે કે વડા પ્રધાન હંમેશા રાષ્ટ્રવાદીઓની પડખે ઉભા રહે છે,' એમ તેમણે કહ્યું હતું.

ભાજપે નિકમને મુંબઈ ઉત્તર-મધ્ય બેઠક પરથી ૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે પક્ષના ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતાર્યા હતા, પરંતુ તેઓ કોંગ્રેસના વર્ષા ગાયકવાડ સામે હારી ગયા હતા.■

# ભાયંદરમાં યુવકની હત્યા કરી ફરાર થયેલો આરોપી ૧૩ વર્ષ બાદ બિહારથી ઝડપાયો

મુંબઈઃ ભાયંદરમાં ચાકુના ઘા ઝીંકીને યુવકની હત્યા કર્યા બાદ ફરાર થયેલા આરોપીને ક્રાઇમ બ્રાન્ચે ૧૩ વર્ષ બાદ બિહારથી ઝડપી પાડ્યો હતો. આરોપીની ઓળખ બંગાલી ઉર્ફે મહાનંદ મિસ્ત્રી તરીકે થઇ હોઇ તે ગુનો આચર્યા બાદ દિલ્હી, પટના, બિહાર તેમ જ નેપાળમાં છુપાતો ફરતો હતો, એમ પોલીસે જણાવ્યું હતું.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર ભાયંદર પૂર્વમાં બી.પી. ક્રોસ રોડ નંબર-૩ પરના કાશિબાઇ ઇન્ડસ્ટ્રીયલ ખાતે ગાળામાં ૬ ઑગસ્ટ, ૨૦૧૨ના રોજ હત્યાની ઘટના બની હતી. આરોપી બંગાલી અને મૃતક વિનોદ પ્રભુ ગુપ્તા વચ્ચે કોઇ બાબતે ઝઘડો થયો હતો, જેને કારણે આરોપીના મનમાં તેના પ્રત્યે રોષ હતો.

બંને જણ ગાળા નંબર-૨ ૩માં રહેતા હતા અને ઘટનાને દિવસે રહેવા અને જમવાને મુદ્દે બંને વચ્ચે ઝઘડો થતાં ઉશ્કેરાયેલા બંગાળીએ વિનોદ ગુપ્તા પર ચાકુના ઘા ઝીંકીને તેને મોતને ઘાટ ઉતાર્યો હતો. બાદમાં તે ફરાર થઇ ગયો હતો. નવઘર પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને આરોપીની શોધ ચલાવાઇ રહી હતી. આરોપી બિહારનો વતની હોવાથી પોલીસ તેની શોધમાં ત્યાં ગઇ હતી, પણ તે મળ્યો નહોતો.

આરોપી ગુનો આચર્યા બાદ દિલ્હી, પટના, બિહાર અને નેપાળમાં ગયો હતો અને નામ બદલીને ત્યાં રહ્યો હતો. આખરે ૧૩ વર્ષ બાદ ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૧ (કાશીમીરા)ના અધિકારીઓએ તેને બિહારના નરકટીયાગંજ બસ સ્ટેન્ડ ખાતેથી પકડી પાડ્યો હતો. ■



**સુરક્ષાર્થેઃ** દર રવિવારની જેમ આ રવિવારે પણ મધ્ય રેલવેની હાર્બર લાઈનમાં વાશી-કુર્લા વચ્ચે બ્લોક દરમિયાન વિવિધ સમારકામ હાથ ધરવામાં આવ્યા હતા. બ્લોકને કારણે પ્રવાસીઓને હાલાકી પડી હતી. (અમય ખરાડે)

# વિક્રોલીમાં પોલીસ કોન્સ્ટેબલે ઘરમાં સાડીથી ગળાફાંસો ખાધો

મુંબઈઃ વિક્રોલીમાં ૫૬ વર્ષના પોલીસ કોન્સ્ટેબલે રવિવારે સવારે પોતાના નિવાસસ્થાને સાડીથી ગળાફાંસો ખાઇ જીવનનો અંત આણ્યો હતો.

કોન્સ્ટેબલની ઓળખ શંકર ભિકાજી સોલસે તરીકે થઇ હોઇ તે વિક્રોલીના પાર્કસાઇટ વિસ્તારમાં પરિવાર સાથે રહેતો હતો.

વિક્રોલી ટ્રાફિક વિભાગમાં કાર્યરત શંકર સોલસે શનિવારે રાતે ઘરમાં સૂઇ રહ્યો હતો, એમ તેની પત્ની રંજનાએ પોલીસને જણાવ્યું હતું.

રંજના રવિવારે સવારે ૮.૩૦ વાગ્યે જાગી ત્યારે શંકર ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. તેણે ઘરમાં લોખંડની સીડી સાથે સાડી બાંધીને ગળાફાંસો ખાધો હતો. શંકરને તાત્કાલિક હોસ્પિટલમાં લઇ જવાયો હતો, જ્યાં તેને મૃત ઘોષિત કરવામાં આવ્યો હતો.

દરમિયાન બનાવની જાણ થતાં પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને તપાસ આદરી હતી.

આ પ્રકરણે એડીઆર દાખલ કરવામાં આવ્યો હોઇ શંકરે ભરેલા અંતિમ પગલા પાછળનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■


સ્મરણાંજલિ



પ્રા. ડોક્ટર નીતા રામૈયા

આગમન - 14 / 07 / 1941 વિદાય - 12 / 10 / 2024

સરવાળો સત્કર્મનો, ગુણનો ગુણાકાર
બાદબાકી બુરાઈની, ભ્રમનો ભાગાકાર

પ્રાધ્યાપક, કવયિત્રી, પ્રેમાળ અનુશાસનપ્રિય વ્યક્તિત્વ,
અમે તમારા પગલે ચાલવાનો પ્રયત્ન કરીએ છીએ
અમે તમારી સતત હાજરી અનુભવીએ છીએ
તમે જે કાંઈ કર્યું એ બદલ, એ બધા માટે તમારો ઋણસ્વીકાર

સ્વ.શાર્દૂલનું સ્મૃતિ સ્મરણ

રામૈયા પરિવાર
( પ્રમોદ, શર્વિલ, શ્વેતલ )

+91 9833658374
sharvilramaiyawork1@gmail.com


# થાણેમાં વાહને સ્કૂટરને અડફેટમાં લેતાં મહિલાનું મોત

થાણેઃ થાણેમાં અજાણ્યા વાહને સ્કૂટરને અડફેટમાં લેતાં ૨૧ વર્ષની મહિલાનું મૃત્યુ થયું હતું, એમ ટ્રાફિક પોલીસે જણાવ્યું હતું.

થાણેના નાગલા બંદર ખાતે શનિવારે રાતના ૧૦ વાગ્યે આ ઘટના બની હતી, જેમાં મૃત્યુ પામેલી મહિલાની ઓળખ ગઝલ તુતેજા તરીકે થઇ હતી.

થાણેના ઘોડબંદર રોડ ખાતે રહેતી ગઝલ સ્કૂટર પર જઇ રહી હતી ત્યારે પાછળી આવી રહેલા વાહને તેના સ્કૂટરને ટક્કર મારી હતી.

આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલી મહિલાનું ઘટનાસ્થળે જ મોત થયું હતું અને તેના મૃતદેહને બાદમાં પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો.

કાસારવડવલી પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને અકસ્માત બાદ ફરાર થયેલા વાહનચાલકની શોધ ચલાવાઇ હતી. (પીટીઆઇ)■

# શાળાના મિત્રે દુષ્કર્મ કરતાં સગીરા ગર્ભવતી બનીઃ સગીર વિરુદ્ધ ગુનો

થાણેઃ ભિવંડીમાં ૧૪ વર્ષની કિશોરી સાથે તેના જ શાળાના મિત્રે દુષ્કર્મ કર્યું હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. કિશોરી ગર્ભવતી હોવાની જાણ થતાં પોલીસે ૧૪ વર્ષના સગીર વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. પોલીસ ફરિયાદ અનુસાર સગીર અને સગીરા એક જ પરિસરમાં રહે છે અને એક જ શાળામાં ભણે છે. ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે ઘટના મે મહિનામાં બની હતી. આરોપીએ સગીરાને પોતાના ઘરે બોલાવી હતી અને પછી તેની સાથે દુષ્કર્મ કર્યું હતું. તાજેતરમાં સગીરા ગર્ભવતી હોવાની જાણ થઈ હતી. આ પ્રકરણે ફરિયાદને આધારે પોલીસે ગુરુવારે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો તેમ જ પોક્સો ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. પોલીસ વધુ તપાસ કરી રહી છે. (પીટીઆઈ)■

# સગીરા અને તેના પિતાએ આરોપ પાછા ખેંચ્યાઃ બળાત્કારના કેસમાં યુવક નિર્દોષ

થાણેઃ ૨૦૨૦માં સગીરાનું અપહરણ અને તેના પર બળાત્કાર ગુજારવાના આરોપનો સામનો કરી રહેલા યુવકને થાણેની કોર્ટે નિર્દોષ જાહેર કર્યો હતો, કારણ કે પીડિતાએ સ્વીકાર કર્યો હતો કે તેમની વચ્ચે સહમતીથી સંબંધ બંધાયા હતા અને તેના પિતાએ પણ કહ્યું હતું કે યુવક સામે તેમની કોઇ ફરિયાદ નથી.

પીડિતાએ આરોપી સાથે લગ્ન કર્યાં હતાં અને તેમને બે સંતાન છે, એમ વિશેષ પોક્સો કોર્ટના જજ ડી.એસ. દેશમુખે ૯ જુલાઇએ આપેલા પોતાના આદેશમાં નોંધ્યું છે.

ભાયંદરમાં રહેતી સગીરાનું ૨ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ અપહરણ કરવા અને તેના પર બળાત્કાર ગુજારવાનો પચીસ વર્ષના યુવક પર આરોપ હતો, જે ઝારખંડનો વતની છે.

સગીરાના પિતાએ ૪ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ ભાયંદર પોલીસ સ્ટેશનમાં તેની પુત્રીની મિસિંગ ફરિયાદ નોંધાવી હતી, જેમાં જણાવ્યું હતું કે તેની પંદર વર્ષની પુત્રી ઘરેથી નીકળ્યા બાદ પાછી ફરી નથી.

દરમિયાન યુવક સામે ભારતીય દંડસંહિતા અને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ફોરેન્સીસ (પોક્સો) એક્ટ હેઠળ ગુનો દાખલ કરાયો હતો. જોકે સુનાવણી દરમિયાન પીડિતા અને તેના પિતા દ્વારા પોલીસના અગાઉના રિપોર્ટથી વિરોધાભાસી વલણ અપનાવ્યું હતું.

જજે નોંધ્યું હતું કે ફરિયાદ પક્ષના સાક્ષીદારે (પીડિતાના પિતા) કબૂલ્યું હતું કે પીડિતા પોતાની મરજીથી આરોપી સાથે ભાગી છૂટી હતી. બંને વચ્ચે પ્રેમસંબંધ હતો અને આરોપીએ પીડિતા સાથે શારીરિક સંબંધ બાંધવા માટે દબાણ કર્યું નહોતું.

સાક્ષીદારે કબૂલ્યું હતું કે આરોપી અને પીડિતા પતિ-પત્ની છે અને તેમને બે સંતાન છે. આરોપી સામે તેની કોઇ ફરિયાદ નથી.

કોર્ટે નોંધ્યું હતું કે આરોપી સાથે પીડિતા લગ્ન કરવા માગતી હતી અને ૨ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ બાથરૂમ જવાને બહાને તે ઘરેથી નીકળી હતી અને આરોપીને મળી હતી. બાદમાં બંને જણ પટના જતા રહ્યાં હતાં, જ્યાં તેમણે લગ્ન કર્યાં હતાં અને સહમતીથી તેમની વચ્ચે શારીરિક સંબંધ બંધાયા હતા. (પીટીઆઇ)■

# સિંધુદુર્ગમાં ભારે વરસાદ

**૧૬ સિંચાઇ પ્રોજેક્ટ ઓવરફ્લો, ૭ જળાશયમાં ૮૦ ટકાથી વધુ પાણીનો સંગ્રહ**

સાવંતવાડીઃ સિંધુદુર્ગ જિલ્લામાં ભારે વરસાદને કારણે આ વર્ષે પાણીની અછતની ચિંતા દૂર થઈ ગઇ છે. જિલ્લાના કુલ ૪૨ સિંચાઈ પ્રોજેક્ટ્સમાંથી ૧૬ પ્રોજેક્ટ્સ ૧૦૦ ટકા ભરાઈ ગયા છે, જ્યારે અન્ય સાત પ્રોજેક્ટ્સમાં ૮૦ ટકાથી વધુ પાણીનો સંગ્રહ છે. કેટલાક પ્રોજેક્ટ્સ સમારકામ હેઠળ હોવાથી, તે હજુ સુધી તેમની સંપૂર્ણ ક્ષમતા સુધી પહોંચ્યા નથી.

આ વર્ષે જિલ્લામાં ૮ મે થી શરૂ થયેલો વરસાદ ૧૬ મેથી વધ્યો હતો. પછી, ૨૬ અને ૨૭ મેથી ડેમ વિસ્તારની નદીઓ પૂરજોશમાં વહેવા લાગી. આ કારણે, મે મહિનામાં જ ઘણા પ્રોજેક્ટ્સમાં પાણીનો સંગ્રહ શરૂ થયો. જૂનના પહેલા અઠવાડિયામાં વરસાદ ઓછો હોવા છતાં જૂનના અંતમાં અને જુલાઈના પહેલા અઠવાડિયામાં ફરી ભારે વરસાદને કારણે પ્રોજેક્ટ્સમાં પાણીનો સારો સંગ્રહ થયો છે.

જિલ્લામાં હાલમાં ઉપયોગી પાણીની ટકાવારી ૯૩.૮૫ ટકા છે. કંકાવલીના ડેંડોનવાડી પ્રોજેક્ટમાં ફક્ત ૧૦.૨૪ ટકા પાણીનો સંગ્રહ છે, કારણ કે સ્થાનિક લોકો પાસે તેનો વૈકલ્પિક માર્ગ નથી. આ ઉપરાંત સાત પ્રોજેક્ટ્સમાં ૮૦ ટકાથી વધુ પાણીનો સંગ્રહ છે. જિલ્લામાં ઉપલબ્ધ પ્રોજેક્ટ્સમાં ઉપયોગી પાણીની ટકાવારી હવે ૬૮.૪૧ ટકા સુધી પહોંચી ગઈ છે. આ સંતોષકારક પાણી સંગ્રહ જિલ્લાની કૃષિ અને પીવાના પાણીની સમસ્યાઓને મોટા પ્રમાણમાં હલ કરવામાં મદદ કરશે. ■

# પુણેમાં ત્રણ વર્ષમાં શ્વાન કરડવાના ૬૫,000 કેસ

મુંબઈઃ પુણે શહેરમાં છેલ્લા ત્રણ વર્ષમાં શ્વાન દ્વારા કરડવાના ૬૫,૦૦૦થી વધુ કેસ નોંધાયા છે અને છેલ્લા ત્રણ વર્ષમાં એક લાખથી વધુ શ્વાનનું વંધ્યીકરણ કરવામાં આવ્યું હોવાનું રાજ્યના પ્રધાન ઉદય સામંતે શુક્રવારે વિધાન પરિષદમાં જણાવ્યું હતું.

ગુરુવારે ભાજપના સભ્ય અમિત ગોરખેએ વિધાન પરિષદમાં પુણે અને પિંપરી-ચિંચવડમાં રખડતા શ્વાન લોકોમાં ડર વધી રહ્યો છે અને તેની સાથે કામ કરતી ઍજન્સીને લગતો મુદ્દો ઉઠાવ્યો હતા. તેનો જવાબ આપતા ઉદય સામંતે જણાવ્યું હતું કે ૨૦૦૨માં પુણેમાં શ્વાન કરડવાના ૧૬,૫૬૯ કેસ નોંધાયા હતા. તો ૨૦૨૩ની સાલમાં ૨૨,૯૪૫ અને ૨૦૨૪માં ૨૫,૮૯૯ કેસ નોંધાયા હતા. પુણે મહાનગરપાલિકા વિસ્તારમાં ૨૦૨૨-૨૩માં ૯,૬૬૩, ૨૦૨૩-૨૪માં ૨૬,૦૦૦ તો ૨૦૨૪-૨૫માં ૫૬,૫૧૧ શ્વાનનું વંધ્યીકરણ કરવામાં આવ્યું હોવાની માહિતી તેમણે વિધાનપરિષદમાં આપી હતી.

રાજ્યમાં રખડતા શ્વાનના નાગરિકોને કરડવાના બનાવ વધી રહ્યા છે ત્યારે શ્વાનની વસતીને નિયંત્રણમાં લાવવા માટે કેન્દ્ર સરકારની ગાઈડલાઈન અને સુપ્રીમ કોર્ટના ચુકાદાને ધ્યાનમાં રાખીને પગલા લેવાં આવી રહ્યા છે, તે મુજબ વંધ્યીકરણ કરવા તેમ જ રેબિઝ વિરોધી રસી આપવા પર રાજ્યમાં વિશેષ ઝુંબેશ હાથ ધરવાનો નિર્ણય રાજ્ય સરકારે લીધો હોવાનું તેમણે જણાવ્યું હતું. એ સાથે જ મુંબઈના ધોરણની માફક જ પાળેલા શ્વાન માટે લાઈસન્સ લેવાનો નિયમ સમગ્ર રાજ્યમાં અમલમાં લાવવા માટે રાજ્ય સરકાર વિચાર કરી રહી હોવાનું પણ તેમણે વિધાન પરિષદમાં કહ્યું હતું. ■


બાલાસિનોર દશાનીમા વણિક મરણ

પ્રાર્થના સભા



સ્વ. સરલાબેન નવનીતલાલ દેસાઈ (દેડકી)
(ઉં. વ. ૯૩)
સ્વ. નવનીતલાલ ઓચ્છવલાલ દેસાઈના ધર્મપત્ની.
મીતા, સ્વ. અશીત, સ્વ. બેલાની માતાશ્રી.
સ્મીતા, નુકુંજકુમાર તથા પંકજકુમારના સાસુ.
પુત્ર વિરેન્દ્ર ગાંધી અને વહુ આશા ગાંધી
ચીંતન, પૂજા, નીપા, તેજસની દાદી. સિધીકા અને
વિકાશની વડસાસુ. પૌત્ર અલવીરા, ઝેડન, વીર, ઝારા.
તા. ૧૧.૦૭.૨૦૨૫ના રોજ શ્રી જીચરણ પામ્યા છે.

પ્રાર્થના સભાઃ
મંગળવાર, તા. ૧૫-૦૭-૨૦૨૫
સ્થળઃ ભારતીય વિદ્યાભવન, ચોપાટી
સમયઃ સાંજે ૫ થી ૭ કલાકે
બારમા તથા તેરમાની લૌકિક પ્રથા બંધ છે.

# ભિવંડીમાં ૧૪ વર્ષનો કિશોર નદીમાં ડૂબી ગયો

થાણે:ભિવંડી જિલ્લાના શેલાર ગામમાં આવેલી કામવારી નદીમાં મિત્રો સાથે તરવા ગયેલા ૧૪ વર્ષના કિશોરનું ડૂબી જવાથી મૃત્યુ થયું હોવાનો બનાવ નોંધાયો હતો.

ભિવંડી-નિઝામુર ફાયરબ્રિગેડના અધિકારીના જણાવ્યા મુજબ ભિવંડીમાં રહેતો સુરજ તિવારી બે દિવસથી તેના ઘરેથી ગાયબ હતો. તેના પરિવારે ભિવંડી તાલુકા પોલીસ સ્ટેશનમાં તેના મિસીંગની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તપાસ દરમ્યાન તેના મિત્રોની પૂછપરછ કરી હતી.

મિત્રોએ તપાસ દરમ્યાન પોલીસને જણાવ્યું હતું કે તેઓઓ શેલાર ગામમાં આવેલી કામવારી નદીમાં તરવા ગયા હતા એ દરમ્યાન સુરજ પાણીમાં ડૂબી ગયો હતો. એ બાદ ફાયરબ્રિગેડ અને પોલીસે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. ■

# શું લાડકી બહિણ યોજના મહાયુતિ સરકાર માટે માથાનો દુખાવો: કેબિનેટ પ્રધાનનું નિવેદન ચર્ચામાં

મુંબઈ: મુખ્ય પ્રધાનની લાડકી બહિણ યોજના મહાયુતિ માટે સત્તામાં પાછા ફરવા માટે ગેમ-ચેન્જર બની હતી. જોકે, વારંવાર એવા આરોપો લગાવવામાં આવી રહ્યા છે કે ઘણા વિકાસ કાર્યો અને વિવિધ વિભાગોના ભંડોળ આ યોજના માટે વાળવામાં આવ્યા છે. હવે એનસીપીના અજિત પવાર જૂથના એક વિધાનસભ્યએ કહ્યું કે લાડકી બહિણ યોજના વિકાસ ભંડોળમાં વિલંબનું કારણ બની રહી છે. આ કારણે આ યોજનાને લઈને રાજકીય વર્તુળોમાં ફરી એકવાર આક્ષેપો અને પ્રતિઆક્ષેપો શરૂ થયા છે.

કેબિનેટ પ્રધાન દત્તાત્રેય ભરણેએ તાજેતરમાં ઇન્દાપુરમાં ચેક વિતરણ કાર્યક્રમમાં ઇન્દાપુર તાલુકાના વિકાસ કાર્યો અને તેના માટે મળેલા વિકાસ ભંડોળ અંગે વિગતવાર ટિપ્પણી કરતા કહ્યું હતું કે વિકાસ ભંડોળ મળવામાં વિલંબ પાછળ લાડકી બહિણ યોજના કારણભૂત છે. તેમના આ નિવેદનને કારણે રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી ગયો છે.

ભરણેએ કહ્યું કે, હું મુંબઈ, પુણે કે ક્યાંય પણ હોઉં, હું એ જાણવાનો પ્રયાસ કરી રહ્યો છું કે ઇન્દાપુર તાલુકાને તેમાંથી મહત્તમ ભંડોળ કેવી રીતે મળી શકે. આજે, લાડકી બહિણ યોજનાને કારણે, ભંડોળ આવવામાં થોડો વિલંબ થઈ રહ્યો છે, પરંતુ બધું ધીમે ધીમે પાટા પર આવી રહ્યું છે.

થોડા મહિના પહેલા શરૂ થયેલી આ યોજના સરકારી તિજોરી પર દબાણ લાવી રહી હોવાની ચર્ચા હતી. ઉપરાંત, રાજકીય વર્તુળોમાં એવી પણ ચર્ચા હતી કે આનાથી અન્ય વિકાસ કાર્યો માટે ભંડોળ ફાળવવામાં વિલંબ થઈ રહ્યો છે. ■

છેલ્લા પાનાનું ચાલુ

## મરાઠી વિરોધી ટિપ્પણી

મળે છે. કાર્યકરોમાં મહિલાઓનો પણ સમાવેશ હતો.

બાદમાં તેને એક પુરુષ અને તેની બહેનની જાહેરમાં માફી માગવા માટે કહેવામાં આવે છે, જેમની સાથે તેણે અગાઉ દુર્વ્યવહાર કર્યો હતો. ઉપરાંત રાજ્ય, તેના ભાષાકીય તથા સાંસ્કૃતિ વારસાનું ‘અપમાન’ કરવા બદલ પણ માફી માગવાનું કહેવામાં આવે છે. શિવસેના (યુબીટી)ના વિરાર શહેર પ્રમુખ ઉદય જાધવે (જે ઘટનાસ્થળે હાજર હતા) પાછળથી આ કાર્યવાહીની યોગ્ય ઠેરવી હતી.

‘જો કોઇ મરાઠી ભાષા, મહારાષ્ટ્ર અથવા મરાઠી લોકોનું અપમાન કરવાની હિંમત કરશે તો તેને સાચી શિવસેના સ્ટાઇલમાં જવાબ આપવામાં આવશે. અમે ચૂપ નહીં બેસીશું, એમ પણ જાધવે જણાવ્યું હતું.

‘ડ્રાઇવર મહારાષ્ટ્ર અને મરાઠી માણુસ માટે ખરાબ બોલી રહ્યો હતો અને તેને યોગ્ય પાઠ ભણાવવામાં આવ્યો હતો. અમે તેને રાજ્યના લોકો અને જેમને તેણે નારાજ કર્યા હતા તેમની માફી માગવા કહ્યું હતું,’ એમ તેમણે જણાવ્યું હતું.

પોલીસ અધિકારીએ પુષ્ટિ આપી હતી કે શનિવારે આ ઘટના બની હતી, પણ અત્યાર સુધી કોઇ ઔપચારિક ફરિયાદી નોંધાઇ ન હોવાનું કહ્યું હતું.

‘અમે વીડિયો જોયો હતો અને સચ્ચાઇની તપાસ કરી રહ્યા છીએ. બંને પક્ષ તરફથી અમને કોઇ ફરિયાદ મળી નથી,’ એમ અધિકારીએ જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે મરાઠી ન બોલાવા બદલ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના કાર્યકરોએ ભાયંદરમાં ૧ જુલાઇએ ફૂડ સ્ટોલના માલિકની મારપીટ કરી હતી. બાદમાં એ વિસ્તારના વેપારીઓ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. (પીટીઆઇ)■

## ‘ચીઅર્સ’

આબકારી વિભાગના દરેક વહીવટી વિભાગમાં વિદેશી દારૂના ઉત્પાદન માટે લાઇસન્સ જારી કરશે. વિદેશી દારૂ ઉત્પાદન (એફએલટુ) લાઇસન્સ માટે અજિત પવારની અધ્યક્ષપદે સમિતિ નીમવામાં આવતા આશ્ચર્ય વ્યક્ત કરવામાં આવી રહ્યું છે. તેનું કારણ એ છે કે અજિત પવારના નિકટના સંબંધીઓ આ જ વ્યવસાયમાં સંકળાયેલા છે. બારામતીમાં એક મોટી દારૂની ફેક્ટરી છે. ત્યાંથી દારૂ ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકોના મતે તેમની અધ્યક્ષતામાં સમિતિની નિમણૂક કરવાનો અર્થ વ્યવસાયિક હિતો જાળવવાનું જોખમ નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યા છે.

રાજ્યને એક્સાઇઝ વિભાગ તરફથી ચોથી સૌથી વધુ મહેસૂલ (લગભગ રૂ. ૪૩,૦૦૦ કરોડ) મળે છે. ‘મુખ્યમંત્રી માઝી લાડકી બહિણ’ યોજનાના મોટા ખર્ચને કારણે આવક વધારવા માટે સરકાર નવા વિકલ્પો શોધી રહી છે. સરકારે એક્સાઇઝ આવક વધારવા માટે એક સમિતિની નિમણૂક કરી હતી. જો આ સમિતિ દ્વારા કરવામાં આવેલી ભલામણોનો અમલ કરવામાં આવે તો વિભાગની વાર્ષિક આવકમાં ૧૪,૦૦૦ કરોડ રૂપિયાનો વધારો થશે. સમિતિની ભલામણોના ભાગ રૂપે દારૂના વેચાણ માટે લાઇસન્સ જારી કરવામાં આવશે. રાજ્યમાં ૧૭૧૩ દારૂની દુકાનો છે. ૧૯૭૪ પછી આ પ્રકારના નવા લાઇસન્સ આપવાનું બંધ કરી દેવામાં આવ્યું હતું. ■

## મહારાષ્ટ્ર સુરક્ષા બિલ

બંધારણીય શાસનનો અંત લાવવા અને આ શહેરી કાર્યકરો દ્વારા અરાજકતા ફેલાવવાનું નક્કી કર્યું હતું,’ એમ તેમણે કહ્યું હતું.

‘બંદૂકો સાથે લડતા લોકોને જોઈ શકીએ છીએ, પરંતુ આ શહેરી (નક્સલ) કાર્યકરો અદ્રશ્ય છે અને ધીમે ધીમે સિસ્ટમને ભ્રષ્ટ કરી રહ્યા છે. તેથી, આ નવો કાયદો શહેરી નક્સલવાદ સામે મોટી કાર્યવાહી કરવામાં અમને મદદ કરશે,’ એમ મુખ્ય પ્રધાને કહ્યું હતું.

ફડણવીસે કહ્યું હતું કે ૧૨,૦૦૦થી વધુ સૂચનો પ્રાપ્ત થયા હતા જેને ધ્યાનમાં લેવામાં આવ્યા હતા અને જરૂરી ફેરફારો કરવામાં આવ્યા હતા, અને બંને ગૃહોમાં ચર્ચા પછી બિલને મંજૂરી આપવામાં આવી હતી.

‘જે લોકો બિલની વિરુદ્ધ બોલે છે તેઓ એક રીતે ડાબેરી ઉગ્રવાદની વિચારધારાને આગળ વધારવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ બિલે સરકાર સામે વિરોધ કરવાનો, બોલવાનો કે લખવાનો કોઈનો અધિકાર છીનવી લીધો નથી,’ એમ મુખ્ય પ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું.

દેશની કાનૂની વ્યવસ્થા અનન્ય પડકારોનો સામનો કરી રહી છે અને તેને સુધારવાની ખૂબ જ જરૂર છે એવા ભારતના મુખ્ય ન્યાયાધીશ ભૂષણ ગવઈના તાજેતરના નિવેદન વિશે પૂછવામાં આવતા ફડણવીસે કહ્યું હતું કે સીજેઆઈની ટિપ્પણીઓ એકદમ સાચી છે.

‘આપણી ફોજદારી ન્યાય વ્યવસ્થાને ઝડપી બનાવવાની જરૂર છે,’ એમ તેમણે કહ્યું હતું.

‘મને લાગે છે કે એક તરફ કાયદો છે, બીજી તરફ સિસ્ટમ છે, અને ત્રીજી બાજુ કોર્ટ છે. જ્યારે કોર્ટ ધીમે ધીમે તેને સ્વીકારશે ત્યારે ફોજદારી ન્યાય વ્યવસ્થા ઝડપી બનશે,’ એમ તેમણે ઉમેર્યું હતું. ■

## અધિવેશનમાં હું તેમને

આ અંગે પ્રતિક્રિયા આપી છે. અજિત પવાર રવિવારે પુણે જિલ્લામાં વિવિધ વિકાસ કાર્યો અને સમસ્યાઓની સમીક્ષા કરવા આવ્યા હતા. આ સમયે તેમને જયંત પાટીલના રાજીનામા વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું હતું કે, તેમના પક્ષમાં તેમણે શું કરવું જોઈએ, એ તેમનો અંગત વિષય છે.

શું જયંત પાટીલ તમારી સાથે આવશે? એવો સવાલ કરવામાં આવતાં અજિત પવારે કહ્યું હતું કે, જયંત પાટિલ એક વરિષ્ઠ નેતા છે. અમે ઘણા વર્ષો સાથે કામ કર્યું છે. જયંત પાટિલ, દિલીપ વળસે-પાટિલ, આર. આર. પાટીલ, અમે બધા ૯૦ના દાયકાના બેચના છીએ. અમે હવે વિધાનસભ્ય તરીકે અમારા આઠમા કાર્યકાળમાં છીએ. અમે ઘણા વર્ષો સાથે કામ કર્યું હોવાથી અમારો સંબંધ છે, પરંતુ એ વાત જાણીતી છે કે તેમની અને મારી રાજકીય ભૂમિકાઓ અલગ છે.

અજીત પવારે વધુમાં કહ્યું હતું કે, અમને તેમના રાજીનામાનું કારણ ખબર નથી અને અમને પૂછવાનો અધિકાર પણ નથી. જો અમે આવતા અઠવાડિયે સત્રમાં તેમને મળીશ, તો હું તેમને પૂછીશ. તેઓ છથી સાત વર્ષથી પ્રદેશ પ્રમુખ છે. તેથી, તેઓ અન્ય લોકોને તક આપીને રાષ્ટ્રીય સ્તરે જવાની ઈચ્છા ધરાવતા હોય એવું શક્ય છે.

શનિવારે દેવેન્દ્ર ફડણવીસને પણ જયંત પાટિલના રાજીનામા અંગે એક સવાલ કરવામાં આવ્યો ત્યારે તેમણે કહ્યું હતું કે, આ તેમની પાર્ટીનો આંતરિક મુદ્દો છે. રાજીનામું આપનારાઓને શુભેચ્છાઓ અને નવા પ્રદેશ પ્રમુખ બનનારાઓને શુભેચ્છાઓ. સારા કાર્ય માટે બધાને શુભેચ્છાઓ. ■



## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧) ક્રિશાનેદનું અધિકારી | ૨૯ | ૭૦,૦૦૦ |
| ૨) કાયેવા બીબી | ૪૩ | ૩૦,૦૦૦ |
| ૩) કાબિતા કુમાર દાસ | ૨૫ | ૮,૦૦,૦૦૦ |
| ૪) કમલ ઘોષ | ૫૧ | ૧,૫૦,૦૦૦ |
| ૫) કવિતા પ્રજાપતિ | ૨૦ | ૩૦,૦૦૦ |
| ૬) કાબિતા પંડિત દાસ | ૪૩ | ૧,૦૦,૦૦૦ |
| ૭) લવલી સુકુલ સહા | ૩૩ | ૫૦,૦૦૦ |
| ૮) લાલચંદ હળદર | ૬૬ | ૧,૭૫,૦૦૦ |
| ૯) લક્ષ્મી નાદર | ૪૩ | ૯૦,૦૦૦ |
| ૧૦) લક્ષ્મણ યાદવ | ૩૨ | ૨,૦૦,૦૦૦ |
| ૧૧) લક્ષ્મી રોય | ૩૮ | ૬૦,૦૦૦ |
| ૧૨) લક્ષ્મી હળદર સિંહ | ૪૭ | ૧,૫૦,૦૦૦ |
| ૧૩) લક્સષ્મી પોલ | ૩૪ | ૬૦,૦૦૦ |
| ૧૪) લાખન ડાલુઈ | ૪૯ | ૨,૦૦,૦૦૦ |
| ૧૫) લલિત યાદવ | ૬૮ | ૨,૫૦,૦૦૦ |
| ૧૬) લક્ષ્મી કુમારી | ૩૬ | ૨,૫૦,૦૦૦ |
| ૧૭) લાબનયા પ્રભુ બર્મન | ૫૯ | ૪૦,૦૦૦ |
| ૧૮) મોમતાજ બેગમ મોન્ડલ | ૪૩ | ૨૦,૦૦૦ |

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ સાયન હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧૯) કુવારબેન મેવાડા | ૫૭ | ૨૨,૦૦૦ |
| ૨૦) લક્ષ્મી દેવી શર્મા | ૫૪ | ૯૦,૦૦૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની ‘જીવન પ્રકાશ’ વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામું:- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફલેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

## મુંબઈ-પુણે મુસાફરીનું

૧.૭૫ કિમી લાંબી છે અને બીજી ૮.૯૨ કિમી લાંબી છે. ૮.૯૨ કિમી લાંબી ટનલ એશિયામાં પર્વત અને તળાવની નીચેથી પસાર થતી સૌથી પહોળી ટનલ છે.

આ ટનલ લોનાવાલા તળાવની લગભગ ૫૦૦થી ૬૦૦ ફૂટ નીચેથી જશે. ટનલની પહોળાઈ ૨૩.૭૫ મીટર છે. આ ટનલ પર કામ વિશ્વની સૌથી અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરીને કરવામાં આવી રહ્યું છે. મુસાફરો અને વાહનોની સલામતી માટે કાળજીપૂર્વક વિચારણા કરીને આ ટનલ બનાવવામાં આવી રહી છે. કટોકટીની સ્થિતિમાં, દર ૩૦૦ મીટરે બહાર નીકળવાના માર્ગો તૈયાર કરવામાં આવ્યા છે. ટનલની દિવાલને પાંચ-મીટર કવરથી ઢાંકવામાં આવશે અને તેના પર આગ-પ્રતિરોધક કોટિંગ લગાવવામાં આવશે.

આગ બુઝાવવા માટે એક અત્યાધુનિક સિસ્ટમ હશે. આ ટનલ, નવો કોરિડોર, ઘણા કારણોસર અનોખાં હશે. આ પ્રોજેક્ટ એન્જિનિયરિંગ કૌશલ્યનું ઉત્તમ ઉદાહરણ હોવાનું કહીને, મુખ્ય પ્રધાને પ્રોજેક્ટની પ્રશંસા કરી હતી. કેમ કે, પ્રોજેક્ટનું કામ ખૂબ જ મુશ્કેલ અને પડકારજનક છે.

આ કોરિડોર ખીણોમાંથી પસાર થાય છે અને જ્યારે પવન ખૂબ જ ઝડપથી ફૂંકાઈ રહ્યો હોય ત્યારે કામ કરવું ખૂબ જ મુશ્કેલ છે, પરંતુ આવી સ્થિતિમાં પ્રોજેક્ટનું કામ યોગ્ય રીતે ચાલી રહ્યું છે. ■

## સમૃદ્ધિ મહામાર્ગ માટે

અસમર્થતા દર્શાવી હોવાથી, તે હુઝૂર મલ્ટી પ્રોજેક્ટ નામની કંપનીને આપવામાં આવ્યું હતું. તેને રૂ. ૨,૭૦૦ કરોડમાં ૮૦૦ કરોડ રૂપિયાના વધારા સાથે આપવામાં આવ્યું હતું,’ એમ તેમાં જણાવાયું છે. પવારના પત્રમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે હુઝૂર મલ્ટી પ્રોજેક્ટ પાસે કુલ ૧.૫૨ કરોડ શેર છે, જેમાંથી ૨૩ લાખ શેર એમએસઆરડીસી સાથે જોડાયેલા અધિકારીના સંબંધી પાસે છે. ‘તેથી જ કંપનીને ઊંચા દરે ટેન્ડર આપવામાં આવ્યું હતું,’ એમ તેમાં જણાવાયું છે.પવારે પોતાની ફરિયાદમાં ઉલ્લેખ કર્યો છે કે સમૃદ્ધિ હાઇવેના ૧૭૯ કિમી લાંબા જાલના-નાંદેડ કામ માટે ટેન્ડરના આંકડા વધારીને આપવામાં આવ્યા હતા. ‘શરૂઆતમાં, આ ટેન્ડરમાં રકમ ૧૧,૪૪૨ કરોડ રૂપિયા નક્કી કરવામાં આવી હતી, પરંતુ એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે તે ખરેખર ૧૫,૫૫૪ કરોડ રૂપિયામાં આપવામાં આવ્યું હતું. ટેન્ડર પ્રક્રિયા દરમિયાન કિંમત ઘટવાની અપેક્ષા હતી, પરંતુ તેમાં ૪,૪૪૨ કરોડ રૂપિયાની વધારે કિંમતે આપવામાં આવ્યું હતું. કેન્દ્રીય તકેદારી ટીમે પણ ઉપરોક્ત વધેલા દરે આપવામાં આવેલા ટેન્ડરની નોંધ લીધી હતી અને હાલ પૂરતું પ્રક્રિયા સ્થગિત કરી દીધી હતી,’ એમ ફરિયાદમાં જણાવાયું છે. ■

# પારસી મરણ

જીમી ફરામજી જેસીયા તે મીઠુ જે. જેસીયાના ખાવીંદ. તે મરહુમો શેહરા તથા ફરામજી જેસીયાના દીકરા. તે ડેલનાઝ પી. ઝાઇવાલા, અરનાઝ આર. ઇરાની ને નીના. એન. દુમસીયાના પપ્પા. તે રૂસ્તમ એસ. ઇરાની, નેવીલ એમ. દુમસીયા તથા મરહુમ પરવેઝ આર. ઝાઇવાલાના સસરા. તે મરહુમો ખોરશેદ, હોમી ને રોશનના ભાઇ. તે ઝીઆન, નૌશાદ, જેનાઇ, ઉરૂઆન, જેશાદ ને દાનુશના મમાવા. તે મરહુમો ખોરશેદ તથા જાલ પારડીવાલાના જમાઇ. (ઉં. વ. ૯૨) રે. ઠે. ૭૯૭, જેસીયા બિલ્ડિંગ, ૨જે માળે, જામે-જમશેદ રોડ, પારસી કોલોની, દાદર-પૂર્વ, મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૪-૭-૨૫ને બપોરે ૩.૪૫ કલાકે દાદર મધ્યે રૂસ્તમ ફરામ અગિયારીમાં.

બોમી જીમી દેબારા તે જેસ્મીન દેબારાના ખાવીંદ. તે મરહુમો જેસ્મીન તથા જીમી દેબારાના દીકરા. તે સીમરોજ દેબારાના પપ્પા. તે એલબીન અરૂનના સસરા. તે મીનાઝ જોખી તથા સાયરસ દેબારાના ભાઇ. તે ટવીંકલ જોખી તથા ફિરોઝ જોખીના મામા.તે મરહુમો દીના તથા પરવેઝ રાંદેરીયાના જમાઇ. (ઉં. વ. ૭૨) રે. ઠે. ૪૩, ૬૬-કે, સુનઇજી મેન્સન, ગોવાલીયા ટેન્ક રોડ, મુંબઇ-૪૦૦૦૨૬.ઉઠમણાંની ક્રિયા : તા. ૧૪-૭-૨૫ને બપોરે ૩.૪૫ કલાકે મુંબઇ ડુંગરવાડી પર બેનેટ બંગલી નં.૬માં.

## સંતોના રાજ્યને વાઇન-વ્હિસ્કી

બોજને પહોંચી વળવા માટે રાજ્યભરમાં ૩૨૮ નવી દારૂની દુકાનો માટે લાઇસન્સ આપવાની યોજના બનાવી રહી છે.’

‘ખાલી તિજોરી ભરવા માટે દારૂ આધારિત આ નીતિ પરિવારો સાથે વિશ્વાસઘાત છે. લાડકી બહેનને પૈસા ચૂકવવા માટે, મહાયુતિ સરકાર ભાઈઓ, પતિઓ અને પિતાઓને છેતરશે. દેવેન્દ્ર ફડણવીસની સરકાર જાહેર આરોગ્યને બચાવવાને બદલે દારૂના લાઇસન્સ વેચવા બદલ ઇતિહાસમાં નામ નોંધાવશે,’ એમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.

શરદ પવારની આગેવાની હેઠળના એનસીપી (એસપી)ના વિધાનસભ્યે દાવો કર્યો હતો કે જ્ઞાનેશ્વર, તુકારામ, તુકાડોજી મહારાજ અને ગાડગે બાબા જેવા સંતોનું રાજ્ય વાઇન અને વ્હિસ્કીના બજારમાં ફેરવાઈ રહ્યું છે.

‘આજે, ૫૦ વર્ષ પહેલાં રદ કરાયેલા લાઇસન્સ એક કરોડ રૂપિયામાં વેચાઈ રહ્યા છે, જ્યારે તે લાઇસન્સ ૧૫ કરોડ રૂપિયાના છે. મારી પાસે ૪૭ કંપનીઓના ડિરેક્ટરોની યાદી છે જે મંત્રાલયના ચક્કર લગાવી રહ્યા છે (આ લાઇસન્સ માટે). આ લોકો આ ભ્રષ્ટ વ્યવસ્થાથી લાભ મેળવી રહ્યા છે,’ એમ તેમણે જણાવ્યું હતું.

સરકારને દરેક ઘરમાં પાણી ઉપલબ્ધ છે કે નહીં તેની પરવા નથી, પરંતુ દારૂનો સંપૂર્ણ પુરવઠો હોવો જોઈએ, એમ તેમણે કહ્યું હતું.

‘જો આ તેમનું વિઝન અને શાસનનું મોડેલ છે, તો પૈસા માટે ગેટવે ઓફ ઈન્ડિયાને પણ વેચી દો. જ્યારે ૧૯૭૪માં રાજ્ય સરકારે આવું જ કંઈક કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે મૃણાલતાઈ ગોરે, અહિલ્યાબાઈ રાંગણેકર અને મધુ દંડવતે જેવા દિગ્ગજોએ વિરોધ કર્યો હતો જેના કારણે તે પાછો ખેંચાઈ ગયો. પચાસ વર્ષ પછી, આ સરકાર ફરીથી એ જ અગ્નિ પરીક્ષણ કરી રહી છે,’ એમ આવ્હાડે કહ્યું હતું.

તેમણે રાજ્યના નાગરિકો, ખાસ કરીને મહિલાઓને રાજ્ય સરકારની દારૂ નીતિનો વિરોધ કરવા માટે રસ્તાઓ પર ઉતરવા વિનંતી કરી હતી. તેમણે સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાનના યેઉર વિસ્તારમાં પ્રતિબંધિત વિસ્તારોમાં દારૂના કથિત વેચાણનો ઉલ્લેખ કર્યો હતો અને ઉમેર્યું હતું કે આબકારી અધિકારીઓ આ કૌભાંડમાં હાથ ધરાવે છે. આકસ્મિક રીતે, આઠમી જુલાઈના રોજ, મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર, જેઓ નાણા અને રાજ્ય આબકારી મંત્રાલય ધરાવે છે, તેમણે વિધાનસભાને એવી માહિતી આપી હતી કે ૧૯૭૨ પછી રાજ્યમાં કોઈ નવા દારૂના લાઇસન્સ આપવામાં આવ્યા નથી, જોકે હાલના લાઇસન્સનું એક સ્થાનથી બીજા સ્થાને ટ્રાન્સફર કરવાની યોગ્ય પ્રક્રિયાને અનુસરીને કરવાની મંજૂરી છે. હાલના નિયમો હેઠળ એવી કોઈ કાનૂની જોગવાઈ નથી કે તેમના અધિકારક્ષેત્રમાં દારૂના લાઇસન્સ રદ કરવાના ઠરાવો પસાર કરવાની મંજૂરી આપે. ■

# હિન્દુ મરણ

સ્વ. પ્રવિણાબેન દાવડા, તે ભાવનગરવાળા હાલ ઘાટકોપર-મુંબઈ નિવાસી સ્વ. જયાબેન તથા સ્વ. મનમોહનદાસ ગિરધરદાસ દાવડાના દીકરી. તે મધુસુદનભાઈ, સ્વ. પ્રતાપભાઈ તથા રણજીતભાઇના બેન. તે હંસાબેન, સરલાબેન તથા હિનાબેનના નણંદ. તે સ્વ. શાંતિલાલ છોટાલાલ અઢિયા તથા રમણીકલાલ છોટાલાલ અઢિયાની ભાણેજ. તે શૈલા, સંદીપ, પરિમલ, પરાગ, જુલી, કૃણાલ તથા પૂજાના ફુઈ. તા. ૧૧/૭/૨૫ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. તેમની પ્રાર્થના સભા સોમવાર, તા. ૧૪-૭-૨૫ના રોજ શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ, સમાજ ભવન, શ, જોશી લેન, એમ. જી. રોડ, ઘાટકોપર (ઈસ્ટ) મુંબઈ ૪૦૦૦૭૭ ખાતે સાંજે ૪ થી ૬ રાખેલ છે.

**ચિંચણ તારાપુર ઘોઘારી દશા પોરવાડ વૈષ્ણવ વણિક**

ઉમરોળી નિવાસી (હાલ બોઇસર) મનસુખભાઇ પ્રાણજીવનદાસ શાહ તે સ્વ. હીરાબેન અને સ્વ. પ્રાણજીવનદાસના પુત્ર. સ્વ. પન્નાબેનના પતિ. સ્વ. પરમાણંદદાસ, સ્વ. રમેશભાઇ (ભાઇલુ) સ્વ. ચંદનબેન, સ્વ. પ્રભાબેન, સ્વ. મંજુલાબેન, રંજનબેનના ભાઇ. જયેશ અને કલ્પેશના પિતા. કેયુરી તથા કિન્નરીના સસરા તા. ૧૨ જુલાઇ ૨૦૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૫ જુલાઇ ૨૫ મંગળવારના સાંજે ૪થી ૬. ઠે. ઉમરોળી સાંઇબાબા મંદિર હોલ મુકામે રાખેલ છે.

**વાંઝા દરજી**

ગામ માંગરોળ હાલ જોગેશ્વરી સ્વ. વનિતાબેન અનિલભાઇ ભગવાનભાઇ ચૌહાણ (ઉં. વ. ૫૪) તા. ૧૧-૭-૨૫ના ગોપાલચરણ પામ્યા છે. તે અનિલભાઇ ભગવાનભાઇ ચૌહાણના પત્ની. તે ગં. સ્વ. રંજનબેન ભગવાનભાઇ ચૌહાણના પુત્રવધૂ. તે અજય તથા ધરાના માતા. તે સ્વ. રસિકભાઇ બેચરભાઇ ભરખડાના દીકરી. તે અતુલભાઇ ભગવાનભાઇ, રેખાબેન હરેશભાઇ, સ્વ. રીટાબેન ચંદ્રેશભાઇ, સ્વ. નીતીનભાઇ રણછોડભાઇ, સ્વ. નિલેશભાઇ રણછોડભાઇના ભાભી. પ્રાર્થનાસભા સોમવાર તા. ૧૪-૭-૨૫ના સાંજે ૪થી ૬. ઠે. અચલગચ્છ જૈન ભવન, ગેટ નં. ૩, હરદેવી સોસાયટી, કેવ્સ રોડ, જોગેશ્વરી (પૂર્વ).

**હલાઇ લોહાણા**

ઘાટકોપર નિવાસી સ્વ. શાંતાબેન નરભેરામ કાથરાણીના પુત્ર દિલીપભાઇ (ઉં. વ. ૭૨) તા. ૧૧-૭-૨૫ના અક્ષરનિવાસી થયેલ છે. તે મીનાબેન (મંજુ)ના પતિ. હિરલ ધીરેન દોશી, પાવન, બિરુદના પિતાશ્રી. ભૈરવી બિરુદ કાથરાણીના સસરા. હેલી, અશોકભાઇ, સ્વ. રમીલાબેન રૂગનાથભાઇ તન્ના, મંજુબેન વિનોદભાઇ ઠક્કરના ભાઇ. ચિત્રોડના સ્વ. રામજીભાઇ મોતીચંદ સોનેતાના જમાઇ. વસંતબેન વેલજી હાલાણી, સ્વ. જીવરાજભાઇ, હરજીવનભાઇના બનેવી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**હલાઇ લોહાણા**

મંજુલાબેન રમણીકલાલ રાજા (ઉં.વ. ૮૧) તે ૧૩-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. રમણીકલાલ કપૂરચંદ રાજા (યવતમાલ વાદળા )હાલ ગોરેગામ મુંબઈના ધર્મપત્ની. તે મહેન્દ્ર તથા કિશોરના માતોશ્રી. સ્વ. ચંપાબેન મોહનલાલ દેવાણી તથા વિનોદભાઈ કપૂરચંદ રાજાના ભાભી. તે સ્વ. રંભાબેન ગોરધનદાસ માવજી સૂચક (પનવેલ) (એચ. એમ. ઠક્કર)ના દીકરી. તે સ્વ. નવીન ગોરધનદાસ સૂચક તથા સ્વ. દમુબેન પ્રભુદાસ કોટેચા ને મિનાબેન મહેંદ્રકુમાર કકડના બેન. તે દક્ષા તથા મનીષાના સાસુ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

ગં. સ્વ. હેમાબેન હર્ષદભાઈ આડઠક્કર (ઉં.વ. ૭૧) શનિવાર, તા. ૧૨ જુલાઈ ૨૫ સાંજે શ્રીજીચરણ પામ્યા છે. તે શ્યામસુંદરભાઈ ઠક્કરના પુત્રવધૂ. તે ચુનીભાઈ અઢિયાના સુપુત્રી. તે પરાગ અને નિકેતના માતુશ્રી. તે વંદીતાના સાસુ. તે સ્વ. તરૂણભાઈ- દેવુભાઈ - સ્વ. મુકેશભાઇ- ગં.સ્વ. શશીબેન ખંદેડીયા - ચારૂબેન ડ્રેસવાલા તે કિર્તીભાઈ- અશોકભાઈ- દીપકભાઈ- સ્વ. કાન્તાબેન - અંજુબેન-માધવીના બહેન. લૌકિક વ્યવહાર બંધ છે.

**ગુર્જર સુથાર**

મૂળગામ સરા હાલે કલ્યાણ સ્વ. મગનભાઈ ગોરધનભાઈ વડગામાના ધર્મપત્ની દમયંતીબેન (ઉં.વ. ૮૨) તે ૧૧/૭/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. હિમાંશુભાઈ, સ્વ. સુષ્માબેન તથા નીલમબેન મારુતિ ઇંચનાલકરના માતુશ્રી. સ્વ. રણછોડભાઈ તથા સ્વ. પ્રાણજીવનના ભાઈના પત્ની. સ્વ. ભાણજીભાઇ ભુરાભાઇ મહીધરીયાના દીકરી. ભારતીબેન, બકુલભાઈ પંચાસરા તથા નયનાબેન ભરતભાઈ પંચાસરાના બહેન. તેમની પ્રાર્થનાસભા ૧૪/૭/૨૫ ના રોજ ૪ થી ૫ કલાકે બાબા હિંમત સિંઘ સાહેબ દરબાર વલ્લીપીર રોડ, બેજવાલા પેટ્રોલ પંપ પાછળ, મીરા હોસ્પિટલ પાસે, કલ્યાણ વેસ્ટ.

**લુહાર સુથાર જ્ઞાતિ**

ગામ ધારી હાલ મલાડ સ્વ. હરિભાઈ પરસોતમભાઈ પરમારના ધર્મપત્ની સવિતાબેન તા. ૧૦/૭/૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે રસીલાબેન ગુણવંતભાઈ રાઠોડ તથા જયશ્રીબેન ચેતનભાઈ ડોડીયા તથા છાયાબેન હરેશભાઈ રાઠોડના માતુશ્રી. પ્રાર્થનાસભા તા. ૧૪/૭/૨૫ ને સોમવારના સાંજે ૫ થી ૭ વાગે રાખેલ છે. સ્થળ:- શ્રી લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર કાર્ટર રોડ નં. ૩. અંબાજી મંદિરની બાજુમાં, બોરીવલી ઇસ્ટ.

**ગુર્જર સુતાર**

સ્વ. રમણીકભાઇ રામજીભાઈ સોંડાગર (ઉં.વ. ૮૦) તે મૂળગામ મોટા લીલીયા નિવાસી હાલ કાંદિવલી સ્વ. અનસૂયાબેનના પતિ. રાજેશ, વિજય, મહેશ, ઉષાના પિતા. સ્વ. જયંતીભાઈ, જગદીશભાઈ, સ્વ. તુલસીભાઈ, અશ્વિનભાઇ, કાંતિભાઈના ભાઈ. જીજ્ઞેશ મોદી, દેવયાની, સંગીતા તથા ઉર્વશીના સસરા. સ્વ. પ્રાગજીભાઈ ઝીંઝુવાડીયાના જમાઈ. તે ૧૨/૭/૨૫ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૧૪/૭/૨૫ના રોજ ૫ થી ૭ કલાકે શ્યામ સત્સંગ ભવન, એકતા નગર, મહાવીર નગર એક્ષ્ટેન્શન રોડ કાંદિવલી વેસ્ટમાં રાખેલ છે.

# જૈન મરણ

**કચ્છી ગુર્જર વાગડ બે ચોવીસી સ્થા. જૈન**

લોદ્રાણીના હાલ માટુંગા કિશોરચંદ્ર નાગજી ન્યાલચંદ શાહ (બાબરીયા) (ઉં. વ. ૮૦) શનિવાર, તા. ૧૨-૭-૨૫ના અરિહંતશરણ થયેલ છે. તે લીલાવંતીબેનના પતિ. પરેશ, હેમન-વર્ષાના પિતાશ્રી. હીના-રિંકુ-વિજયભાઇ ભાઇલાલ દોશીના સસરા. સ્વ. પ્રાણલાલભાઇ, સ્વ. ગમતભાઇ, સ્વ. રસિકભાઇ, કીર્તિભાઇ, સ્વ. રાજેન્દ્ર તથા વિમળાબેન ધનસુખલાલ વોરા, મંજુલાબેન કનૈયાલાલ પટેલના ભાઇ. સ્વ. ભાઇચંદ આશકરણ ઝોટાના જમાઇ. પહેલ-દેશનાના દાદા. હિલીકના નાના. પ્રાર્થનાસભા તા. ૧૪-૭-૨૫ના સોમવારે, બપોરે ૪થી ૫.૩૦. ઠે. નારાણજી શામજી વાડી, ભાઉદાજી રોડ, માટુંગા (સે.રે.).

**કચ્છી ગુર્જર જૈન**

ગામ પત્રીનાં હાલ મુલુંડ નિવાસી લતાબેન રમેશચંદ્ર વોરા (ઉં. વ. ૭૪) ગુરુવાર તા. ૧૦-૭-૨૫ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. કસ્તુરબેન અમૃતલાલ વોરાના પુત્રવધૂ. તે બીજલ રાહુલ વોરા, ભૂમિ મેહુલ વોરા અને લીસા વિશાલ વોરાના સાસુ. તે નિર્મળાબેન હસમુખ વોરા, ઉષાબેન અરવિંદ વોરા, ચંદનબેન રાજેન્દ્ર વોરા અને રેખાબેન હરીશ વોરાના જેઠાણી. તે સ્વ. રૂક્ષ્મણીબેન કરસનજી પારેખનાં સુપુત્રી. તે સ્વ. પ્રવીણભાઇ, સ્વ. રસિકભાઇ, હંસાબેન મહેશભાઇ શાહ અને નયનાબેન કિરીટભાઇ સંઘવીના બહેન. પ્રાર્થનાસભા તા. ૧૪-૭-૨૫ના સોમવારે બપોરના ૩થી ૪.૩૦. ઠે. સુમતિ ગુર્જર ભવન, સ્વસ્તિક પાર્ક, સુશ્રૃત હોસ્પિટલની સામે, ચેમ્બુર-૪૦૦૦૭૧.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ શીવલખા હાલે લાકડીયાના સ્વ. કોરઈબેન માલશી ફરિયાના પૌત્રવધૂ. સ્વ. લાખઇબેન ગાંગજીના પુત્રવધૂ. સ્વ. ચાંપશી ગાંગજીના ધર્મપત્ની મંજુલાબેન (ઉં.વ. ૬૦) તા. ૧૦-૭-૨૫ના અવસાન પામેલ છે. અંજના, દિપ્તિ, ભાવિના, રિદ્ધિના માતુશ્રી. કેતન, તેજસ, હિરેનના સાસુ. દૈવિક, નાઈશા, ધ્યાંશાના નાની. સામખીયારીના સ્વ. કેશરબેન ભાણજીના દીકરી. પ્રાર્થના સભા : સોમવાર, તા. ૧૪-૭-૨૫ના શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ દાદર (વેસ્ટ) સંચાલિત શ્રીમતી પુનઈબેન કરસન લધુભાઇ નિસર હોલ, દાદર (વેસ્ટ), પ્રા.ટાઈમ: બપોરે-૨ થી ૩.૩૦. લૌકિક વ્યવહાર બંધ છે.

**પાટણ વિશા શ્રીમાળી જૈન**

મેરીયાકા પરિવારના પ્રફુલ્લાબેન મનસુખલાલ શાહ (ઉં.વ. ૭૯), તે નીતા સતિષ કુંદર, ચેતન એમ. શાહના માતુશ્રી. કનીષ શીતલ શાહના દાદી. તા. ૧૦-૭-૨૫ના સ્વર્ગવાસ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

રામણીયાના રમેશ રાંભિયા (ઉં.વ. ૬૭) ૧૨/૭ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન ભવાનજીના પુત્ર. નીતાના પતિ. હિતેશ, શ્વેતાના પિતા. દિનેશ, રશ્મીના ભાઇ. ઉર્મિલાબેન ભીમશીના જમાઈ. પ્રા. યોગી સભાગૃહ, દાદર (ઇ). ટા. ૩ થી ૪:૩૦. નિ. ભવાનજી રાંભિયા- ૨, ગીરજા ભુવન, એસ. એન. રોડ, અંધેરી (ઈ).

બેરાજાના માતુશ્રી સુંદરબેન છગનલાલ ફતેચંદ વીરાના જમાઇ ગામ સુથરીના પંકજ પ્રતાપ શાહ (ઉં.વ. ૭૧) તા. ૧૨-૭-૨૫ના અવસાન પામેલ છે. હેમલતાબેન પ્રતાપભાઈ ગોવિંદજી શાહના સુપુત્ર. મધુના પતિ. ભૌમિક, નેહાના પિતા. પ્રાર્થના : સોમવાર, તા. ૧૪-૭-૨૫, ટા. : બપોરે ૩.૩૦ થી ૫. સ્થળ : કાલિદાસ મેરેજ હોલ, પી.કે. રોડ, મુલુંડ (વેસ્ટ). (ચક્ષુદાન કરેલ છે.) નિ. : પંકજ શાહ, બી-૫૦૩-૫૦૪, પ્રતાપ પેલેસ, જે. એન. રોડ, મુલુંડ (વેસ્ટ).

છસરાના પોપટલાલ નાનજી શિવજી ગાલા (ઉં.વ. ૮૧) તા. ૧૨-૭-૨૫ના અવસાન પામેલ છે. લીલાબેન નાનજી શીવજીના સુપુત્ર. હેમલતાબેનના પતિ. રાજેશ, છાયાના પિતાશ્રી. શાંતિલાલ, મનસુખ, પત્રી વિમળા હરીલાલ, ચંચળ/ રતન ખીમજી, કાંતા ધારશી, ગુણવંતી કાંતિલાલ, ઉર્મિલા શાંતિલાલના ભાઇ. ગુંદાલાના મણિબેન ચાંપશી ભવાનજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. રાજેશ ગાલા, બી-૪૦૧, જાનુ ટી.પી. એસ. રોડ-૩, બોરીવલી (વે.).

સમાઘોઘા હાલે ભુજપુરના મીઠાંબેન વિકટર સાવલા (ઉં.વ. ૯૩) તા. ૧૨/૭/૨૫ના દેહપરિવર્તન કરેલ છે. સમાઘોઘાના તેજબાઇ રામજી જેઠાના પુત્રવધૂ. ભુજપુરના ખેતબાઇ ધારશી જીવરાજ મેરગના સુપુત્રી. કુંવરબેન, નાનજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ફોન આવકાર્ય. ઠે. નાનજી ધારશી દેઢીયા, ૪૦૧, શેરવીલ કોર્ટ, આદર્શ લેન, માર્વે રોડ, મલાડ-વેસ્ટ.

મોટી ઉનડોઠના ધનવંતી ભવાનજી વિસરીયા (ઉં.વ. ૭૧) ૧૨/૭ના દેહપરિવર્તન કરેલ છે. સ્વ. કેશરબેન મુરજી લધુના પુત્રવધૂ. સ્વ. ભવાનજીના પત્ની. ગામ રાયધણજર સ્વ. ઉમરબાઇ નાનજી ખીંયશી ગાલાની પુત્રી. જયેશ, પૂનમ, હરેશના માતુશ્રી. પ્રાર્થના રાખેલ નથી. ઠે. પૂનમ વિસરીયા, રીગલ એનકલેવ, ન્યુ લીંક રોડ, વસંત નગરી, વસઇ (ઇ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જેતપુર નિવાસી, હાલ ઘાટકોપર, મુંબઈ સ્વ. ઇન્દિરાબેન દેસાઇ (ઉં.વ. ૮૬) તે સ્વ. ચંદુલાલ જગજીવન દેસાઇના ધર્મપત્ની શુક્રવાર, ૧૧ જુલાઈ ૨૦૨૫ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ઉમેદચંદ કરસનજી મહેતાના દીકરી. મુકેશ અને સાધનાના માતુશ્રી. પૂનિતા અને અજય મોદીના સાસુ. ચૈતન્ય અને અ. સૌ. પ્રેરણાના દાદી. સરલાબેન, પુષ્પાબેન અને અરવિંદભાઈના બહેન. પ્રાર્થનાસભા: મંગળવાર, ૧૫/૭/૨૫ સાંજના ૩ થી ૫ પારસધામ, વલ્લભબાગ લેન, ઘાટકોપર (પૂર્વ).

**ઝાલાવાડી દશા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન**

થાનગઢ નિવાસી, હાલ બોરીવલી (મુંબઈ) સ્વ. હર્ષવદન ફતેચંદ શાહ (હસુભાઈ-એફ.એમ. શાહ) તથા ગીતાબેનના પુત્ર ધવલભાઈ તથા સોનલબેનના પુત્ર હિત (ઉં.વ. ૨૭) તા. ૩/૭/૨૫, ગુરૂવારના અરિહંતશરણ પામેલ છે. તે નીતા જતીનભાઈના ભત્રીજા. ધ્રુવી સિદ્ધાર્થ ભગત તથા ઈશાના ભાઈ. મોસાળપક્ષે ગારિયાધાર નિવાસી સ્વ. જશવંતરાય ત્રંબકલાલ શાહના દોહિત્ર તેમની પ્રાર્થનાસભા તા. ૧૫/૭/૨૫, મંગળવારે સમય ૦૩.૩૦ થી ૦૫.૩૦ વર્ધમાન સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી (વે.), મુંબઈ મુકામે રાખેલ છે.

## કાંજુરમાર્ગમાં બહુમાળીય

ગાંધી માર્કેટ નજીક એન.જી.રોયલ પાર્ક નામની ગ્રાન્ડ પ્લસ ૨૦ માળની બિલ્ડિંગ આવેલી છે. રવિવારે સવારના ૧૧.૪૦ વાગ્યાની આસપાસ ૧૬થી ૧૮માં માળ વચ્ચેના ઈલેક્ટ્રિક ડક્ટમાં અચાનક આગ ફાટી નીકળી હતી. આગની જાણ થતા ઘટનાસ્થળે ફાયરબિગ્રેડના ત્રણ ફાયર ઍન્જિન, એક ફાયર ટેન્ડર, બે જંબો વોટર ટેન્કર, એક હાઈ રાઈઝ ફાયરફાઈટિંગ વ્હિકલ્સ, એક ટર્નટેબલ લેડર, ક્વિક રિસ્પોન્સ વ્હિકલ્સ અને ત્રણ ઍમ્બ્યુલન્સ સાથે પહોંચી ગઈ હતી.

ફાયરબ્રિગેડના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ રવિવારનો રજાનો દિવસ હોવાથી મોટાભાગના લોકો ઘરે હતા. ઈલેક્ટ્રિક ડક્ટમાં આગ લાગી હોવાનું જણાયા બાદ અનેક રહેવાસીઓ નીચે ઉતરી આવ્યા હતા. ૧૬થી ૧૮મા માળની વચ્ચે ડક્ટમાં લાગેલી આગ બાદમાં પહેલાથી ઉપરના ૧૯ માળ સુધી ફેલાઈ ગઈ હતી. આગથી બચવા માટે બિલ્ડિંગના રહેવાસીઓ નીચે ઉતરવાનો પ્રયાસ કર્યો હતો પણ ધુમાડો ફેલાઈ જવાથી માળા પર અંધારું થઈ ગયું હોવાને કારણે તમામ રહેવાસીઓ નીચે ઉતરી શક્યા નહોતા.

તેથી અનેક રહેવાસીઓ બિલ્ડિંગના ચોથા, ૧૩, ૧૪ અને ૧૬ તથા ૧૮મા માળા સહિત ટેરેસ પર મદદની રાહત જોતા ઊભા હતા, તેમને ફાયરબ્રિગેડે સુરક્ષિત રીતે બચાવી લીધા હતા. આગમાં સદ્નસીબે કોઈ જખમી થયું નહોતું. ભારે જહેમત બાદ આગ લગભગ ૧.૪૦ વાગે નિયંત્રણમાં આવી હતી પણ મોડે સુધી કુલિંગ ઓપરેશન ચાલ્યું હતું. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું પણ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે. ■

મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# ધર્મતેજ

## મનન

# સાધના પંચકમ

હેમંત વાળા
feedback@bombay samachar.com



સનાતની સંસ્કૃતિનું, હિન્દુ ધર્મનું આજે જે કંઈ સ્થાન છે, જે કંઈ સ્વરૂપ છે, જે કઈ સ્થિતિ છે, તે માટે આઠમી સદીમાં અવતરિત થયેલા આદિ શંકરાચાર્યનો ફાળો ઉલ્લેખનીય છે. તેઓ મહાન દાર્શનિક, પરમ જ્ઞાની, મહાન યોગી, કર્તવ્યનિષ્ઠ તથા પરમ ઉપાસક હતા. તે સમયે હિન્દુ ધર્મમાં પ્રવર્તમાન અ-વેદાંતી માન્યતા તથા પરંપરાનો વિરોધ કરી, યથાર્થ જ્ઞાનને તર્ક આધારે પુનઃસ્થાપિત કરી, વિવિધ ભ્રામક બાબતોનું ખંડન કરી સમાજમાં અભૂતપૂર્વ જાગૃતિ અને ચેતના લાવવાનું કામ તેમણે બહુ નાની ઉંમરમાં સિદ્ધ કરી દીધું હતું.

ઉપનિષદને આધાર રાખી અદ્વૈત વેદાંત સિદ્ધાંતનું તેમણે અનુમોદન પણ કર્યું અને તેનો પ્રચાર-પ્રસાર પણ કર્યો. બ્રહ્મ એક માત્ર તત્ત્વ છે, આત્મા અને બ્રહ્મ વચ્ચે કોઈપણ પ્રકારની ભિન્નતા - દ્વૈત નથી તેમ તેમણે વ્યવસ્થિત રીતે પુનઃ સ્થાપિત કર્યું. વેદથી વિપરીત જ્ઞાન આપતી વિવિધ વિચારધારા સાથે સંકળાયેલ વિદ્વાનો સાથે શાસ્ત્રાર્થ યોજી, તેમનાં ભૂલ ભરેલાં વિચારોનું ખંડન કરી સનાતનની ધર્મના મૂળને વધુ મજબૂત બનાવ્યા. સાથે સાથે જ્ઞાન અર્થાત વેદાંત અને ભક્તિ બંનેનું સંતુલન જળવાઈ શકે તે માટે તેમણે મૂર્તિ પૂજા અને ઉપાસનાને વ્યવસ્થિત રીતે નિર્ધારિત કર્યા. અદ્વૈતના સિદ્ધાંતની સ્પષ્ટતા માટે તેમણે આત્મષટકની રચના કરી તો ઈશ્વરની ઉપાસના માટે ‘સ્તુતિ-સ્તોત્ર’ પણ રચ્યાં. તેમણે અનેક શાસ્ત્રોની ટીકા લખી. કઠિન જણાતાં શાસ્ત્રોને, સનાતનની આધ્યાત્મના ગુઢ સંદેશને, આ સંસ્કૃતિના તત્ત્વજ્ઞાનના ઊંડાણને તેમણે સરળતાથી વ્યક્ત કર્યું. તેમણે એ પણ નિર્ધારિત કર્યું કે શંકરાચાર્યની પદવી માટે ઉપનિષદો, ભગવત ગીતા અને બ્રહ્મસૂત્ર પર ટીકા કરેલી હોવી જોઈએ. ઉત્તરમાં જ્યોતિર્મઠ - બદ્રીનાથ, પૂર્વમાં પૂરી, દક્ષિણમાં શૃંગેરી તથા પશ્ચિમમાં દ્વારકા, એમ ચાર પીઠની સ્થાપના કરી સનાતની સંસ્કૃતિ તેમજ હિન્દુ ધર્મની શુદ્ધિ, પવિત્રતા તથા આધ્યાત્મિકતા જાળવી રાખવા વ્યવસ્થા ગોઠવી. સંન્યાસ પરંપરાને વધુ દ્રઢ કરવાં તેમણે દશનામી સંપ્રદાયની સ્થાપના કરી અને સાધુઓ માટે નિયમો નિર્ધારિત કર્યાં. આ સાથે ધર્મ તેમજ ધર્મસ્થાનની રક્ષા માટે નાગાબાવાનો સંપ્રદાય પણ સ્થાપિત કર્યો.

આ સાથે તેમણે ‘સાધના પંચકમ’ની રચના કરી માનવ જાત પર એક વધુ મહાન ઉપકાર કરેલો છે. આ એક પાંચ શ્લોકોનો સમૂહ છે જેમાં સાધનાના મુખ્ય સિદ્ધાંતો, મુખ્ય નિયમો સ્પષ્ટ કરાયા છે. જે વ્યક્તિને આધ્યાત્મના માર્ગે આગળ વધવું હોય, જે વ્યક્તિને શાસ્ત્રીય પદ્ધતિની સાધના માટેનો અભિગમ હોય, જે વ્યક્તિને સ્થાપિત માર્ગ માટે વિશ્વાસ હોય, જે વ્યક્તિને સુગમતાથી પરમ સ્થિતિ તરફ પ્રયાણ કરવું હોય તે વ્યક્તિ માટે આ એક આશીર્વાદ સમાન ઘટના છે.

અહીં પ્રથમ શ્લોકમાં વિદ્યા અને જ્ઞાનનું મહત્ત્વ સમજવાની વાત છે. આ માટે ઉપનિષદ જેવા વેદાંત ગ્રંથોના અભ્યાસ - મનન - ચિંતન માટે સૂચન તેમજ આગ્રહ કરાયો છે. પરમ સત્યને જાણવાં માટે આ એક અગત્યની વાત છે. શરૂઆત શાસ્ત્રોના અભ્યાસથી થવી જોઈએ તેમ આદિ શંકરાચાર્યએ અહીં સ્પષ્ટ રીતે સ્થાપિત કર્યું છે. શ્રુતિ અને સ્મૃતિમાં જણાવેલ બાબતોને આધાર ગણવાની અહીં વાત છે. જ્ઞાન પછી બીજા શ્લોકમાં કર્મની વાત આવે છે. સત્કર્મ, ભક્તિ, નિષ્કામ કર્મ, પવિત્રતા તથા શુદ્ધિ તેમજ વિવિધ સાત્વિકતા તેમજ નૈતિકતા આધારિત કર્મની વાત થઈ છે. રોજિંદુ કાર્ય હોય કે આધ્યાત્મિકતા લક્ષી પુરુષાર્થ; શિષ્ટાચાર, સદાચાર, શુદ્ધતા, સાક્ષીભાવ, નિર્લેપતા અને નિસ્વાર્થપણાને અહીં મહત્ત્વ અપાયું છે. પછીના શ્લોકમાં જ્ઞાની પુરુષ, ગુરુજન, સંતજન, પરમ ભક્ત તથા પરમ યોગી જેવા મહાત્મા સાથે સત્સંગ કરવાની વાત થઈ છે. આ મહાત્માઓના સાંનિધ્યથી શંકાનું નિવારણ થઈ શકે, માર્ગદર્શન મળી શકે અને રક્ષણ પણ પ્રાપ્ત થાય. તે પછી મનને શાંત રાખવાં, ઇન્દ્રિયોને સંયમિત કરવા, ભૌતિક વિશ્વ પ્રત્યેનો રાગદ્વેષ દૂર કરવા, તથા સ્વયંના સ્વરૂપમાં સ્થિત થવા ધ્યાન અને વૈરાગ્યની વાત કરવામાં આવી છે. જ્યારે સંપૂર્ણતામાં અહંકારનો ત્યાગ કરવામાં આવે ત્યારે જ આત્મ સાક્ષાત્કારની સંભાવના ઊભી થાય. તેથી તે પછીના પાંચમા શ્લોકમાં અહીં ‘અહં બ્રહ્માસ્મિ’ સિવાયના તમામ શ્રેણીના અહંકારના પરિત્યાગની વાત કરવામાં આવી છે.

આ એક અદ્ભુત ક્રમ છે. જ્ઞાનથી શરૂ કરીને આત્મસાક્ષાત્કાર સુધીની શૃંખલા અહીં બહુ સ્પષ્ટતાથી પ્રસ્તુત કરાઈ છે. જ્ઞાન એ પ્રારંભિક ભૂમિકામાં આવે અને જ્ઞાનની પ્રાપ્તિ બાદ જ રુચિ પ્રમાણે આગળની દિશા નક્કી થઈ શકે. જ્ઞાન પ્રાપ્તિ બાદ કર્મમાં કુશળતા પ્રાપ્ત થઈ શકે. ગીતા પ્રમાણે કર્મમાં કુશળતા એટલે જ યોગ એમ કહેવાયું છે, અને તે કુશળતા ત્યારે પ્રાપ્ત થઈ શકે કે જ્યારે પરિસ્થિતિ યથાર્થ રીતે એ સમજમાં આવી હોય. પછીના તબક્કામાં કર્મ માટેનું કેન્દ્ર નિર્ધારિત થાય છે. આ નિર્ધારણમાં જ્ઞાનની સ્થિતિ પણ વધુ સ્પષ્ટ થઈ શકે અને આગળનાં કાર્યો આધ્યાત્મિકતા તરફ વળે. જ્ઞાન અને કર્મથી જે વાતો સ્થાપિત થઈ હોય તેના દ્રઢીકરણ માટે કે તેમાં વધારાની સ્પષ્ટતા માટે ધ્યાનની આવશ્યકતા રહે. અહીં ઇન્દ્રિયો, મન, બુદ્ધિ તથા ચિત્તને અનિત્ય બાબતોથી દૂર કરી પરમ નિત્ય તત્ત્વ સાથે અસ્તિત્વને જોડવાનું હોય છે. આત્મા અને પરમાત્માના ઐક્યની અનુભૂતિ અહીં થાય. આ સ્થિતિ એટલે જ અહંકાર શૂન્યતા, એટલે જ આત્મસાક્ષાત્કાર.

સાધના પંચકમનું દરેક સોપાન લક્ષ્ય આધારિત છે. દરેક પગલે જે વાત સિદ્ધ કરવાની છે, તેને અનુલક્ષીને દરેક સોપાન સૂચિત કરાયું છે. અહીં દરેક તબક્કો મહત્ત્વનો છે. અહીં દરેક તબક્કાનું એક પ્રયોજન છે. અહીં દરેક તબક્કો સુ-નિર્ધારિત છે. અહીં દરેક સૂચન શાસ્ત્રીય તેમજ પરિપક્વ છે. અહીં દરેક ડગલું પરિણામલક્ષી છે. અહીં વિકલ્પ માટે કોઈ અવકાશ નથી. આધ્યાત્મિકતાના માર્ગ માટે આ એક મહાન શાસ્ત્રીય ક્રમ - શાસ્ત્રીય પદ્ધતિ છે. પૂર્ણ સ્થિતિની પ્રાપ્તિ માટે સંપૂર્ણતામાં સ્થાપિત કરવામાં આવેલ માનવ ઇતિહાસની આ એક અદ્ભુત ઘટના છે. ■

# કોઈ સાચી વાત કરે તો વિચલિત ન થાવ, ને ખોટું કહે તો ક્રોધની જરૂરત નથી...



## માનસ મંથન



મોરારિબાપુ
feedback@
bombaysamachar.com

‘સત્ય’ શબ્દ કેટલો મોટો શબ્દ છે, પણ માણસ ઈચ્છે તો ખેલખેલમાં સત્ય જીવી શકે છે. થોડી મુશ્કેલી આવે તો આવશે, પણ જીવી શકે છે. કેટલાક લોકો કહે છે, પેલો માણસ અમારા પર જુઠો આરોપ લગાવે છે, તેથી અમને ચોટ લાગી. જુઠા આરોપથી દુનિયામાં કદી કોઈને ચોટ નથી લગતી, સાવધાન. ચોટ સત્ય જ કરે છે. જ્યારે કોઈએ તમને કઈંક કહ્યું ને તમે વિચલિત થઈ ગયા, તો સમજજો કે તમારા વિશે એમણે તમને કંઈક સાચું કહી દીધું, જે તમે જાણો છો, દુનિયા નથી જાણતી. કોઈ જુઠું કહે તો આપણે વિચલિત થવાનું શું કારણ છે? જે શસ્ત્ર જ નથી, એ આપણો વધ શું કરવાનો? જે મૂલતઃ શસ્ત્ર જ નથી. ઘણીવાર શું થાય છે કે સંસારમાં સદીઓ સુધી કોઈ ને કોઈ ઊલટું દર્શન આવી જાય છે. નાસ્તિક દર્શનોએ એવી બહુ ગરબડ કરી નાખી છે. કોઈપણ ક્રિયા-સત્ય, બ્રહ્મચર્ય આદી હિંસક હોય તો પાપ થઈ જાય છે. તમારો અપરિગ્રહ પણ હિંસક હોય તો પાપ બની જાય છે, સત્ય પણ અહિંસક હોવું જોઈએ. સત્ય પણ પ્રિય બોલો. તમને અધિકાર નથી કે તમારા કઠોર કડવા સત્યથી બીજાનું દિલ દુભાય. ઘણા કહે છે ને કે સત્ય કડવું હોય છે. તમને સત્ય બોલવાનું આવે ને એ કટુ હોય તો ન બોલો તમારા બોલવાથી કામ નથી બનવાનું,એના અંતઃકરણમાં પ્રભુ બેઠેલા છે, તે એને પ્રેરણા કરશે. કટુ શબ્દ ન બોલો. શાસ્ત્ર મના કરે છે, હરિ પર છોડી દો. અશ્વત્થામાનું મૃત્યુ થયું નથી, હાથી મરાયો છે, એ સત્ય પણ હિંસક સાબિત થયું. ધર્મરાજનો રથ જે સદૈવ (જમીનથી) ઉપર રહેતો હતો, તે જમીન પર આવી ગયો.

આખી પૃથ્વી પર કહે છે, ત્રણસો દર્શન છે. મુખ્ય મુખ્ય છે. ભરતના મનીષિઓએ તો ત્રણસો નહીં, કેવળ છ પર્યાપ્ત છે. પરંતુ કદી કદી એક વાત પ્રતિપાદિત થઈ જાય છે, પછી બહુ સમય સુધી એ નુકસાન કરતી રહે છે. કેમ તમે ઉલઝી જાઓ છો ? કેમ તમે વિચલિત થઈ જાઓ છો ? આપણા પર એણે જુઠો આરોપ લગાવ્યો. જુઠો આરોપ લગાવ્યો, તો વિચલિત થવાનું કોઈ કારણ નથી. હું તો અનેકવાર કહ્યા કરું છું, ફરીથી કહું કે કોઈએ તમારા વિશે જો સહી વાત કરી છે, તમને ક્રોધ કરવાનો અધિકાર નથી. અને જો કોઈએ તમારા વિશે ખોટું કહ્યું છે, તો તમને ક્રોધ કરવાની જરૂરત નથી. બંને સત્ય છે. મારાં શ્રાવકો, ક્રોધ પાપનું મૂળ છે. ગીતામાં ભગવાન કૃષ્ણને અર્જુને પૂછ્યું છે કે ઈચ્છા ન હોય તો પણ આ જીવ કોની પ્રેરણાથી પાપ કરે છે? કોને લીધે આ પાપ કરે છે? કોણ એવાં શસ્ત્રો છે? ત્યારે ભગવાન કહે છે કે કામ એષઃ ક્રોધ એષઃ રજોગુણ સમુદ્ભવ. બહુ ભૂખ્યાં, ખાઉધરા અને મહાપાપી આ તત્ત્વો છે. કામ અને ક્રોધ એ જ પાપ કરાવે છે. ક્રોધની જન્મસ્થળી કઈ છે? ક્રોધ કઈ માનો દીકરો છે? દ્વૈતબુદ્ધિ ક્રોધને પેદા કરે છે. ક્રોધ કરવાથી ધર્મ રહેતો નથી. ધર્મની એક રજકણ પણ નહીં મળે જ્યારે માણસ ક્રોધ કરશે.

મારાં ભાઈ-બહેનો, મારે ને તમારે આ શીખવા જેવું છે. ક્રોધ આવે ત્યારે ધર્મ સચવાતો નથી અને બોધ પણ નથી રહેતો. માણસને ક્રોધ આવે ત્યારે ધર્મ ચૂકાઈ જાય છે. માણસ જ્યારે ક્રોધ કરે છે ત્યારે તેની પાસે ધર્મ નથી રહેતો. એટલો સમય ધર્મ ત્યાંથી ચાલી જાય છે. ક્રોધ આવે એટલે ધર્મ જાય અને ધર્મ જાય એટલે માણસ અપરાધ કરે.ક્રોધ જેનામાં નથી તે મુનિ થઈ શકે છે. ઘણાં મુનીઓએ ક્રોધ કર્યા છે. પરશુરામ લ્યો, વિશ્વામિત્રને લ્યો. બહુ ક્રોધમાં દેખાય. દીવાસળીની પેટીનો બાળક ઉપયોગ કરે અને દાદા ઉપયોગ કરે, એમાં વિવેકનો કેટલો ફેર છે. નાનું બાળક દીવાસળી સળગાવી રમતું હોય તો કંઈ પણ સળગાવી મૂકે અને એ જ દીવાસળીની પેટી દાદા પાસે હોય તો એના ઉપયોગમાં કેટલું અંતર છે? ક્રોધ સારી વસ્તુ નથી. તેને નરકનું દ્વાર, નરકનો પંથ કહ્યો છે. છતાં ક્યારેક મુનિઓએ, ક્યારેક અવતારોએ ક્રોધ કર્યો છે, રોષે ભરાયા છે. એ જરૂરી બન્યું હશે, એ નાશવંત વૃત્તિને એમણે નિમંત્રી હશે, નૃસિંહનો ક્રોધ ઓછો હતો? પણ એ ક્રોધ પ્રહ્લાદ માટે ન હતો, દુષ્યકૃત્યના નાશ માટે હતો, જે સાધુતા મિટાવવા માગતા હતા. એ ક્રોધ આરોપિત હતો,સ્વાભાવિક નહોતો. ધ્યાન આપજો, ક્રોધ ક્યારે દોષ છે? જ્યારે સ્વાભાવિક હોય, આરોપિત હોય ત્યારે. સ્વાભાવિક કરવા અમુક ક્ષણો ક્રોધ માટે બને છે. શ્રાપ આપે એ વખતે આરોપિત ક્રોધ છે. ક્રોધ ઓછો કરો. એમાંથી જેટલા બચાય એટલા બચો. એ આપણો સ્વભાવ ન બને, એક સાધન માત્ર બને એવું હોવું જોઈએ. જરૂર હોય ત્યાં સુધી રહે.

આ વાતને ખાસ સમજી લ્યો. આપણે સાચા છીએ ફલાણાએ અમને ખોટું કહ્યું, તેથી અમને ચોટ લાગી છે. ગલત કહેવાથી કદી ચોટ લાગતી નથી. વંધ્યાનો સૂત કદી કોઈને મારી શકતો નથી. જે વાંઝ છે, વંધ્યા છે, કોઈ કહે કે આ વાંઝણીના દીકરાએ ફલાણાની હત્યા કરી નાખી, કદી સમભાવ નથી. વાંઝણી એને કહે છે, જેને કદી દીકરો છે જ નહીં. જે સાચું નથી, એ ચોટ કરી જ ન શકે. કોઈ પણ ચોટ હશે તો એ સત્યની જ હશે. હું તો દેખતો રહું છું. કોઈ કહે કે હું ઉલઝી ગયો, તો હું સમજી જાઉં છું કે કહેવાવાળામાં કોઈ બળ છે. એણે મર્મસ્થાનને સ્પર્શ કરી લીધો, કંઈક નસ પકડી લીધી એણે, જે સત્ય છે. તો આ શબ્દ બહુ ભારી લાગે છે. સમજ આવી જાય તો કરી શકાય, થોડી મુશ્કેલી આવી શકે,પણ આચરણ સ્વાભાવિક લાગે છે. એથી માણસ જો રહસ્ય સમજી લે, અનુભવ કરી લે તો આચરણ અઘરું નથી.

(સંકલન : જયદેવ માંકડ)■

# આપણું શરીર ચૈતન્ય પ્રાપ્તિનું સાધન છે

## અલૌકિક દર્શન

ભાણદેવ
feedback@
bombaysamachar.com

(ગતાંકથી ચાલુ)

હા, અવતાર પણ સાધના કરે છે. અવતાર પણ અધ્યાત્મપથના પથિક બની શકે છે. ભગવાન પોતે પણ ભગવાનની પ્રાપ્તિ માટે સાધનનું પરિશીલન કરે છે.

પ્રથમ દૃષ્ટિએ વિસંગત લાગતી આ ઘટના પણ બની શકે છે. અવતાર સાધક હોય છે - આદર્શ સાધક હોય છે અને તીવ્ર સાધના પણ કરે છે.

અવતારમાં પ્રભુ માનવસ્વરૂપે આવે છે. મનુષ્યલીલામાં ભગવાન માનવની જેમ વર્તે છે. અવતાર માનવની જેમ યોદ્ધો, રાજપુરુષ, ગોવાળ, વિદ્યાર્થી કે ગુરુ બને છે, તો પછી અવતાર સાધક કેમ ન બને?

અવતાર સાધના કરે, ગુરુનું માર્ગદર્શન મેળવે, ભગવદ્દર્શન પણ પામે અને અનેકવિધ આધ્યાત્મિક અનુભૂતિઓ પણ પામે છે. અવતારની અનેકવિધ લીલાની જેમ તેનો સાધકભાવ અને સાધના પણ તેની માનવસ્વરૂપની લીલા છે.

અવતારસ્વરૂપે આવેલા પ્રભુ માનવજાત સમક્ષ એક આદર્શ સાધક તરીકેનું દૃષ્ટાંત રજૂ કરે છે. ભગવાન પોતે જ સાધક બનીને ભગવાનને કેવી રીતે પામી શકાય તે આપણને સ્વદૃષ્ટાંત દ્વારા શીખવે છે.

૯. સમાપન :

હિન્દુ ધર્મના કેટલાક પાયાના સિદ્ધાંતો છે. કર્મનો નિયમ, પુનર્જન્મનો નિયમ, આત્માની અમરતાનો નિયમ આદિ સિદ્ધાંતો આ માટેનાં દૃષ્ટાંતો છે. તેવો જ એક સિદ્ધાંત અવતારનો નિયમ છે.

આ સિદ્ધાંતો માત્ર વિચારધારાઓ નથી, બુદ્ધિપૂર્વક ગોઠવીને નિશ્ચિત કરેલા નિયમો નથી. વસ્તુતઃ આ સિદ્ધાંતો અસ્તિત્વના ગહન સત્યો છે. ઋષિઓએ આર્ષદૃષ્ટિથી આ સત્યોનાં દર્શન કર્યાં છે અને તેમની જ કૃપા થકી આ રહસ્યો આપણા માટે હસ્તકમલવત્ સહજ ઉપલબ્ધ બન્યાં છે.

અવતારનો સિદ્ધાંત આર્ષદૃષ્ટિનું એક મહત્ત્વપૂર્ણ દર્શન છે. સત્યનો સ્વીકાર કે અસ્વીકાર કરવા માટે વ્યક્તિ સ્વતંત્ર છે, પરંતુ સત્યનો અસ્વીકાર મૂઢતા છે અને આત્મઘાતક છે. ભગવાન શ્રીકૃષ્ણે ચેતવણી આપી છે :

‘अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम्।’

‘મનુષ્ય શરીર ધારણ કરનાર મારી મૂઢ લોકો અવગણના કરે છે.’



આપણી પરંપરામાં અવતારોની ગણના બે રીતે થાય છે : દશાવતાર અને ચોવીસ અવતાર. આમ છતાં આથી અધિક અવતારો હોય જ નહીં તેવું નથી. ‘શ્રીમદ્ભાગવત’માં આ સિવાય પણ અન્ય અવતારો હોઈ શકે તેમ કહ્યું છે.

अतारा ह्यासंख्येया हरेः सत्त्वनिधेर्द्विजाः।
यथाविदासिनः कुल्याः सरसः स्युः सहस्त्रशः।।

‘હે બ્રાહ્મણો! જેમ અગાધ સરોવરમાંથી હજારો ઝરણાંઓ નીકળે છે, તેમ સત્ત્વનિધિ ભગવાન શ્રીહરિના અસંખ્ય અવતારો થાય છે.’

આમ, દશ કે ચોવીસથી અતિરિક્ત અન્ય અવતારો પણ હોઈ શકે છે, દશ કે ચોવીશ તો ઉપલક્ષણથી ગણાવ્યા છે.

પ્રાણાયામનું સ્વરૂપ

**૧. યોગનું પ્રાણવિજ્ઞાન**

માનવ શરીરની રહસ્યમયતા અગાધ છે. માત્ર શરીર વિજ્ઞાનની દૃષ્ટિએ જોઈએ તો પણ વૈજ્ઞાનિકોનો પ્રચંડ પુરુષાર્થ છતાં, સ્થૂળ શરીરની રહસ્યમયતાને પણ પૂરેપૂરી ઉકેલવાનું કાર્ય દુષ્કર છે, એમ હવે સૌને સમજાવા લાગ્યું છે. આ હકીકતથી એ સમજવું સહેલું છે કે જ્યારે આપણે સ્થૂળ શરીર, સૂક્ષ્મ શરીર, કારણ શરીર અને તેમનામાં વિલસી રહેલ ચૈતન્યને સાથે લઈએ ત્યારે આ રહસ્ય કેટલું અગાધ બને છે!

એક યોગીને મન શરીર માત્ર પંચભૌતિક પિંડ જ નથી, સપ્ત ધાતુમાં જ એની ઈતિશ્રી નથી; પરંતુ એથીયે આગળ, એથીયે સૂક્ષ્મ ઘણું છે. આપણે અહીં યૌગિક દૃષ્ટિકોણથી પ્રાણમય શરીરના રહસ્યને કંઈક અંશે સમજવાનો પ્રયત્ન કરીએ.

આપણું શરીર ચૈતન્યનું અધિષ્ઠાન છે. એટલે એ ચૈતન્ય પ્રાપ્તિનું સાધન છે. જ્ઞાનમાર્ગ, ભક્તિમાર્ગ વગેરેમાં પણ શરીરને સાધન તરીકે સ્વીકારવામાં આવે છે પરંતુ યોગમાર્ગમાં શરીર, એક વિશિષ્ટ અને વધુ ઊંડા અર્થમાં સાધન ગણાય છે. જેમ ભક્તિમાર્ગમાં ચૈતન્યરૂપી સાગરનાં છલાંગ મારવા માટે ભાવ, એ સાધન છે. જ્ઞાનમાર્ગમાં વિશુદ્ધ બુદ્ધિ સાધન છે. તેમ યોગમાર્ગમાં, ખાસ કરીને હઠયોગમાં શરીર અને પ્રાણની સાધના દ્વારા ચૈતન્ય લાભ કરવામાં આવે છે એટલે યોગીને મન શરીર એ અધ્યાત્મના રહસ્યોદ્ઘાટનનું મહાદ્વાર છે.

હઠયોગમાં આ વિશિષ્ટ દૃષ્ટિકોણથી શરીરને સમજવાનો પ્રયત્ન થયો છે. અને પરિણામે આપણને યોગનું પ્રાણવિજ્ઞાન પ્રાપ્ત થયું છે.

તૈત્તિરીય ઉપનિષદમાં પંચકોશ વિદ્યા છે. એ મુજબ આત્માને પાંચકોશવરણ છે; અન્નમય કોશ, પ્રાણમય કોશ, મનોમય કોશ, વિજ્ઞાનમય કોશ અને આનંદમય કોશ.

નરી આંખે આપણે માત્ર અન્નમય કોશ એટલે પંચ મહાભૂતના બનેલા સ્થૂળ શરીરને જ જોઈ શકીએ છીએ. પરંતુ એ તો આપણા સમગ્ર શરીરતંત્રનો માત્ર બહારનો છેડો છે. એની અંદર બીજા ચાર કોશ છે અને આ બધાને અતિક્રમીને તેમનામાં આત્મતત્ત્વ વિલસી રહ્યું છે.

આ પાંચે કોશમાંથી હઠયોગમાં પ્રાણમય કોશનો વિશેષ વિચાર થયો જ છે. પ્રાણમય કોશની રચના, કાર્ય, પ્રાણની પ્રક્રિયાનો આધ્યાત્મિક વિકાસમાં ઉપયોગ વગેરે બાબતોના દર્શન, અનુભવ અને વિચારમાંથી યોગનું પ્રાણવિજ્ઞાન જન્મ્યું અને વિકસ્યું છે.

હઠયોગમાં પ્રાણમય કોશનો વિશેષવિચાર કરવા પાછળ એનો એક વિશિષ્ટ દૃષ્ટિકોણ કારણભૂત છે. મન સૂક્ષ્મ છે મનની વૃત્તિઓ પર મનની જ ક્રિયા દ્વારા નિયંત્રણ મેળવવાનું કાર્ય પ્રમાણમાં મુશ્કેલ છે. મનની ક્રિયાઓ પ્રાણની ક્રિયા વિના થઈ શકે નહિ તેથી જો પ્રાણ પર કાબૂ મેળવવામાં આવે તો મન પર કાબૂ મેળવવાનું સરળ પડે. તેથી હઠયોગના આચાર્યોએ પ્રાણજય દ્વારા મનોજયનો અભિગમ અપનાવ્યો છે.

યોગના આચાર્યોએ આર્ષદૃષ્ટિથી જોયું કે માનવશરીરમાં સુષુપ્ત કુંડલિની શક્તિ છે જો એનું જાગરણ થાય અને તે સહસ્રાર સુધી પહોંચે તો વ્યક્તિના જીવનમાં આધ્યાત્મિક ક્રાંતિ ઘટી શકે. આ કુંડલિની અને તેનું જાગરણ, પ્રાણમય શરીરની ઘટના છે. હઠયોગિક દૃષ્ટિથી કુંડલિની જાગરણ અને પ્રણોત્થાનની ક્રિયા છે. અલબત્ત, વ્યાપક આધ્યાત્મિક દૃષ્ટિથી કુંડલિની જાગરણ એ મહાચેતનાનું જાગરણ છે. કુંડલિનીના જાગરણ માટે જે વિજ્ઞાન વિકસ્યું તેજ હઠયોગ. તેથી સ્વાભાવિક રીતે જ હઠયોગમાં પ્રાણમય કોશનો વિશેષ વિચાર થયો છે.

આસન, પ્રાણાયામ અને મુદ્રા- આ હઠયોગની મૂળભૂત સાધના છે આ ક્રિયાઓનો આરંભ શરીરથી કરવામાં આવે છે. પરંતુ પ્રથમ દૃષ્ટિએ શારીરિક લાગતી આ ક્રિયાઓ પ્રાણજય અને પ્રાણોત્થાન તરફ દોરી જાય છે.

### ૧. પ્રાણ

પ્રાણ એટલે જીવનશક્તિ. પ્રાણ આપણા શરીરમનની સઘળી ક્રિયાઓને ગતિ આપનાર તત્ત્વ છે. પ્રાણ તત્ત્વતઃ એકજ હોવા છતાં ક્રિયાભેદે અને સ્થાનભેદે તેના પાંચ પ્રાણ અને પાંચ ઉપપ્રાણ એમ દશ ભેદ પાડવામાં આવે છે.

**(૧) પ્રાણઃ**

શરીરમાં શક્તિનો સતત વ્યય થયા કરે છે. આ વ્યયને ભરપાઈ કરવા માટે આપણે બહારથી શક્તિ ગ્રહણ કરીએ છીએ. આ સતત ચાલતી શક્તિ ગ્રહણની ક્રિયા પ્રાણ કરે છે. આ કાર્ય શ્વાસ લેવો ખોરાક લેવો, જળ ગ્રહણ કરવું વગેરે ક્રિયાઓ તથા તેમના શરીરમાં પાચન દ્વારા થાય છે. આપણે પાંચ જ્ઞાનેન્દ્રિયો દ્વારા જે સંવેદનાઓ ગ્રહણ કરીએ છીએ તે પ્રાણની ક્રિયા છે. પ્રાણનું સ્થાન છાતીથી નાસિકા સુધી છે. આમ છતાં પ્રાણનું મુખ્ય કાર્ય શ્વાસ ગ્રહણ અને મુખ્ય સ્થાન હૃદય ગણાય છે.

**(૨) અપાનઃ**

પાચનક્રિયા, શ્વસનક્રિયા, રુધિરાભિસરણ ક્રિયા વગેરે અનેકવિધ શારીરિક ક્રિયાઓને પરિણામે શરીરમાં જે મલદ્રવ્યો ઉત્પન્ન થાય છે તેમના ઉત્સર્ગનું કામ અપાન કરે છે. મલમૂત્ર વિસર્જન, અધોગામી વાયુનું વિસર્જન, પરસેવો થવો, ઉચ્છ્વાસની ક્રિયા વગેરે ક્રિયાઓ અપાન દ્વારા થાય છે. અપાનનું સ્થાન નાભિથી નીચે છે.

(ક્રમશઃ)■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

# ગુરુ ગમ પ્યાલા પિયા...



અધ્યાત્મમાર્ગના પ્રવાસી સંત, ભક્ત, જ્ઞાનીવેદાન્તી, યૌગિક ક્રિયાઓ દ્વારા સિદ્ધિ પ્રાપ્ત કરી હોય એવા સિદ્ધ સાધક-યોગીઓ અને તત્ત્વચિંતક ઉપદેશકો દ્વારા રચાયેલા સંતસાહિત્યમાં સમગ્ર માનવજાતને સંસાર-વ્યવહાર વિશે બોધ કે ચેતવણી પણ આપવામાં આવી હોય છે. સંતોની વૈરાગ્ય પ્રબોધક રચનાઓમાં વ્યસન નિષેધ એક મહત્ત્વનું અંગ છે.

ભક્તિ, જ્ઞાન, યોગ, ઉપદેશ અને કથા જેવાં તત્ત્વોથી ઘડાયેલી આપણી સંતવાણી વારંવાર ‘કૂડાં કરમ’ તજવાનો આદેશ આપે છે એમાં તમામ પ્રકારના વ્યસનોનો ત્યાગ કરવાની જ વાત છે. ખાસ કરીને જૈનમુનિઓની જુદી જુદી રચનાઓમાં ‘વ્યસનની સજજાય’, ‘અવગુણોની સજજાય’, ‘ઉપદેશની સજજાય’, ‘આજ્ઞાઓ’ વગેરે કૃતિઓ આ પ્રકારનાં અફીણ વગેરેનાં વ્યસનનો ત્યાગ કરવા વિશેની જ છે.

એ જ પ્રમાણે જૈનેતર આખ્યાન કવિઓએ પણ પોતાનાં આખ્યાનોમાં તક મળી ત્યાં શુભાષિતો કે સાખી-દુહાઓમાં ઉપદેશાવલી આપી છે. સ્વામિનારાયણ સંપ્રદાયના ‘વચનામૃત’થી માંડીને છેક દલપતરામ કવિની રચનાઓ સુધી અને ગોરખનાથ, કબીર, નાનક જેવા સમર્થ સંતકવિઓથી માંડીને અસાઈતના ભવાઈ વેશો સુધીના સાહિત્યમાંથી આપણને વ્યવહાર જ્ઞાન અને નશાકારક ચીજો તજવાનો ઉપદેશ મળી રહે છે.

કળિયુગનાં વ્યસનો-હોકો, ચલમ, ભાંગ, અફીણ, ગાંજો, શરાબ વગેરે નશાકારક ચીજોના દુર્ગુણો વર્ણવતી અનેક રચનાઓ સંતસાહિત્યમાંથી, ચારણી સાહિત્યમાંથી અને લોકસાહિત્યમાંથી સાંપડે છે. એમ ગવાય છે :

*ગાંજા, ભંગ, અફીણ મદ, ઊતર જાત પર ભાત,*
*નામ ખુમારી નાનકા, ચડી રહે દિન રાત.*

પણ ભક્તિની- અધ્યાત્મ સાધનાની ખુમારીને- એના કેફને સંતો વિવિધ નશાકારક ચીજોના રૂપકો દ્વારા વ્યક્ત પણ કરતા રહ્યા છે. પછી એ ભાંગ હોય, ગાંજો હોય, અફીણ કે શરાબની પ્યાલીનો નશો હોય. મીરાંબાઈના નામાચરણ સાથે એક પદ ગુજરાતના ભજનિકોમાં ગવાય છે :

*મોહન ભાંગ પીલાઈ રે, કદંબ હેઠે મોહન ભાંગ પીલાઈ,*
*જળ જમુનાકો શીતળ પાણી, ગાગર ભર કર લાઈ...*
*સોનેકી કુંડી,રૂપેકા લોટા, દકુંડી રતન જડાઈ રે,*
*કૃષ્ણએ વાટી ને બળદેવે ઘૂંટી, રાધાએ સાફી સાઈ રે...*
*સોવરન પ્યાલા, પાયે મતવાલા, અખિયાંમેં લાલન છાઈ ,*
*મીરાં કહે પ્રભુ ગિરધર નાગર, ચરણ કમળ ચિત્ત લાઈ રે...*
*-મોહન ભાંગ પીલાઈ રે...*

વડોદરા રાજ્યના રાજકુટુંબમાં, ગાયકવાડ પરિવારમાં જન્મેલા બાપુસાહેબના પિતા યશવંતરાવ ગાયક્વાડને સાવલી તાલુકાના ગોઠડા ગામે પોતાની જાગીર હતી. વિક્રમ સંવત ૧૮૩૩ ઈ.સ.૧૭૭૯માં વડોદરા મુકામે બાપુ સાહેબનો જન્મ થયો. જાગીરના વહીવટ માટે અવારનવાર ગોઠડા ગામે જવાનું થતું.

ગોઠડા ગામે સંત કવિ ધીરા ભગતનો સત્સંગ થયો. એટલે બાપુસાહેબ ભક્તિના રંગે રંગાયા, ધીરે ધીરે ધીરાભક્તની કાફીઓના ઢાળમાં ભજન રચનાઓ કરતા થયા પણ આત્માને પૂરો સંતોષ ન હોતો. એવામાં સંત-કવિ નિરાંત મહારાજના સંપર્કમાં આવ્યા અને પોતાના મનની સમસ્યાઓનું સમાધાન થયું.

નિરાતમહારાજ પાસે બાપુસાહેબે ભક્તિ-સાધનાની દીક્ષા લીધી અને આત્મસાક્ષાત્કાર થયો એમ નોંધાયું છે. બાપુસાહેબનું મહાનિર્વાણ વિ.સં.૧૮૯૯ ઈ.સ.૧૮૪૩માં થયું. આજે એમના ઘણા અનુયાયીઓમાં બાપુસાહેબની ભજન રચનાઓ ગવાય છે. એમાં એક રચના છે હુક્કાનું રૂપક લઈને -

**હુક્કો પીધો ગુરુ દયા થકી જ્ઞાનનો જો, દમ ખેંચ્યો ધણી તારા ધ્યાનનો જો..**
**તન હુક્કો ઘટ ઘટ સ્વામી બોલતો જો, પ્રેમ જળમાં હુક્કાને ઝકોળતો જો**
**પ્રથમ ચલમ ચતુરાઈ ખાસી કરી જો, કૂડ કપટ તમાકુ તેના માંહી ભર્યા જો,**
**મેળ મેર ગુરુની પ્રીતે કર્યા જો, ચિત્ત ચિપિયે તો બ્રહ્મ અગનિ ધર્યા જો**
**નેહ નિરભે નારાયણ કેરા નામની જો, શોભે દામણી તે અચળ અખે ધામની જો**
**ગુરુ ધીરાએ હુક્કો ભરી આપિયો જો, દાસ બાપુને પોતાનો કરી થાપિયો જો...**

રવિભાણ સંપ્રદાયના ત્રિકમસાહેબના શિષ્ય સીલદાસજીએ ગાયું છે:

*રોમે રોમે રંગ છાયો,*
*ગુરુએ મુંને જ્ઞાન રો ગાંજો પાયો રે જી...*
*કરમ કોદાળી, થીર સે થાણો, ધીરજ ધરતીકું ખેડાયો,*
*દયા ધરમના ધોરી જોડ્યા, પ્રેમસે પાણી પાયો...*
*ગિયો ગાંજો, બે પાન લાગ્યાં, ઓહમ્ સોહમ્ કળી લાયો,*
*પાકતાં ગાંજો પેટાવી બેઠો, ને પાંચો ચોર ભગાયો..*
*ગુરુએ મુંને જ્ઞાન રો ગાંજો પાયો રે જી...*
*કાપ કૂટ ગાંજો નિજ ઘર લાયો, મનકો કામે લગાયો,*
*ચેતન જલસે ધોવા સારૂ, જુગતિ કો જલ મંગવાયો...*
*પીતાં ગાંજો અલખ ધૂન લાગી, નિરભે નિશાન ઘુરાયો,*
*સીલદાસ ગુરુ ત્રિકમ ચરણે, મેં તો જલમ મરણ કો મિટાયો..*
*ગુરુએ મુંને જ્ઞાન રો ગાંજો પાયો રે જી...* ■

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@bombaysamachar.com

# દિવ્ય ગુણોથી મોક્ષ!



ગત અંકમાં દયા ગુણની વાત કરીને હવે ભગવાન કૃષ્ણ સમગ્ર દૈવી ગુણોથી મોક્ષની પ્રાપ્તિરૂપ ફળ પ્રાપ્ત થાય છે, તે સમજાવી રહ્યા છે.

સંસારમાં જ્યારે અવગુણો વધતા જાય તો આ સંસારનું ચિત્ર કાંઇક બને છે. અંધાધૂંધી, અરાજકતા, ખૂન-ખરાબી, અવિશ્ર્વાસ, છૂટાછેડા, વ્યસનો, ઝઘડા, કંકાસ... વગેરેને કારણે વાતાવરણ ગમગીન થઈ ગયું છે. રોજ બરોજના સમાચાર પત્ર હોય કે ટી.વી.માં આવતા ન્યૂઝ હોય, આવા કિસ્સાઓ સહજ બની ગયા છે.....‘શું થાય? આ તો હળાહળ કળિયુગ છે. તે આવું જ રહેવાનું ને’ બે પચાસ વટાવેલા વ્યક્તિઓ વચ્ચેની વાત - મને એમ લાગે છે કે હું કળિયુગમાં ખોટો જન્મ્યો... હું સતયુગમાં જન્મ્યો હોત તો સારું હોત...’

એવું કહેવાય છે કે, સતયુગમાં ભગવાન તથા અસુરો અલગ અલગ લોકમાં અસ્તિત્વ ધરાવતા હતા. ત્રેતાયુગમાં તેઓ સમાન લોકમાં નિવાસ કરતા હતા. દ્વાપરયુગમાં તેઓ સમાન પરિવારમાં વસતા હતા જ્યારે કળિયુગમાં દૈવી અને આસુરી પ્રકૃતિ એક જ મનુષ્યના અંતઃકરણમાં સહ-વાસ કરે છે. મનુષ્યના અસ્તિત્વનું આ ધર્મસંકટ છે, જ્યાં ઉચ્ચતર ‘સ્વ’ તેને ઊર્ધ્વ દિશામાં ભગવાન તરફ ખેંચે છે અને નિમ્નતર ‘સ્વ’ તેને અધો દિશામાં ખેંચે છે.

આજના આ જમાનામાં આંતરિક શુદ્ધિ કરતા બહારના દેખાવ પર ફોકસ વધી ગયું છે. દયા, કરુણા, ક્ષમા, ત્યાગ, સહનશીલતા, સરળતા, સંતોષ, સમતા, પ્રેમ વગેરે સદ્ગુણોથી યુક્ત વ્યક્તિ ભાગ્યે જ નજરે ચડશે. જયારે ક્રોધ, માન, ઈર્ષ્યા, દગો, હિંસા, દંભ, અહંકાર વગેરે વ્યક્તિમાં તેના ઘરેણાં સમાન નજરે ચડે છે.

મહંત સ્વામી મહારાજ કહે છે- ‘જો દિવ્ય ગુણો હશે તો જ વ્યક્તિને કળિયુગમાં પણ ભગવાનની સાથે જ છે.’

ઘણીવાર આપણા મનમાં ભ્રમણા હોય છે કે યુગ, વાતાવરણ અને પરિસ્થિતિના આધારે ભજન, ભક્તિ અને કલ્યાણ થતાં હોય છે, પણ હકીકતમાં ભગવાન અને સંતના સંબંધથી આવેલ ગુણોથી જ મોક્ષ થાય છે, તેથી ગમે તેવો કળિયુગ પણ આપણા માટે સતયુગથીય અધિક જ છે.

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે દૈવી ગુણો મોક્ષ તરફ દોરી જાય છે, જયારે આસુરી સંપત્તિ બંધનનું કારણ છે. હે અર્જુન, તું શોક ન કર, કારણ કે તું દિવ્ય ગુણો સાથે જન્મ્યો છે. તેઓ કહે છે કે આસુરી સંપદા વ્યક્તિને જન્મ અને મૃત્યુની સાંકળમાં બાંધી રાખે છે, જયારે દિવ્ય ગુણોનું સંવર્ધન વ્યક્તિને માયાના બંધનને તોડવામાં સહાયક થાય છે.

આધ્યાત્મિક માર્ગ પર ચાલવા માટે તેમજ તેને અંત સુધી વળગી મોક્ષ પ્રાપ્તિ માટે સાધકે ઘણી બાબતોની સાવધાની રાખવાની આવશ્યકતા છે. અહંકાર, દંભ, ક્રોધ, માન, ઈર્ષ્યા, દગો, હિંસા વગેરેમાંથી એક પણ આસુરી ગુણ વ્યક્તિમાં હોય, તો તે નિષ્ફળતાનું કારણ બની શકે છે. સાથે-સાથે, દયા, કરુણા, ક્ષમા, ત્યાગ, સહનશીલતા, સરળતા, સંતોષ, સમતા વગેરે દિવ્ય ગુણોનો વિકાસ કરવો પણ આવશ્યક છે, કારણ કે દિવ્ય ગુણો વિના આપણી આધ્યાત્મિક પ્રગતિ પાંગળી થઈ શકે છે અને મોક્ષ પ્રાપ્તિ માટે અવરોધક બની શકે છે.

જેમ આપણે કોઈ યાત્રા પર નીકળ્યા હોઈએ અને દૃઢતાના અભાવથી જ્યારે યાત્રા કઠિન બને ત્યારે આપણે તેને અધવચ્ચે છોડી દઈશું, ક્ષમાના અભાવથી મન ઘૃણા સાથે બંધાયેલું રહેશે અને તેનામાં ભગવાનમાં તલ્લીન થવાની ક્ષમતા રહેશે નહીં. પરંતુ જો આપણે દિવ્ય ગુણો ધરાવતાં હોઈશું તો આપણી પ્રગતિની ઝડપ અને માર્ગમાં આવતાં વિઘ્નોનો સામનો કરવાની ક્ષમતામાં વૃદ્ધિ થાય છે. આ પ્રમાણે, સદ્ગુણોનો વિકાસ અને દુર્ગુણોને દૂર કરવા એ આધ્યાત્મિક સાધનાનો અભિન્ન ભાગ છે અને મોક્ષ પ્રાપ્તિ માટે આવશ્યક છે.

દિવ્ય ગુણો એ આપણને શ્રેષ્ઠ જીવન જીવવા માટેના માર્ગદર્શક છે. આ ગુણોને જીવનમાં અપનાવવાથી, વ્યક્તિ ન માત્ર આધ્યાત્મિક વિકાસ કરે છે, પરંતુ તે સમગ્ર સમાજ માટે પણ મૂલ્યવત્તા અને પ્રેમ પ્રદર્શિત કરે છે. જ્યારે આ ગુણોનો વ્યવહાર કરવામાં આવે છે, ત્યારે આપણે સાચી દિશામાં મોક્ષ માટે પરમાત્માની તરફ આગળ વધીએ છીએ.

મોક્ષ એ આત્મિક મુક્તિ અને પરમાત્મા સાથે એકતાના અનુભવનો માર્ગ છે. આ માર્ગ સજાગતા, આધ્યાત્મિક સાધના અને વ્યક્તિગત પરિવર્તન દ્વારા પ્રાપ્ત થઈ શકે છે. જીવનમાં સાચા સ્વરૂપને ઓળખી, મુક્તિ અને શાંતિનો અનુભવ કરી મોક્ષ પ્રાપ્તિ એ આપણા જીવનનું અંતિમ ધ્યેય હોવું જોઈએ.

જ્યારે વ્યક્તિના જીવનમાં સત્ય, પ્રેમ, દયા, શ્રદ્ધા, કરુણા, ક્ષમા, ત્યાગ, સહનશીલતા, સરળતા, સંતોષ, સમતા અને નિઃસ્વાર્થતા પ્રગટે છે, ત્યારે એ જીવન જ મોક્ષ તરફનો માર્ગ બની જાય છે.

હા, જીવનમાં દૈવી ગુણોના વિકાસ માટે સત્પુરુષનો સંગ આવશ્યક છે. ■

વિશેષ

રાજેશ યાજ્ઞિક
feedback@bombaysamachar.com

# શ્વાનનું પણ એક મંદિર છે, જાણો છો?



ભારત મંદિરોનો દેશ છે. હોય પણ કેમ નહીં? હજારો વર્ષ પુરાણી આસ્થા અને ભક્તિની પરંપરા આપણા દેશમાં છે. ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમ સુધી બધે જ શૈવ, વૈષ્ણવ અને શાક્ત પરંપરાનાં મંદિરો આપણને જોવા મળે છે, પરંતુ તેમાંથી કેટલાંક મંદિરો આપણને આશ્ચર્યચકિત કરી નાખે છે. આટઆટલાં મંદિરોમાં તમે એક એવું મંદિર જાણો છો, જ્યાં શ્વાનની પૂજા થાય છે?

આમ તો, દેવ-દેવીઓનાં વાહનો તરીકે પ્રાણીઓ હોય જ છે. તે નિમિત્તે મંદિરોમાં પણ તેમનું મહત્ત્વનું સ્થાન હોય છે. ક્યારેક કોઈ વિશિષ્ટ કારણોથી કોઈ પ્રાણીનું સ્મારક બને તેવું પણ જોવાય છે. પણ જો મંદિર જ શ્વાનનું હોય એ પચાવવું થોડું અઘરું પડે. પણ આ બિલકુલ સાચું છે. ચાલો તમને ચન્નાપટના શહેરમાં લઈ જઈએ અને ત્યાંના શ્વાન મંદિર વિશે વધુ જણાવીએ.

કર્ણાટકના રામનગર જિલ્લના ચન્નાપટના ખાતે આવેલું, શ્વાન મંદિર, ઘણા સમયથી સ્થાનિકો અને પ્રવાસીઓમાં એક લોકપ્રિય સ્થળ બની ગયું છે. ચન્નાપટના શહેર રમકડાં નગર તરીકે જાણીતું છે. ત્યાંના પરંપરાગત લાકડાના રમકડાં દેશ-વિદેશમાં સુખ્યાત છે. પણ સાથે તે અહીં આવેલા શ્વાન મંદિર માટે પણ જાણીતું છે. ચન્નાપટના શહેરના વલગેરેહલ્લી ગામમાં આ મંદિર ૨૦૧૦માં રમેશ નામના એક ઉદ્યોગપતિ દ્વારા બનાવવામાં આવ્યું હતું. આ વિસ્તારમાં દેવી કેમ્પમ્માને સ્થાનિક રક્ષક દેવી માનવામાં આવે છે. બન્યું એવું કે રમેશ ગ્રામ દેવતા, દેવી કેમ્પમ્માને સમર્પિત એક મંદિર બનાવી રહ્યા હતા. ગામમાં પ્રચલિત કિંવદંતી અનુસાર જ્યારે દેવીનું આ મંદિર નિર્માણાધીન હતું, ત્યારે ત્યાં બે શ્વાન ક્યાંકથી આવી ચડ્યા અને મંદિર પરિસરમાં જ રહેવા લાગ્યા. કહે છે કે જ્યાં સુધી મંદિરનું નિર્માણ ચાલ્યું ત્યાં સુધી આ શ્વાનો ત્યાં જ રહ્યા. ગામના લોકો પણ તેમની દેખભાળ કરવા લાગ્યા હતા. પણ જેવું મંદિર નિર્માણ પૂર્ણ થયું કે આ શ્વાનો અચાનક અદ્રશ્ય થઇ ગયા, જાણે અહીંયા કયારેય હોય જ નહીં! ભારે શોધખોળ પછી પણ તેમનો કોઈ અત્તોપત્તો લાગ્યો નહીં.

ત્યારબાદ, અચાનક ગામના એક વ્યક્તિને સ્વપ્નમાં શ્વાન દેખાયા અને દેવીએ કહ્યું કે મંદિરની રક્ષા માટે તેમની સ્થાપના કરો. આ સ્વપ્ન બાદ મંદિર પરિસરમાં શ્વાન માટે મંદિર બનાવાયું અને બંને શ્વાનની પ્રતિમાની સ્થાપના કરવામાં આવી. મંદિરમાં શ્વાનોની પૂર્ણ કદની પ્રતિમા સ્થાપિત છે. હવે તેની વિધિવત પૂજા પણ કરવામાં આવે છે. આ સ્થળને નઈ દેવસ્થાન તરીકે પણ ઓળખવામાં આવે છે. ચન્નાપટના અને આજુબાજુના પ્રદેશોમાં એવી માન્યતા છે કે જીવનમાં આવેલા અનિષ્ટોને દૂર કરવા હોય તો અહીં શ્વાનની પૂજા કરવી જોઈએ. ગામ લોકો માને છે કે શ્વાનો દેવી વીરમસ્તી કેમ્પમ્માના રક્ષક છે. આ મંદિરમાં દર ગુરુવાર અને રવિવારે ખાસ પૂજા થાય છે, જે દેવી વીરમસ્તી કેમ્પમ્માની પૂજા પછી કરવામાં આવે છે.

શિવ ગણોમાં કાળા શ્વાનનો પણ ઉલ્લેખ જોવા મળે છે. શ્વાન આપણે ત્યાં કાળ ભૈરવના વાહન તરીકે જાણીતા છે જ. જ્યોતિષ શાસ્ત્રમાં પણ છાયા ગ્રહ કેતુના પ્રતીક તરીકે શ્વાન છે. તેથી તેનું મહત્ત્વ આપણે સ્વીકાર્યું જ છે. પણ તેમને પૂજનીય માનવાની આ રીત અનોખી છે. વર્ષમાં એકવાર અહીં મેળો ભરાય છે, જ્યાં દેશ-વિદેશથી લોકો તેને જોવા માટે આવે છે. આ મેળાને જાત્રા મહોત્સવ તરીકે ઓળખવામાં આવે છે. ચન્નાપટનાના વલગેરેહલ્લી ગામમાં શ્વાનોને ખાસ દરજ્જો આપવામાં આવ્યો છે.

સાથે યાદ આવે મહાભારત. જેમાં મોક્ષની ઈચ્છાથી પાંડવોએ હિમાલયમાં ઉત્તર દિશા તરફ મહાપ્રયાણ આદર્યું. આ સ્વર્ગારોહણમાં તેમની સાથે એક પ્રાણી પણ હતું. એ અન્ય કોઈ નહીં, પણ શ્વાન હતો. બધાજ પાંડવો, સ્વર્ગારોહણમાં એક પછી એક કાળને વશ થયા. અંતે બચ્યા, માત્ર યુધિષ્ઠિર અને શ્વાન. આખરે સ્વર્ગમાં પ્રવેશ માટે યુધિષ્ઠિર માર્ગમાં સાથ આપનાર શ્વાન સાથે જ પ્રવેશ કરવા મક્કમ રહે છે. ત્યારે શ્વાનના રૂપમાં રહેલા ધર્મરાજ પરીક્ષામાં તે ઉત્તીર્ણ થયાનું કહે છે. આપણા શાસ્ત્રોમાં ઠેકઠેકાણે શ્વાનનું કેટલું મહત્ત્વ છે તે સમજાય છે. આસ્થાની સાથે પ્રાણી પ્રેમનો આ અનોખો સંગમ આપણને એ યાદ અપાવે છે કે, પ્રત્યેક જીવમાં આત્મસ્વરૂપે પરમાત્માનો અંશ છે. ■

આચમન

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com

# પૈસો ઊંઘ, આરોગ્ય, ભૂખ કે સાચું સુખ આપી શકતો નથી...

એક ખૂબ માલદાર માણસ હતો. એને રાત્રે નિરાંતની નિંદર આવતી નહોતી. બહુ પ્રયત્નો કરી જોયા, પરંતુ ઊંઘ આવે નહીં.

- એવામાં ગામમાં એક સૂફી ઓલિયા આવ્યા. એ દરવેશ વિશે ચમત્કારી વાતો સંભળાતી હતી. એ સાંભળીને પેલા શ્રીમંતને પણ સંત પાસે જવાની ઈચ્છા જાગી.

- એક સાંજે એ ઈશ્વરના ઓલિયાને મળવા ગયો.

- સંત પાસે પોતપોતાની મુશ્કેલીઓ લઈને આવેલા બીજા બધા લોકો સંત પાસેથી નિરાકરણ મેળવીને ગયા ત્યાં સુધી એ બેસી રહ્યો.

-આખરે ત્યાં બેજ વ્યક્તિ રહી: સંત અને પેલી શ્રીમંત વ્યક્તિ.

- સંતે પોતાની કરુણાસભર દૃષ્ટિ એના પર ફેરવી, પૂછ્યું.

- ‘ભાઈ! તમે હજુ કેમ બેઠા છો?’

- પેલાએ પોતાની મુશ્કેલી કહી સંભળાવી.

- સૂફી મહાત્માએ ધીમેધીમે એની આખી જીવનકથા જાણી લીધી.

- એક સમયે જેને એક ટંક ખાવાના ય સાંસા હતા તે માણસ કરોડપતિ શી રીતે બની ગયો એ સંત સમજી ગયા.

- સંતે પેલાને સમજાવટના સૂરે કહ્યું,

- ‘જો ભાઈ, તારો સવાલ અને એનો જવાબ બંને તું જ છે.’

- ‘જ્યારે તારી પાસે દોમ દોમ સાહેબી નહોતી ત્યારે તને ખુલ્લી જમીન પર પણ ઘસઘસાટ ઊંઘ આવી જતીને?’

- ‘પેલા શાહુકારે હા પાડી.’

- ‘તો આજે તારી પાસે દુનિયાની તમામ સુખસગવડ છે ત્યારે તને ઊંઘ કેમ નથી આવતી?’

- સૂફી ઓલિયાએ પ્રશ્ન પૂછ્યો, પછી પોતે જ જવાબ આપ્યો:

* ‘પૈસો માત્ર એક સાધન છે, એ સિદ્ધિ નથી.’

* ‘પૈસો માત્ર રસ્તો છે, મંઝિલ નથી.’

* ‘પૈસાથી તું દુનિયાભરની લઝીઝ (શ્રેષ્ઠ અને સ્વાદિષ્ટ) વાનગીઓ મેળવી શકે છે ભૂખ નહીં.’

* ‘પૈસાથી તું સોનાનો પલંગ ખરીદી શકે છે, ઊંઘ નહીં.’

- પૈસો તને



* ‘ઊંઘ, આરોગ્ય, ભૂખ કે સાચું સુખ આપી શકતો નથી.’

- કારણ કે

* પૈસો સુખ નથી,

* પૈસો સંતોષ નથી,

* પરંતુ એનો એક માર્ગ છે.

- સંત શ્વાસ લેવા રોકાયા.

- શ્રીમંત શખસની જિજ્ઞાસા વધતી જતી હતી.

‘કહો, કહો,’ પેલો માલદાર માણસ અધીરાઈથી બોલી ઊઠ્યો.

- સંતે મીઠું મલકાતા કહ્યું,

* તું સંઘર્ષ કરીને ઉપર આવ્યો એ સાચું, પરંતુ ઝડપભેર ઉપર આવવાની લાહ્યમાં તે અજાણતાંમાં ઘણાને અન્યાય કર્યો હશે,

* ઘણાની આંતરડી કકળાવી હશે,

* તારા પોતાના ખાદીમો (સેવક-કર્મચારીઓ)નું શોષણ કર્યું હશે.

* હજાર રૂપિયા મળ્યા હશે ત્યારે તને લખપતિ થવાની અબળખા જાગી હશે અને લખપતિ થયા પછી કરોડપતિ અને અરબપતિ થવાની મહત્ત્વાકાંક્ષા જોર કરી ગઈ હશે...!’

- ‘હવે ધ્યાનથી સાંભળ!’

* ઈશ્વર, અલ્લાહ, પ્રભુના આ મહાન સૂફી, ઓલિયા, સંતે કહ્યું,

* ‘અહીં બેસીને કરવું હોય તો અહીં અને તારા ઘરે જઈને કરવું હોય તો ઘરે જઈને.’

* તું તારા જીવનનું સરવૈયું કાઢ.

* તેં જાણ્યે-અજાણ્યે જેને દુભાવ્યા હોય એ સૌની રૂબરૂમાં કે પત્ર દ્વારા અથવા અન્ય સાધન-ઉપકરણ દ્વારા માફી માગી લે.

- કમાવવાની હાયવોયમાં

* માતા-પિતા,

* પત્ની-સંતાન,

* સગાસંબંધીઓને

- અન્યાય થઈ ગયો હોય,

- તેમના તરફ ધ્યાન અપાયું ન હોય તો તેમની માફી માગી લે.

- પછી વિચાર કે હવે તને વધુ માલ-દૌલત, ધન-જાયદાદની જરૂર છે?

- ન હોય તો કાળાંધોળાં કરવાનું મૂકી દે.

- થાય તેટલો ધંધો કર,

- માણસને આખરે તો

* બે રોટલી,

* બે કપડાં

* બે ગજ જમીન અને

* ચારવાર કફનની જરૂર છે.

- એમાં તમામ સુખનો સરવાળો છે,

- બાકીની બધી વાત નકામી છે.

- આટલું કર્યા પછીય ઊંઘ ન આવે તો મારી પાસે આવજે...?

- સંત અને શ્રીમંત વચ્ચેના આ વાર્તાલાપમાંથી બોધ એ મળવા પામે છે કે, માનવી પોતાના જીવનનાં લેખાં-જોખાં કરે. સમયનો એ તકાજો છે બેચેન મનને શાંત કરવાનો, હોય તો વાચક બિરાદરો જરૂર જણાય. ■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

# વિષયોના ચિંતનનું નિયંત્રણ...



એમ કહેવાય છે કે, મનની અંદર વિચારો તથા ઈચ્છા સમાયેલી હોય, બુદ્ધિ સાથે નિર્ણયાત્મક શક્તિ જોડાયેલી રહે જ્યારે ચિત્તમાં સંસ્કાર અને મૂલ્યોને આધારિત ચિંતન તથા મનન માટેનાં આધાર સમાન કેટલીક છબીઓ અંકિત થયેલી હોય. મન એકવાર કાબૂમાં આવી શકે, વિવેક તથા સંયમ થકી બુદ્ધિ પર નિયંત્રણ લાદી શકાય, પરંતુ ચિત્ત એક જટિલ પરિસ્થિતિ છે, સમસ્યા છે. ચિત્તને જો સમજાવી શકાય તો પ્રશ્નોનું નિરાકરણ આવી જાય.

શાસ્ત્રમાં કહેવાયું છે કે વારંવાર વિષયોનું સેવન કરતાં રહેવાથી ચિત્ત વિષયોમાં ફસાઈ ગયું હોય છે અને વિષયો ચિત્તમાં વસી ગયાં હોય છે. વિષયોએ ચિત્તને પોતાનું આવાસ બનાવી દીધું હોય. તેવાં સંજોગોમાં ઈશ્વરમાં સ્થિત થઈ તે વિષય અને તેને આશ્રય આપનાર ચિત્ત બંનેનાં અસ્તિત્વને નકારવાં જોઈએ. વિષયો તો બહાર આકાર લેતી ઘટના છે જ પરંતુ ચિત્ત પણ તે ઘટનાને આશ્રય આપનાર પરાઈ પરિસ્થિતિ છે. કોઈપણ પરિસ્થિતિ પ્રત્યે આકર્ષણ ત્યારે જ થાય જ્યારે તે બાબત પસંદગીનો વિષય હોય. આકર્ષણ માટે જે તે ઘટના પસંદગીના ક્ષેત્રમાં આવવી જોઈએ. પસંદગીના ક્ષેત્રમાં પ્રવેશ થાય તે પછી તે પ્રત્યે આકર્ષણ જાગે. આકર્ષણથી તેને પ્રાપ્ત કરવાની ઈચ્છા થાય, તેને મેળવવાની કામના થાય, તેના પર માલિકી સ્થાપવાની આકાંક્ષા થાય. પછી તે દિશાના પ્રયત્નો ચાલુ થાય.

વિષયનું વારંવાર ચિંતન કરવાથી તે માટેની કામના જાગ્રત થાય. વિષય આકર્ષક છે તેમ વારંવાર યાદ કરવામાં આવે તો તે પ્રત્યે મોહ જાગે. જે પણ વસ્તુ ઇન્દ્રિયો તથા મનને ભાવી ગઈ હોય તે તરફ ઇન્દ્રિયો તથા મન વારંવાર ગતિ કરે. તે માહોલમાં ફર્યા કરવું મનને પણ ગમે અને ઇન્દ્રિયોને પણ પસંદ પડે. વ્યવહારમાં જ્યારે મન અને ઇન્દ્રિયોનું પ્રભુત્વ હોય ત્યારે બુદ્ધિ પણ તેમને અનુકૂળ થઈ જાય. તે વખતે બુદ્ધિ વિવેક તથા સંયમને બાજુમાં કરી જે તે વિષયને કેવી રીતે વધુ ભોગવી શકાય તે વિચારવામાં મગ્ન થાય. બુદ્ધિ, ચિત્તમાં અંકિત થયેલી છબીને સંદર્ભ તરીકે લઈ મન અને ઇન્દ્રિયોને પ્રોત્સાહન આપે. ઇન્દ્રિય તથા મન, બુદ્ધિ મારફતે, ચિત્તમાં વિશેષ પ્રકારની છબી અંકિત કરે અને તે જ છબી ચિત્ત દ્વારા પાછી મન અને ઇન્દ્રિયોને પહોંચાડવામાં આવે. આ એક વિષયચક્ર સમાન ઘટના છે.

જે તે વિષય પ્રત્યેના આકર્ષણની ભાવના તીવ્ર હોય તો આ પ્રયત્ન વખતે બીજી દરેક પરિસ્થિતિ ગૌણ બની રહે. અહીં ક્યારેક એમ પણ બને કે ઉત્તરદાયિત્વ સમાન, ધર્મના ભાગ સમાન રહેલી કેટલીક બાબત પણ ધ્યાન બહાર જતી રહે. સામાજિક પરિપ્રેક્ષ્યમાં, વ્યવહારિક જીવનમાં, આધ્યાત્મિકતાના માર્ગ પર, ધાર્મિક વ્યવસ્થામાં આ એક જોખમકારક ઘટના ગણાય. સમય જતાં, આકર્ષિત કરનાર બાબતને પ્રાપ્ત કરવા અથાગ પુરુષાર્થ શરૂ થાય. ક્યારેક તો જાણે બધું જ દાવ પર લગાવી દેવાય. તે પછી પણ જો હેતુ સિદ્ધ ન થાય તો હતાશા ઉદભવે, નિરાશા મળે, આત્મવિશ્વાસ ડગી જાય, અને પરિસ્થિતિ પ્રત્યે અંતે ક્રોધ જન્મે. ગીતામાં પણ આ જ ક્રમ દર્શાવાયો છે.

આકર્ષણની બાબત પ્રાપ્ત થઈ જાય તો અહંકાર જાગે, કર્તાપણું પ્રખર બને, મમત્વની ભાવના વધુ દ્રઢ થાય, સામર્થ્ય પર અભિમાન થાય, રાજસી વૃત્તિ નવીન અને જોખમી રૂપ ધારણ કરે, પ્રવર્તમાન પરિસ્થિતિની કેટલીક બાબતો તુચ્છ જણાવા લાગે, અને આ બધાંને કારણે અંતે પતન તરફ ગતિ શરૂ થાય. અને, જો આકર્ષણની બાબત પ્રાપ્ત ન થાય તો અગાઉ જણાવ્યા પ્રમાણે ક્રોધ જન્મે, આત્મવિશ્વાસ ડગી જાય અને ક્યારેક જીવન પણ વ્યર્થ લાગે. બંને પરિસ્થિતિ સમાન રીતે જોખમી છે. આકર્ષક બાબત અંતે તો નકારાત્મક પરિસ્થિતિનું જ કારણ બને. આકર્ષણ કરનારી બાબત માટેનું ચિંતન બંધ થાય તે જરૂરી છે.

વિચારની ક્ષમતા અપાર છે. એમ કહેવાય છે કે દ્રઢ વિચાર અને ઈચ્છા શક્તિ હોય તો ગમે તેવું મુશ્કેલ કામ પણ પાર પડી શકે. એમ પણ કહેવાય છે કે પ્રત્યેક કાર્યની શરૂઆત એક વિચારથી થાય છે. આ વિચાર એટલે જ એક પ્રકારનું ચિંતન. વિચાર કદાચ આકસ્મિક હોઈ શકે પરંતુ ચિંતન એ ગંભીર પ્રક્રિયા છે. વિચાર હેતુ ન હોઈ શકે પરંતુ ચિંતન એ સહેતુક ચેષ્ટા છે. વિચાર એક કુદરતી પ્રક્રિયા હોઈ શકે જ્યારે ચિંતન એ સૂક્ષ્મ પ્રકારનો પુરુષાર્થ છે. વિચાર એ સાંજોગિક ઘટના હોઈ શકે જ્યારે ચિંતન એ વ્યક્તિગત માનસિકતાનું ક્ષેત્ર છે. વિચાર પાછળ બહારની પરિસ્થિતિ કારણભૂત હોઈ શકે જ્યારે ચિંતન એ અંતઃકરણની પ્રક્રિયા છે. વ્યક્તિના આચરણમાં વ્યક્ત થતી દશા તથા દિશા ચિંતન પર આધાર રાખે. જો યોગ્ય દશા તથા દિશાની અપેક્ષા હોય તો ચિંતન પર નિયંત્રણ જરૂરી છે. અનિયંત્રિત ચિંતન સમગ્ર પરિસ્થિતિને કલુષિત અને મલિન કરવા સમર્થ છે.

સ્થૂળ વિશ્વનો આધાર સૂક્ષ્મ વિશ્વ છે અને સૂક્ષ્મ વિશ્વનો આધાર-કારણ વિશ્વ છે. સૂક્ષ્મ વિશ્વમાં, મન, બુદ્ધિ ચિત્ત અને અહંકાર જેવાં અંતઃકરણના વિવિધ સ્વરૂપનું પ્રભુત્વ હોય. આ પરિબળો વ્યવહાર, સમજ, તેમજ પ્રતિભાવ નિર્ધારિત કરે. આ બધામાં ચિત્તનું સ્થાન વધુ મહત્ત્વનું છે. એમ કહેવાય છે કે વ્યક્તિ જ્યારે એક શરીરમાંથી બીજા શરીરમાં, પુનર્જન્મ સ્વરૂપે પ્રયાણ કરે ત્યારે ચિત્ત, સંગ્રહાયેલા સંસ્કાર તથા છબીઓને, પવન જેમ સુગંધને એક સ્થાનેથી બીજાં સ્થાને લઈ જાય, તેમ લઈ જાય છે. તેવાં સંજોગોમાં ચિત્ત રિક્ત હોય, સ્વચ્છ હોય, નિર્મળ હોય, વિષય પ્રત્યેની વાસનાથી અલિપ્ત હોય, નિર્લેપ હોય, અહંકારથી મુક્ત હોય, તે જરૂરી છે. જો તેમ હોય તો ચિંતન માટે ચિત્ત પાસે કોઈ આધાર ન હોય. ચિત્ત દ્વારા થતાં વિષયોના ચિંતનનું નિયંત્રણ આધ્યાત્મિક પ્રગતિ માટે એક અનિવાર્ય બાબત છે. ■

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

# નાશવંત દેહનો આત્મા છે અવિનાશી...

(ગતાંકથી ચાલુ)

(૭) 'વિવેકસાર' (હિન્દી-વ્રજ) : મૂળભૂત રીતે અહીં કેન્દ્રમાં એકાંતિક ભક્તિની પ્રાપ્તિની પ્રાર્થના છે. ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યથી ભાવસભર ભક્તિનું પ્રબોધન, શ્રીહરિનું મહાત્મ્ય પણ અહીં કેન્દ્રમાં છે. સંત-અસંતને વિવેકપૂર્વક ઓળખવાનો, ચિત્તમાંના ષડરિપુઓને નાથવાનો, લોભ, કામ, સ્વાદ, સ્નેહ અને માન આ પાંચને જીતવાનો આદેશ પણ અહીં કેન્દ્રમાં રહ્યો છે.

દેહ નાશવંત છે. આત્મા અવિનાશી છે. આથી દેહાયાસ છોડીને આત્મનિષ્ઠામય બનવાનું કવિ સૂચવે છે અને આત્માની ઓળખ આપતા તેઓએ ગીતાસારને ગોપવી લીધાં છે એ કડી અવલોકીએ.

*'સડે નહીં સો જલકરી, વહ્નિ દહે ન તાય;*
*મરુત કરિ સોસે નહીં, અચલ નિર્લેપ કહાય.*

જળથી ભીંજાતો-સડતો નથી. અગ્નિથી બળતો નથી, પવનથી સુકાતો નથી એવા આ અમલ-નિર્લેપ આત્માને જાણવાનું સૂચવાણું છે. આવા હિન્દી-વ્રજ નિશ્રિત ભાષાના કુલ ૪૩ દોહરામાં વિગતો વર્ણવેલ છે. છેલ્લા ત્રણમાં સમાપન ભાવ અભિવ્યક્ત થયો છે.

*'શ્રીમુખ સહજાનંદ પ્રભુ, કહે જો એકાંતિક ધર્મ;*
*સો સંક્ષેપે સો કરી કહે, જાંનિ જથાવિધિ મર્મ...*
*ભક્તિ એકાંતિકી જો ચહે, સો યાકો કરી પ્રાપ્ત;*
*પઠન-શ્રવણ સબ કિજીયો, પ્રેમાનંદ નીત-નીત...*

આવા એકાંતિક ભક્તિના સ્વરૂપના, મહિમાના આ ગ્રંથનું શ્રવણ-પઠન કરવાનું તેમણે જ સૂચવ્યું છે. સંપ્રદાયનો મહત્ત્વનો આ ગ્રંથ પણ કુંડળધામના જ્ઞાનજીવનદાસ થકી સંપાદિત અને જ્ઞાનપ્રકાશજી દ્વારા અનુદિત રૂપે 'પ્રેમાનંદ સ્વામીના ગ્રંથો' (૨૦૧૦)માં પ્રકાશિત કરેલ છે.

(૮) 'દીક્ષાવિધિ' સ્વતંત્ર ગ્રંથ તરીકેની ઓળખ આપી શકાય એ સ્વરૂપના પ્રકારના ૨૩ પદના ગુચ્છને 'દીક્ષાવિધિ' તરીકે ઓળખાવવો ઉચિત છે. મૂળ તો શતાનંદમુનિએ 'સત્સંગીજીવન' ગ્રંથમાં આ વિષયે વિગતે કથન કરેલ છે. એમાંના સારરૂપ તત્ત્વને પદના માયમથી પ્રેમસખીએ અહીં આલેખેલ છે. સંપ્રદાયની સાધનાધારાનો પદના માધ્યમથી પરિચય કરાવતા સંપ્રદાયની સિદ્ધાન્તધારાને તેઓ વણી લેતા હોઈને મને આ ગ્રંથસર્જન તેમનું આગવું પ્રદાન જણાયું છે.

*કાળ માયાનો ભય મોટો ગયો જો,*
*જન્મ મૃત્યુથી નિર્ભે થયો જો...*
*થયો શ્રીકૃષ્ણનો ભક્ત હું આજથી જો,*
*આવ્યો આશરે ન કરું લોક લાજથી જો...*
*વર્ણઆશ્રમ અવસ્થા જોઈને જો,*
*પ્રેમાનંદ કહે આવે તત્ત્વ દેહીને જો...*



આ ઉપરાંત મને પદક્રમાંક ૬૦૭ 'શિષ્ય સાંભળજે', ૬૦૮, 'સાંભળ શુદ્ધમતિ', ૬૦૯ 'નર જે સતસંગી, અને 'સેવક સાંભળજે' જેવા ઢાળવાળી (૬૧૦) પદશૃંખલા પણ પ્રેમાનંદનો વિશેષ જણાઈ છે. ભાવબોધ, તત્ત્વબોધ અહીં લયાન્વિત પદાવલિમાં પ્રગટતો દૃષ્ટિગોચર થાય છે.

(૯) શિક્ષાપત્રી દોહરાવલિ' (હિન્દી વ્રજ)

સ્વામીનારાયણ સંપ્રદાયના મહત્ત્વના ગ્રંથમાં 'શિક્ષાપત્રી'ની મહત્તા ઘણી છે. મૂળ સંસ્કૃતના ૨૧૨ શ્લોકનો નિત્યાનંદસ્વામીનો ગદ્યાનુવાદ ખરો અધિકૃત ગણાય છે. પ્રેમસખીએ શ્લોક અને આ ગદ્યાનુવાદને અનુસરીને હિન્દી અનુવાદ દોહરાબંધમાં કર્યો જણાય છે. સદ્‌ગુરુ સહજાનંદ સ્વામીની આજ્ઞાથી આ સર્જનાત્મક પ્રકારનો હિન્દી અનુવાદ આરંભ્યાનું તેઓ પ્રારંભે જણાવતા આલેખે છે.

*'સો યહ પત્રી સંસ્કૃત, કીની શ્રી મહારાજ;*
*સ્વામી માંયે આજ્ઞા દઈ, પ્રાકૃત કરને કાજ...*

મૂળમાં તો શ્રીહરિએ ઇષ્ટદેવના ધ્યાનરૂપ એક શ્લોકમાં મંગળાચરણ આલેખ્યું છે. અહીં પ્રેમાનંદે તેને બે દોહરામાં વણી લીધેલ છે. શિક્ષાપત્રીના એ રીતે ૨૧૨ શ્લોકને તેમણે ૨૧૫ દોહરામાં વણી લીધા છે. આમાં પ્રારંભિક મંગળાચરણના ૯ અને અંતે શિક્ષાપત્રી પૂજન-મહિમાને કથતા બે ગણીએ તો કુલ ૨૨૬ દોહારબંધમાં શિક્ષાપત્રીના ગદ્યભાવને તેમણે ગૂંથી લીધો જણાય છે. અદ્યાપિ અપ્રગટ આ રચનાને પ્રાચીન હસ્તપ્રતને આધારે કુંડળધામથી જ્ઞાનજીવનદાસજીએ સંપાદિત કરી છે. અને જ્ઞાનપ્રકાશજીએ ગુજરાતી અનુવાદ કર્યો છે. 'પ્રેમાનંદ સ્વામીના ગ્રંથો' (૨૦૧૦)માં આ રચના પ્રકાશિત થયેલી છે.

પદકવિ પ્રેમાનંદે પદમાં સાંપ્રદાયિક સાધનાને ગૂંથી લીધી એવા થોડી પદશૃંખલાને સ્વતંત્રગ્રંથનું રૂપ આપીને અહીં મેં એ રચનાઓનો પરિચય કરાવીને પ્રેમસખી પ્રેમાનંદના ગ્રંથોનો આસ્વાદ આવા હેતુથી કરાવેલ છે. આ ઉપરાંત તેમની સમગ્ર પદરાશિનો પાંચમા ખંડમાં સમાવેશ કર્યો છે, તેનો પરિચય પ્રસ્તુત છે.

'શ્રીકૃષ્ણ અને સહજાનંદ સ્વામીકેન્દ્રી વિષયસામગ્રીથી સપૃક્ત સાહિત્ય' આવા એક વિભાગમાં સ્વતંત્ર ગ્રંથરૂપે ગણાવી શકાય એવી થોડી પદમાળા પ્રકારની કૃતિઓ અલગ તારવેલી છે, તેની યાદી આ પ્રમાણે છે.

૧. 'કૃષ્ણજન્મ સમે કે પદ'
૨. 'કૃષ્ણ જન્મની વધાઈ'
૩. 'રામચંદ્રની વધાઈ'
૪. 'સ્વામીના મહિના - ચારબારમાસી, સાતવાર'
૫. 'વિરહવિલાસ'
૬. 'જ્ઞાનવિલાસ'
૭. 'ઉત્સવપદ સંગ્રહ'
૮. 'વિવિધ ભાવાનુભૂતિ', 'સહજાનંદાનુભૂતિ', 'જ્ઞાનમાર્ગી' તેમજ 'પ્રેમ ભક્તિમાર્ગી' અને 'પ્રાસંગિક પદો'.

વિવિધ પ્રકારના ભાવવિશ્વથી સભર આવી આઠ પ્રકારની વૈવિધ્યપૂર્ણ પદરાશિને મેં અહીં સંક્ષિપ્તમાં ત્રણ વિભાગમાં વર્ગીકૃત કરીને મારો પ્રેમાનંદીય પદસ્વાયાય પ્રસ્તુત કરેલ છે. આમાં ખાસ તો કૃષ્ણભક્તિના પદો, સ્વાનુભવ-નીજ અનુભવની પ્રેમભક્તિમાર્ગી પદરાશિ અને વિપુલ એવી જ્ઞાનમાર્ગી પદરાશિમાંથી પ્રગટતી એમની સર્જનાત્મક વિશિષ્ટતા, આગવી અભિવ્યક્તિ અને અનોખા એવા કથનકળામાં દાખવેલા દૃષ્ટિકોણને અવલોકીને અભ્યાસ કર્યો છે. મૂળભૂત રીતે તો એમની સમપત રૂપની સેવાભાવનામાંથી જે સ્વર અને સૂર તેમણે આલેખ્યા, તે એમનું વિપુલ અને સત્ત્વશીલ પદસાહિત્ય. આ વિપુલ પ્રમાણનું અને વ્યાપક પ્રકારનું પદસાહિત્ય અવલોકતા તેઓ સહજાનંદમય હોવા છતાં અને સંપ્રદાયમતબદ્ધ હોવા છતાં શાસ્ત્રીય સંગીત, રાગ, તાલ અને વૈવિયસંપન્ન ભાવવિશ્વનો એમના દ્વારા થયેલો વિનિયોગ અવલોકતા લાગે છે કે એમાં એમણે સાંપ્રદાયિક સંકડામણ અનુભવી જણાતી નથી. સાંપ્રદાયિક સૈદ્ધાન્તિક પીઠિકાના પદોની સમાંતરે સંયમ-નિબિડ શૃંગારચેષ્ટાઓના પદો પણ રચ્યા. બારમાસી, સાતવાર અને આખ્યાન સમીપ સ્થાન પામે એવા કથાનકને કડવાબંધમાં ઢાળવાને બદલે પદબંધમાં ઢાળવાનું તેમનું પ્રયોગશીલ વલણ મધ્યકાલીન ગુજરાતી રચનાબંધનું ધ્યાનાર્હ પાસુ મને જણાયું છે. એમનું સમુદાર સમરસપણું. વાણી, વ્યવહાર અને વર્તનથી તેઓ દાખવતા રહ્યા. આવા કારણથી પ્રેમસખી પ્રેમાનંદીય પદરાશિ સંપ્રદાયની સીમામાં કેદ ન રહી. સંપ્રદાય સિવાયના સંગીતજ્ઞો એની ઉપાસના-સાધનાગાનમાં સંમિલિત અદ્યપિ થતા રહ્યા. આમાં એમની કૃષ્ણભક્તિ, સહજાનંદપ્રીતિ જ્ઞાનમાર્ગ અને પ્રેમભક્તિમાર્ગથી સંપન્ન અને સભર ભાવવિશ્વ કારણભૂત છે. એમના વૈવિધ્યસંપન્ન સાહિત્યના પરિચય પછી હવે એમની વિશાળ પદવિશ્વના વૈપુલ્ય અને વૈવિધ્યને ત્રિવિધ પ્રકારે આસ્વાદીએ.(ક્રમશઃ)■

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com

# ચંદ્ર દેવના વર્તનથી ગુસ્સે થઈને દક્ષ પ્રજાપતિએ તેમને કદરૂપા થવાનો શાપ આપ્યો!

(ગતાંકથી ચાલુ)

માતા પાર્વતીએ કહ્યું, 'હે સ્વામિ મહાનંદાને તો પરમપદ પ્રાપ્ત થઈ ગયું છે, પણ પૃથ્વીવાસીઓ કઈ રીતે પોતાના પાપનો નાશ કરી ધન, યશ અને મનોવાંછિત ફળ મેળવી શકે તેની વ્રત વિધિ બતાવો જેથી તેમનું કલ્યાણ થાય.' માતા પાર્વતીની વિનંતી સાંભળી ભગવાન શિવે કહ્યું, 'પ્રિયે પૃથ્વીવાસીઓ મારા નવ આશુતોષ અવતારોનું શ્રવણ અથવા ૧૨ જ્યોતિર્લિંગની પૂજા અર્ચના કરશે તેમના પાપોનો નાશ થશે અને ધન, યશ અને મનોવાંછિત ફળ મેળવી શકશે.' વધુ વિગત જાણવા માતા પાર્વતીએ કહ્યું, 'પૃથ્વીવાસીઓના કલ્યાણ માટે પ્રથમ તમે તમારા નવ અવતાર અને ૧૨ જ્યોતિર્લિંગ વિશે જણાવો.' ભગવાન શિવે કહ્યું, 'પહેલા દ્વાપર યુગના સાતમા વરાહ કલ્પમાં શ્વેત નામે પ્રગટ થઈશ. બીજા દ્વાપર યુગમાં સુતાર નામે પ્રગટ થઈશ. ત્રીજા દ્વાપર યુગમાં દમન નામે પ્રગટ થઈશ. ચોથા દ્વાપર યુગમાં જ્યારે સુહોત્ર નામે પ્રગટ થઈશ, પાંચમા દ્વાપર યુગમાં કંક નામે અવતાર લઈશ. છઠ્ઠા દ્વાપર યુગમાં લોકાક્ષિ નામે અવતાર લઈશ. સાતમા દ્વાપર યુગમાં જૈગીષવ્ય નામે અવતાર લઈશ. આઠમા દ્વાપર યુગમાં દધિવાહન નામે અવતાર લઈશ. નવમા દ્વાપર યુગમાં ઋષભ નામે અવતાર લઈશ. તેમ જ કળિયુગમાં હું પ્રથમ જ્યોતિર્લિંગ તરીકે સૌરાષ્ટ્ર ખાતે સોમનાથ નામે, દ્વિતીય જ્યોતિર્લિંગ તરીકે શ્રીશૈલ પર્વત ખાતે મલ્લિકાર્જુન નામે, તૃતીય જ્યોતિર્લિંગ તરીકે ઉજ્જૈન ખાતે મહાકાલ નામે, ચતુર્થ જ્યોતિર્લિંગ તરીકે નર્મદાના તટ પર ઓમકારેશ્વર-મમલેશ્વર નામે, પંચમ જ્યોર્તિલિંગ તરીકે પરળી ખાતે વૈજનાથ નામે, ષષ્ઠમ જ્યોતિર્લિંગ તરીકે ભીમાશંકર નામે, સપ્તમ જ્યોતિર્લિંગ તરીકે રામેશ્વર નામે, અષ્ટમ જ્યોતિર્લિંગ દારૂકા વન ખાતે નાગેશ્વર નામે, નવમ જ્યોતિર્લિંગ તરીકે વારાણસી ખાતે વિશ્વેશ્વર નામે, દસમ જ્યોતિર્લિંગ તરીકે ગૌતમના તટ પર ત્રંબકેશ્વર નામે, અગિયારમાં જ્યોતિર્લિંગ તરીકે હિમાલય ખાતે કેદારેશ્વર અને બારમા જ્યોતિર્લિંગ તરીકે ઘૃષ્ણેશ્વર નામે પ્રગટ થઈશ. જે માનવ આ જ્યોતિર્લિંગની પૂજા-અર્ચના કરશે તેના પાપોનો નાશ થશે અને ધન, યશ અને મનોવાંછિત ફળ મેળવશે.



* * *

માતા પાર્વતીઃ સ્વામિ તમારા પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથના પ્રાગટ્ય વિશે માહિતી આપશો તો સમગ્ર સંસારવાસીઓ માટે ઉત્તમ રહેશે.

ભગવાન શિવઃ દેવી હું તમને ૧૧ જ્યોતિર્લિંગ વિશે અવશ્ય જણાવીશ.

ચંદ્ર દેવ દક્ષ પ્રજાપતિની ૨૭ પુત્રી એટલે કે અશ્વિની, ભરણી, કૃતિકા, રોહિણી, મૃગશિષ, આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય, આશ્લેષા, મઘા, પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની, હસ્ત, ચિત્રા, સ્વાતિ, વિશાખા, અનુરાધા, જ્યેષ્ઠા, મુળ, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા, શ્રાવણ, ધનીષ્ઠા, શતભિષા, પૂર્વભદ્રા, ઉત્તરાભદ્ર અને રેવતી સાથે પરંપરાગત રીતે લગ્ન કરે છે. ચંદ્ર દેવ દ્વારા રોહિણી પ્રત્યે વિશેષ પ્રેમ દર્શાવાતા તેની અન્ય પત્નીઓમાં રોહિણીની ઈર્ષ્યા થતી. ચંદ્ર દેવની અન્ય પત્નીઓને એવું લાગતું કે સમય જતા ચંદ્ર દેવ તેમની તરફ પણ આકર્ષાશે પણ ઘણા વરસો વીતી જવા છતાં ચંદ્રદેવ તરફથી અન્ય પત્નીઓને ન્યાય ન મળતાં તેઓએ પિતા દક્ષને ફરિયાદ કરી. દક્ષ પ્રજાપતિએ ચંદ્ર દેવને વારંવાર સમજણ આપી, પણ રોહિણી પ્રત્યેનો તેમનો પ્રેમ યથાવત્ રહ્યો અને અન્ય પત્નીઓને ન્યાય ન આપી શકવાના ચંદ્ર દેવના વર્તનથી ગુસ્સે થઈને દક્ષ પ્રજાપતિએ તેમને કદરૂપા થવાનો શાપ આપ્યો, દક્ષ પ્રજાપતિના શ્રાપનો ચંદ્રદેવ પર પ્રભાવ પડવા માંડ્યો અને ચંદ્રદેવ શારીરિક રીતે અક્ષમ થવા લાગ્યા. પૃથ્વી પર રાત્રિના સમયે ચંદ્રદેવનો પ્રકાશ ઝાંખો થવા લાગ્યો. દિવસો અને મહિનાઓ વિતતાં ગયાં ચંદ્રદેવ પથારીવશ થઈ ગયા. ચંદ્રદેવની પત્નીઓ પિતા દક્ષ પ્રજાપિત પાસે જઈ વિલાપ કરવા લાગી. ચંદ્રદેવની સ્થિતી જોઈ દક્ષ પ્રજાપતિ પણ વ્યથિત થઈ ગયા કે મારા ક્રોધે આ શું કરી નાખ્યું. તેઓ તેમના આરાધ્યા ભગવાન શ્રીહરિ વિષ્ણુ પાસે ક્ષીરસાગર પહોંચ્યા.

દક્ષ પ્રજાપતિઃ ભગવાન શ્રીહરિ વિષ્ણુની જય હો, ભગવંત મારો ક્રોધ શું મારી દીકરીઓને વિધવા બનાવી દેશે. પ્રભુ તમે જ હવે મારા તારણહાર છો, તમારા સેવકની લાજ બચાવો.

ભગવાન શ્રીહરિ વિષ્ણુઃ તમે આપેલો શ્રાપ મિથ્યા નહીં જાય, તમારો શ્રાપ ચંદ્રદેવે ભોગવવો જ પડશે, પણ એ શ્રાપથી ભગવાન શિવ જ રક્ષણ કરી શકશે. ચંદ્રદેવ અને તેમની પત્નીઓ જો ભગવાન શિવના શરણે જશે તો ચંદ્રદેવની રક્ષા થઇ શકશે.

નિરાશ દક્ષ પ્રજાપતિ ચંદ્રદેવ પાસે પહોંચે છે અને ભગવાન શ્રીહરિ વિષ્ણુએ આપેલી સલાહ તેમને કહે છે. ચંદ્રદેવ અને તેમની ૨૭ પત્નીઓ ભગવાન શિવની આરાધના કરે છે. તેમનો સ્વર કૈલાસ સુધી પહોંચતાં ભગવાન શિવ પ્રભાસ ખાતે જ્યાં ચંદ્રદેવ અને તેની પત્નીઓને સાક્ષાત દર્શન આપે છે

ભગવાન શિવઃ ચંદ્રદેવ તમારી અને તમારી પત્નીઓની આરાધનાથી હું પ્રસન્ન છું. વરદાન માંગો.

ચંદ્રદેવઃ પિતા સમાન મારા શ્વસુર દ્વારા મને અપાયેલા શ્રાપથી મુક્ત કરો.

ભગવાન શિવઃ હે ચંદ્રદેવ, તમારું પૂર્ણપણે શ્રાપ મુક્ત થવું શક્ય નથી. પરંતુ સમસ્ત સંસારના સમતુલન માટે હું તમારા શ્રાપને હળવો કરી શકું છું. આજથી તમારી કલા એક પક્ષમાં પ્રતિદિન નિરંતર વધતી રહેશે અને બીજા પક્ષમાં તમારી કલા પ્રતિદિન ક્ષીણ થતી રહેશે. આમ નિરંતર તમારી કલા એક પક્ષમાં વધશે અને એક પક્ષમાં ઘટશે.

એજ સમયે ભગવાન શ્રીહરિ વિષ્ણુ અને બ્રહ્મદેવ ત્યાં પધારે છે.

બ્રહ્મદેવઃ હે દેવાધિદેવ, તમારા આશીર્વાદથી ચંદ્રદેવ અને તેમની પત્નીઓનું કલ્યાણ થયું મારી વિનંતી છે કે સમસ્ત સંસારના માનવીઓના કલ્યાણ માટે તમે અહીં પ્રભાસતીર્થ ખાતે જ્યોતિર્લિંગ તરીકે સ્થાપિત થાઓ.

બ્રહ્મદેવની વિનંતી સાંભળતા જ ભગવાન શિવના હૃદયમાંથી એક જ્યોત નીકળી અને એક જ્યોતિર્લિંગ તરીકે સ્થાપિત થઈ. (ક્રમશઃ)■

ફોકસ

નિધિ ભટ્ટ
feedback@bombaysamachar.com

# ભગવાન શિવની પ્રિય વસ્તુઓ...

શ્રાવણ મહિનો શિવભક્તિનો પવિત્ર મહિનો માનવામાં આવે છે. આ મહિનામાં ભક્તો ખૂબ જ ભક્તિભાવથી ભોલેનાથની પૂજા કરે છે અને તેમના આશીર્વાદ મેળવવા માટે ઘણા ઉપાયો કરે છે.

શ્રાવણ મહિનો ભગવાન શિવની ભક્તિ માટે સૌથી ખાસ માનવામાં આવે છે, જેમાં ભોલેનાથ ફક્ત એક લોટા પાણીથી પ્રસન્ન થઈ જાય છે. એવું કહેવાય છે કે શિવજી એક એવા દેવ છે જે ખૂબ જ ઝડપથી પ્રસન્ન થઈ જાય છે. જો તેમને સાચા હૃદયથી બીલીપત્ર પણ ચઢાવવામાં આવે તો તેઓ ખુશ થઈ જાય છે. આ સમય દરમિયાન શિવજીને તેમની પ્રિય વસ્તુઓ અર્પણ કરવાથી ઇચ્છાઓ પૂર્ણ થાય છે. ચાલો જાણીએ ભગવાન શિવની પ્રિય વસ્તુઓ કઈ છે.

**શિવને કયો રંગ ગમે છે?**

ધાર્મિક માન્યતાઓ અનુસાર ભગવાન શિવને લીલો રંગ ખૂબ ગમે છે. શાસ્ત્રો અનુસાર શિવજી પ્રકૃતિ પ્રેમી છે અને લીલો રંગ પ્રકૃતિનું પ્રતીક છે, તેથી તેમને લીલો રંગ ખૂબ ગમે છે.

**ભોલેનાથનો સૌથી પ્રિય ખોરાક કયો છે?**

ભોલેનાથને ભાંગ, ધતૂરા, બીલીપત્ર



અને બરફી અને ખીર જેવી સફેદ મીઠાઈઓ ખૂબ ગમે છે. આ ઉપરાંત તેમને પંચામૃત, લસ્સી અને ઠંડાઈ પણ ચઢાવવામાં આવે છે. આ ભગવાન શિવનું પ્રિય ભોજન છે.

**ભગવાન શિવની પ્રિય વસ્તુ શું છે?**

ભગવાન શિવને ઘણી વસ્તુઓ ગમે છે, જેમાં બિલ્વના પાન, ભાંગ, ધતૂરા, દૂધ અને રાખ (વિભૂતિ) મુખ્ય છે. આ ઉપરાંત, ગંગાજળ, ચંદન, સફેદ ફૂલો અને શમીના પાન પણ ભગવાન શિવને ચઢાવવામાં આવે છે.

**ભગવાન શિવનું પ્રિય ફૂલ કયું છે?**

ભગવાન શિવને ઓલિએન્ડર, ધતૂરા, આક (મદાર), શમી અને બીલીપત્ર જેવા ફૂલો ખૂબ ગમે છે. આ દરેક ફૂલોનું પોતાનું મહત્ત્વ છે અને તે ભગવાન શિવની પૂજામાં ચઢાવવામાં આવે છે.

**ભગવાન શિવનું પ્રિય ફળ કયું છે?**

ધાર્મિક માન્યતા અનુસાર ભગવાન શિવને ખાસ કરીને ધતૂરા અને બિલ્વનાં ફળો ખૂબ ગમે છે. આ ઉપરાંત શિવની પૂજામાં આલુ, સફરજન, દાડમ અને કેળા પણ ચઢાવવામાં આવે છે.

**ભગવાન શિવનો પ્રિય મંત્ર કયો છે?**

ભગવાન શિવનો પ્રિય મંત્ર 'ૐ નમઃ શિવાય' છે. આ મંત્ર ભોલેનાથને સમર્પિત એક શક્તિશાળી મંત્ર છે અને તેને પંચાક્ષર મંત્ર પણ કહેવામાં આવે છે, જેનો અર્થ 'પાંચ અક્ષરનો મંત્ર' થાય છે.

**ભગવાન શિવનો પ્રિય છોડ કયો છે?**

એવું માનવામાં આવે છે કે ભગવાન શિવને શમીનો છોડ અને બીલીપત્ર ખૂબ પ્રિય છે. આ ઉપરાંત ભગવાન શિવને ધતૂરાનો છોડ પણ ખૂબ ગમે છે. ■



**પવિત્ર સ્નાનઃ** ઉત્તરાખંડના હરિદ્વારમાં પવિત્ર શ્રાવણ મહિના નિમિત્તે ગંગા નદીમાં પવિત્ર સ્નાન કરતા કાવડિયાઓ અને અન્ય શ્રદ્ધાળુઓ. ઉત્તર ભારતમાં શ્રાવણ મહિનો પશ્ચિમ ભારત કરતાં આશરે પંદર દિવસ વહેલો શરૂ થાય છે. (પીટીઆઈ)

# અમદાવાદ-મુંબઈ હાઈસ્પીડ કોરિડોર પર હવે વંદે ભારત ટ્રેન દોડશે!

નવી દિલ્હીઃ મુંબઈ અને અમદાવાદ વચ્ચે હાઇ સ્પીડ બુલેટ ટ્રેન દોડાવવી એ કેન્દ્રની મોદી સરકારનો મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ છે. ૧૪ સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ અમદાવાદમાં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને જાપાનના તત્કાલીન વડા પ્રધાન શિન્ઝો આબેએ આ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો. બુલેટ ટ્રેન માટેનાં હાઇ સ્પીડ કોરિડોરનું બાંધકામ વર્ષ ૨૦૨૮ સુધીમાં પૂર્ણ થવાનો અંદાજ છે, આ તારીખ જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ પ્રોજેક્ટ 'સફેદ હાથી' સાબિત થઇ રહ્યો છે. અહેવાલ મુજબ કોરિડોર પર જાપાનમાં બનેલી હાઈ સ્પીડ બુલેટ ટ્રેન વર્ષ ૨૦૩૩ પહેલા દોડી શકે એવી કોઈ શક્યતા નથી, ત્યાં સુધી આ કોરિડોર પર સ્વદેશી સેમી-હાઈ સ્પીડ વંદે ભારત ટ્રેન દોડાવવામાં આવશે.

નોંધનીય છે કે ભારત સરકાર આ પ્રોજેક્ટનો જોરશોરથી પ્રચાર કરી રહી હતી અને તેના પાછળ કરોડો રૂપિયા ખર્ચવામાં આવ્યા છે, પરંતુ આ પ્રોજેક્ટ તેની શરૂઆતથી વિવાદમાં રહ્યો છે. પ્રોજેક્ટ માટે જમીન સંપાદન પ્રક્રિયા, ત્યાર બાદ કન્સ્ટ્રક્શન કાર્ય દરમિયાન ગર્ડર તૂટી પડવાથી શ્રમિકોના મોત બાબતે વિવાદ થઇ ચૂક્યો છે. હવે આ પ્રોજેક્ટ લાંબા વિલંબમાં ચાલી રહ્યો છે. આ પ્રોજેક્ટ જાપાન સાથે ભાગીદારીમાં બનાવવામાં આવી રહ્યો છે, પરંતુ ભારત સરકાર જાપાનની હાઈ સ્પીડ શિંકનસેન ટ્રેનની ખરીદી માટેના સોદાને અંતિમ સ્વરૂપ આપી શકી નથી.

અહેવાલમાં આપવામાં આવેલી જાણકારી મુજબ અમદાવાદ-મુંબઈ હાઈ સ્પીડ કોરિડોર પ્રોજેક્ટ માટે જ્યારે જાપાન સાથે કરાર કરવામાં આવ્યો હતો, ત્યારે બુલેટ ટ્રેનના એક કોચની કિંમત ૧૬ કરોડ રૂપિયા નક્કી કરવામાં આવી હતી, પરંતુ ગત વર્ષે જાપાને એક કોચની કિંમત ૩ ગણી વધારી દીધી હતી, એક કોચની નવી કિંમત ૫૦ કરોડ રૂપિયા હશે. આમ, ૧૬ કોચવાળી એક બુલેટ ટ્રેનની કિંમત ૮૦૦ કરોડ રૂપિયા થશે. આટલી ઉંચી કિંમત ચુકવવા ભારત સરકાર તૈયાર નથી, જેને કારણે આ પ્રોજેક્ટમાં વિલંબ થઇ રહ્યો છે. આ સાથે ભારતની સરકારની શાખ પર દાવ પર લાગી છે. ભારતીય રેલવે મંત્રાલયે અગાઉ જાહેરાત કરી હતી કે ઓગસ્ટ ૨૦૨૬ સુધીમાં સુરત-બિલીમોરા સેક્શન (૫૦ કિલોમીટર) પર શિંકનસેન ટ્રેન દોડાવવામાં આવશે, પરંતુ હવે એ એવું લાગી રહ્યું છે કે આ હાઇ-સ્પીડ સ્પેશિયલાઇઝ્ડ શિંકનસેન ટ્રેન ૨૦૩૦ પહેલાં આ રૂટ પર નહીં દોડી શકે, એ પહેલા આ સેક્શન પર સ્વદેશી બનાવટની વંદે ભારત ટ્રેન દોડાવવામાં આવશે, જોકે બુલેટ ટ્રેનના ટ્રેકને ધ્યાનમાં રાખીને તેમાં કેટલાક ફેરફાર કરવામાં આવશે.

અહેવાલ મુજબ સુરત-બિલીમોરા સેક્શન પર વંદે ભારત ટ્રેનનો ટ્રાયલ રન વર્ષના અંત સુધીમાં શરૂ કરવામાં આવશે. ત્યાર બાદ વર્ષ ૨૦૨૭માં સામાન્ય લોકો માટે વંદે ભારત સીટિંગ ટ્રેન શરૂ કરવામાં આવશે. અહેવાલમાં જણાવવામાં આવ્યું કે આ સેક્શન પર આઠ કોચવાળી બે વંદે ભારત ટ્રેન દોડશે. આ ટ્રેનની મહત્તમ ઝડપ ૨૮૦ કિલોમીટર પ્રતિ કલાક હશે, પરંતુ તેને ૨૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડાવવામાં આવશે.

અહેવાલમાં આપવામાં આવેલી જાણકારી મુજબ ભારતીય રેલવેની ચેન્નઈ સ્થિત ઇન્ટિગ્રલ કોચ ફેક્ટરીએ ૨૦૨૬ ના અંત સુધીમાં બે સ્વદેશી હાઇ-સ્પીડ ટ્રેનોનું ઉત્પાદન કરવા માટે ભારત અર્થ મૂવર્સ લિમિટેડ (બીઈએમએલ)ને ટેન્ડર આપ્યું છે. આ ટ્રેનોમાં વંદે ભારત ટ્રેનો બેઝ હશે અને તેને સ્ટાન્ડર્ડ ગેજ ટ્રેક પર દોડવા માટે ડિઝાઇન કરવામાં આવશે. ■

# રાજસ્થાનના અકસ્માતમાં સોની પરિવારના ચારનાં મોત

કોટા (રાજસ્થાન): રાજસ્થાનના કોટામાં એક ભયાનક માર્ગ અકસ્માત થયો છે. આ અકસ્માતમાં એક જ પરિવારના ચાર સભ્યોના મોત થયા છે. પોલીસે જણાવ્યું હતું કે રવિવારે (૧૩ જુલાઈ) વહેલી સવારે કોટામાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર સામેથી આવતી ટ્રક સાથે મીની બસ અથડાતાં એક જ પરિવારના ચાર સભ્યોના મોત થયા છે. મૃતકોમાં એક મહિલા, તેના બે પુત્રો અને જમાઈનો સમાવેશ થાય છે. જ્યારે ૧૦ અન્ય ઘાયલ થયા છે.

પોલીસની પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું હતું કે ડ્રાઇવર કદાચ ઊંઘમાં હતો જેના કારણે તેણે વાહન પરનો કાબૂ ગુમાવ્યો અને ટ્રક સાથે અથડાયો હતો. ડીએસપી શિવમ જોશીએ માહિતી આપી હતી કે અકસ્માતમાં ત્રણ લોકોનાં ઘટનાસ્થળે જ મોત થયા છે અને એકનું હૉસ્પિટલમાં મોત થયું છે.

રાજસ્થાનના કરોલીના સીતાબાડીના રહેવાસી ગીતા સોની (૬૩), તેના બે પુત્રો અનિલ સોની (૪૮), બ્રિજેશ સોની (૪૫) અને તેના જમાઈ સુરેશ સોની (૪૫) એ સવારે ૫ વાગ્યાની આસપાસ થયેલા અકસ્માતમાં જીવ ગુમાવ્યો હતો. પોલીસે જણાવ્યું કે ઘાયલોને કોટાની એમબીએસ હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. ■



**બર્નિંગ ટ્રેનઃ** તમિળનાડુના તિરુવલ્લુર જિલ્લામાં હાઈ સ્પીડ ડીઝલ લઈ જતી માલગાડીમાં લાગેલી આગમાંથી નીકળતો ધુમાડા. (પીટીઆઈ)

# સંસદનું ચોમાસુ સત્રઃ સોનિયા ગાંધીએ પંદરમી જુલાઈના કૉંગ્રેસની બેઠક બોલાવી

નવી દિલ્હીઃ સંસદનું ચોમાસુ સત્ર ૨૧ જુલાઈથી શરૂ થશે, જે ૨૧ ઓગસ્ટ સુધી ચાલશે. આ સત્ર દરમિયાન વિપક્ષ કેન્દ્ર સરકારને વિવિધ મુદ્દે ઘેરવાનો પ્રયાસ કરશે. ચોમાસુ સત્ર સત્ર દરમિયાન પાર્ટીની રણનીતિ નક્કી કરવા કૉંગ્રેસના સંસદીય દળના નેતા સોનિયા ગાંધીએ ૧૫ જુલાઈએ એક મહત્ત્વપૂર્ણ બેઠક બોલાવી છે. તેમના નિવાસસ્થાન ૧૦ જનપથ ખાતે આ બેઠક યોજાશે. આ બેઠકમાં પાર્ટીના વરિષ્ઠ નેતાઓ હાજરી આપશે અને વિવિધ મુદ્દે ચર્ચા કરશે.

બિહારમાં ચાલી રહેલા મતદાર યાદીમાં સુધારા મામલે વિપક્ષ આક્રમક વલણ અપનાવે તેવી શક્યતા છે. અહેવાલ મુજબ ચોમાસુ સત્ર દરમિયાન ગૃહમાં ઘણા મહત્ત્વપૂર્ણ બિલ રજૂ કરવામાં આવશે, જેમાં પરમાણુ ઊર્જા ક્ષેત્રમાં ખાનગી રોકાણને મંજૂરી આપતા બીલનો પણ સમાવેશ થાય છે. કૉંગ્રેસ અને અન્ય વિપક્ષના અન્ય પક્ષો આ મુદ્દે સરકારનો જોરદાર વિરોધ કરે તેવી શક્યતા છે.

પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા અને ત્યાર બાદ ભારતીય સશસ્ત્ર દળોએ કરેલા 'ઓપરેશન સિંદૂર' અંગે ચર્ચા કરવા વિપક્ષ સંસદના વિશેષની માગ કરી રહ્યું હતું, કેન્દ્ર સરકારે આ માંગ ફગાવી દીધી હતી. સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ અગાઉ જાહેરાત કરી હતી. ■

# હિન્દુઓ અને શીખોને વિભાજિત કરવાનો પ્રયાસ કરનારાઓથી સાવધ રહોઃ યોગી

લખનઊઃ ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે શનિવારે દાવો કર્યો હતો કે હિન્દુઓ અને શીખો વચ્ચે ફૂટ પાડવાના પ્રયાસો થઈ રહ્યા છે, અને લોકોને આવી કાર્યવાહીથી સાવધ રહેવા વિનંતી કરી હતી. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે બલરામપુરના છંગુર બાબાએ ધાર્મિક ધર્માંતરણ માટે દર નક્કી કર્યા હતા, જેના કારણે ૧૦૦ કરોડ રૂપિયાના વ્યવહારો થયા હતા.

આદિત્યનાથે ગુરુ તેગ બહાદુરના ૩૫૦મા શહીદ દિવસ નિમિત્તે યોજાઈ રહેલી યુપી-દિલ્હી સંદેશ યાત્રાના ફ્લેગ-ઓફ પ્રસંગે આ ટિપ્પણી કરી હતી. તેમણે અહીં તેમના સત્તાવાર નિવાસસ્થાને યાત્રાળુઓની મેજબાની નું આયોજન કર્યું હતું.

સંદેશ યાત્રા લખનઊથી શરૂ થશે અને દિલ્હીના ચાંદની ચોક શીશગંજ ગુરુદ્વારા ખાતે સમાપ્ત થશે, એમ યુપી સરકારે એક નિવેદનમાં જણાવ્યું હતું.

આદિત્યનાથે કહ્યું કે પીલીભીતમાં પણ ધર્માંતરણના કેટલાક કિસ્સાઓ સામે આવ્યા છે, અને લોકોને ધાર્મિક ધર્માંતરણથી ''થોડા સાવધ'' રહેવા જણાવ્યું હતું.

''તમે જોયું હશે કે કેવા પ્રકારનું ષડયંત્ર ચાલી રહ્યું છે. અમે તાજેતરમાં બલરામપુરમાં એક મોટી કાર્યવાહી કરી છે. તમે જોયું હશે કે ધર્માંતરણના કાર્યક્રમને કેવી રીતે આગળ ધપાવવો એ માટે તેમણે દર નક્કી કર્યા હતા. ■

# જમ્મુ-કાશ્મીરમાં ત્રણ બસ અથડાતાં દસ અમરનાથ યાત્રી ઘાયલ

શ્રીનગરઃ જમ્મુ-કાશ્મીરના કુલગામ જિલ્લામાં રવિવારના રોજ બેઝ કેમ્પ પરત ફરતી વખતે અમરનાથ યાત્રાના કાફલાની ત્રણ બસો અરસપરસ અથડાતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં ૧૦ જેટલા યાત્રાળુઓ ઘાયલ થયા હતા. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર ઘાયલ યાત્રાળુઓને સારવાર માટે હૉસ્પિટલ લઇ જવામાં આવ્યા છે. અમરનાથ ગુફા મંદિરમાં દર્શન કર્યા પછી યાત્રાળુઓનો કાફલો પરત ફરી રહ્યો હતો ત્યારે અકસ્માત સર્જાયો હતો. તમામ ઘાયલોની હાલત સ્થિર હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. આ અકસ્માતમાં ત્રણ બસોને નુકસાન થયું હતું.

અધિકારીઓએ જણાવ્યું કે અસરગ્રસ્ત બસોના અન્ય યાત્રાળુઓને રિઝર્વ બસોમાં બેસાડવામાં આવ્યા હતા અને કાફલો આગળની યાત્રા માટે રવાના થયો હતો. ■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| સિંદૂર | SCARF |
| ત્રિપુંડ | YELLOW DHOTI |
| પીતાંબર | WOODEN STOOL |
| ખેસ | VERMILION |
| બાજોઠ | FOREHEAD MARK |

### ઓળખાણ પડી?

સંસારનાં સર્વ રહસ્યોની ચાવી ગણાતા તેમજ ત્યાગ - પરિશ્રમનો વ્યાપક ઉપદેશ આપતા ચાર વેદમાં પ્રથમ વેદ કયો એ જણાવો.




અ) સામવેદ બ) અથર્વવેદ ક) ઋગ્વેદ ડ) યજુર્વેદ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પ | ૨ રિ | વ | ર્ત | ૩ ન | | ૪ વિ | ૫ રા | સ | ૬ ત |
| ૭ રં | જ | | | ૮ સ | ૯ વ્ય | સા | ચી | | ટ |
| ૧૦ પ | વ | ૧૧ ન | | ૧૨ લ | વ | રી | | ૧૩ સ્વ | સ્થ |
| રા | | ૧૪ ક | ૧૪અ વ | | સ્થા | | ૧૫ વિ | ધા | તા |
| | ૧૬ ઝ | લ | ક | | ૧૭ પ | ડ | ઘ | મ | |
| ૧૮ ઝં | | ૧૯ ખો | ફ | ૨૦ ના | ક | | ન | | ૨૧ ન |
| ૨૨ ઝા | ૨૩ મ | ર | | ગ | | ૨૪ પા | | ૨૫ પી | વું |
| ૨૬ વા | સો | | ૨૭ પો | પાં | બા | ઈ | | | ન |
| ત | | ૨૮ મે | | ચ | | ૨૯ પૈ | ૩૦ સો | ૩૧ ટ | કો |
| | ૩૨ અ | ડી | ખ | મ | | ૩૩ સો | દા | ગ | ર |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ૪ | | ૫ | ૬ | |
| | | ૭ | | ૮ | | | ૯ | | |
| ૧૦ | | | | | | ૧૧ | | | ૧૨ |
| | | ૧૩ | ૧૪ | | | | | | |
| | ૧૫ | | ૧૬ | | ૧૭ | | ૧૮ | ૧૯ | |
| ૨૦ | | | ૨૧ | | | | | ૨૨ | |
| | | ૨૩ | | | | | ૨૪ | | |
| ૨૫ | | | | | ૨૬ | | | | ૨૭ |
| | | ૨૮ | ૨૯ | ૩૦ | | | ૩૧ | ૩૨ | |
| | ૩૩ | | | | | ૩૪ | | | |

**આડી ચાવી**

૧. સંસ્કૃતિને લગતું (૪)
૪. કુદરતી આફતમાં --- થાય (૫)
૭. પુરુષવર્ગ, પુલ્લિંગ (૪)
૯. --- પીઓ, કાયાકલ્પ કરો (૨)
૧૦. ગરીબાઇ, શરણાગતિનો ભાવ (૩)
૧૧. અસ્તવ્યસ્ત, ફનાફાતિયા (૪)
૧૩. રેખા (૩)
૧૬. સિતાર વગાડવા આંગળી પર પહેરાય (૩)
૧૮. નમકહરામ, બેઇમાન (૩)
૨૦. --- એવું કેમ બને? (૨)
૨૧. ઝંપલાવવું (૪)
૨૨. જાસૂસ (૨)
૨૩. પૂજામાં વપરાતી સફેદ ભૂકી (૩)
૨૪. જાવું જરૂર છે, --- તારો તું જ છે (૨)
૨૫. કલમ કરીને ઉગાડેલું (જો. છૂ.) (૩)
૨૬. બાધા (૩)
૨૮. એક તંતુ વાદ્ય (૪)
૩૧. રસ્તો (૩)
૩૩. શકય (૪)
૩૪. લોકોના ફાયદા માટે (૪)

**ઊભી ચાવી**

૧. સંસદની (૪)
૨. તબલાંનો એક તાલ (૪)
૩. હાથમાં ટેક્ષ આપો (૨)
૪. લાલ રંગના શેડ વાળી (૨)
૫. બાજુ, ભણી (૩)
૬. સંદેશવાહક (૩)
૮. વસ્તુ વેચવા --- કરવી પડે (૬)
૧૧. છુટ્ટી (૨)
૧૨. બદલાવ, સુધારો, તફાવત (૪)
૧૪. કસબવાળું કાપડ (જો.છૂ.) (૪)
૧૫. સાચે જ (૨)
૧૭. લીટી, હદ (૨)
૧૯. વચેટ (૩)
૨૦. ધારણા, અંદાજ (૪)
૨૩. સૂર્ય, એક અભિનેતા (૪)
૨૪. અપ્રામણિક (૪)
૨૬. મોંઘવારીમાં મધ્યમ વર્ગનો --- થાય (૨)
૨૭. ભલે પધાર્યા (૩)
૨૯. તાજી, બદલાયેલી (૨) જો. છૂ. (૨)
૩૦. પુત્ર (૨)
૩૨. હવે શું બાકી --- ગયું ? (૨) (જો. છૂ)

### ગુજરાત મોરી મોરી રે

શ્રીમદ ભાગવત કથા રસાળ શૈલીમાં પ્રસ્તુત કરી ધાર્મિક વિચારસરણીના લોકોને રસતરબોળ કરનારા ડોંગરેજી મહારાજનું મૂળ નામ જણાવો.

અ) રમેશચંદ્ર બ) રાજચંદ્ર
ક) રામચંદ્ર ડ) સુશીલચંદ્ર

### માતૃભાષાની મહેક

વધતી ઉંમર સાથે મનુષ્ય જીવનમાં કેટલાક મહત્ત્વના ફેરફાર પર પ્રકાશ ફેંકતી કહેવત છે કે 'સોળે સાન, વીસે વાન અને ન આવી તો ગધ્ધા સમાન.' સોળ વર્ષની ઉંમરે સમજણનો બદલાવ અને વીસ વર્ષની ઉંમરે જો શરીરના રંગનો બદલાવ ન આવ્યો તો એ ગધેડા સમાન ગણાય છે.

### સુડોકુ-૯૦૩૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૫ | ૩ | ૪ | ૭ | ૧ | ૮ | | |
| | | | | | | ૫ | | ૨ |
| ૪ | | | ૨ | ૫ | ૯ | ૧ | | |
| | | | ૫ | ૧ | | | ૮ | |
| | ૭ | | | ૯ | | | ૬ | |
| | ૩ | | | ૪ | ૮ | | | |
| | | ૫ | ૯ | ૨ | ૬ | | | ૮ |
| ૭ | | ૮ | | | | | | |
| | | ૨ | ૭ | ૮ | ૪ | ૩ | ૫ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૩૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૮ | ૭ | ૪ | ૧ | ૩ | ૯ | ૬ | ૨ |
| ૬ | ૯ | ૧ | ૨ | ૮ | ૭ | ૩ | ૪ | ૫ |
| ૨ | ૪ | ૩ | ૬ | ૯ | ૫ | ૮ | ૧ | ૭ |
| ૪ | ૨ | ૮ | ૫ | ૩ | ૬ | ૧ | ૭ | ૯ |
| ૭ | ૩ | ૯ | ૮ | ૨ | ૧ | ૬ | ૫ | ૪ |
| ૧ | ૫ | ૬ | ૭ | ૪ | ૯ | ૨ | ૮ | ૩ |
| ૮ | ૬ | ૪ | ૯ | ૫ | ૨ | ૭ | ૩ | ૧ |
| ૩ | ૭ | ૨ | ૧ | ૬ | ૪ | ૫ | ૯ | ૮ |
| ૯ | ૧ | ૫ | ૩ | ૭ | ૮ | ૪ | ૨ | ૬ |

### ઈર્શાદ

મર્યાદા મૂકે નહીં, સજ્જન લડતા કોઈ,
જ્યમ કુલવંતી નારીનું હસવું હોઠે હોય.
--- લોક રચના

### ચતુર આપો જવાબ

અર્થ જણાવો

'પારકી પૂંજી ઉપર તહેવાર' કહેવતમાં પૂંજી શબ્દનો અર્થ શું થાય એ કહી શકશો?

અ) પરસેવો બ) આસ્થા ક) આશા ડ) મૂડી

### માઈન્ડ ગેમ

યુદ્ધમાં ઈજાગ્રસ્ત થયેલા લક્ષ્મણની સારવાર સંજીવની જડીબુટ્ટીથી કરી ઠીક કરી દેનારા રાજ વૈદ્યનું નામ ખબર છે?

અ) અગ્રપણ બ) પ્રભાકર
ક) સુષેણ ડ) જીવકાચાર્ય

### ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ઉર્વશી | પુરુરવાની પત્ની |
| ઉલૂપી | અર્જુનની પત્ની |
| ઉર્મિલા | લક્ષ્મણની પત્ની |
| ઉત્તરા | અભિમન્યુની પત્ની |
| ઉમા | શિવજીના પત્ની |

ગુજરાત મોરી મોરી રે
ચુનીલાલ ભાવસાર

ઓળખાણ પડી?
કચ્છ

માઈન્ડ ગેમ
ચંદ્રભાગા

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
ચંદ્ર

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨)ભારતી બુચ (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) સુભાષ મોમાયા (૫) નીતા દેસાઈ (૬) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૭) હર્ષા મહેતા (૮) ખુશરૂ કાપડિયા (૯) પુષ્પા પટેલ (૧૦) તાહેર ઔરંગાબાદવાલા (૧૧) શીરીન ઔરંગાબાદવાલા (૧૨) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૩) જ્યોતિ ખાંડવાલા (૧૪) લજિતા ખોના (૧૫) ભારતી પ્રકાશ કટકિયા (૧૬) શ્રદ્ધા આશર (૧૭) મહેશ દોશી (૧૮) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) મહેશ સંઘવી (૨૨) નૂતન વિપીન શાહ (૨૩) મનીષા શેઠ (૨૪) ફાલ્ગુની શેઠ (૨૫) અરવિંદ કામદાર (૨૬) અંજુ ટોલિયા (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) અલકા વાણી (૩૦) ભાવના કર્વે (૩૧) કિશોર સંઘરાજકા (૩૨) મીનળ કાપડિયા (૩૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૪) ડાયના સંતોકે (૩૫) અંબરીષ ઓઝા (૩૬) પુષ્પા ખોના (૩૭) શીલ્પા શ્રોફ (૩૮) જ્યોત્સના ગાંધી (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) નિતીન જયંતિલાલ બજરિયા (૪૧) હિના દલાલ (૪૨) રમેશ દલાલ (૪૩) ઈનાક્ષી દલાલ (૪૪) ધીરેન્દ્ર ઉદેશી (૪૫) ગીતા ઉદેશી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) ડો. પ્રકાશ કટિકયા (૪૮) દેવેન્દ્ર સંપટ (૪૯) હરીશ ભટ્ટ (૫૦) જયવંત પદમશી ચિખલ

# વિશ્વના ૫૦ સૌથી જોખમી એરપોર્ટની યાદીમાં અમદાવાદ ૧૨મા સ્થાને

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં આવેલા સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટનો સમાવેશ વિશ્વના સૌથી જોખમી એરપોર્ટમાં થયો છે. તાજેતરમાં જ હાથ ધરાયેલા અભ્યાસમાં શહેરીકરણથી સૌથી વધુ ઘેરાયેલા વિશ્વના ટોચના ૫૦ એરપોર્ટમાં અમદાવાદનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. વિશ્વના ટોચના ૫૦ એરપોર્ટમાં ભારતના ૮ એરપોર્ટનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ યાદીમાં મુંબઈનું છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ સમગ્ર વિશ્વમાં ટોચના જ્યારે અમદાવાદનું સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ ૧૨મા સ્થાને છે.

ભૌગોલિક નિષ્ણાતો દ્વારા એરપોર્ટની આસપાસના ૧૫ કિલોમીટરમાં વસતીને આધારે આ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. એરપોર્ટની આસપાસ ગીચ વસતી જેમ વધુ હોય તેમ પ્લેનક્રેશ વખતે જાનહાનિનું જોખમ વધે છે તેમજ એરપોર્ટની આસપાસ રહેતા લોકોને ધ્વનિ-હવાના પ્રદૂષણનું જોખમ પણ વધારે હોય છે. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને મુંબઈ એરપોર્ટને એન્ક્લોઝર ઈન્ડેક્સમાં ૨૧,૮૨,૮૧૯નો સ્કોર જ્યારે અમદાવાદ એરપોર્ટને ૧૦,૮૨,૫૦૩નો સ્કોર આપવામાં આવ્યો છે. અમદાવાદમાં ગયા મહિને પ્લેનક્રેશ થયું ત્યારે સિવિલ હોસ્પિટલ ખૂબ જ ઓછા અંતરે હતી અને ક્રેશ સાઇટથી ન્યૂ લક્ષ્મીનગર હાઉસિંગ કોલોની ૨૫૦ મીટરના અંતરે જ હતી. પ્લેનક્રેશની ઘટના બાદ એરપોર્ટ આસપાસના રહીશો આજે પણ ભય અનુભવી રહ્યા છે. એરપોર્ટ ઓથોરિટી ઑફ ઈન્ડિયાના ફાયર સર્વિસના પૂર્વ જનરલ મેનેજરના દાવા પ્રમાણે અમદાવાદનો ઝડપી વિકાસ થઈ રહ્યો છે, જેના કારણે એરપોર્ટની આસપાસ ૩ કિલોમીટર બફર ઝોનનો નિયમ હાંસિયામાં ધકેલાઇ ગયો છે. અર્બન પ્લાનિંગના ધારાધોરણ પ્રમાણે એરપોર્ટની આસપાસના ૨૦ કિલોમીટર સુધી વધુ પ્રમાણમાં ગીચતા હોવી ન જોઈએ. પરંતુ ભાગ્યે જ આ ધારાધોરણનું કોઈ એરપોર્ટે પાલન કર્યું છે. હવે જે નવા એરપોર્ટ બને છે તેમની આસપાસ ૬-૮ કિલોમીટરની ખુલ્લી જગ્યા રાખવા નિર્દેશ અપાય છે. ■

# ગંભીરા બ્રિજ દુર્ઘટનાના પીડિતોને ₹૬૨ લાખની આર્થિક સહાય

## મૃતકોના પરિવારોને ₹૪ લાખ અને ઈજાગ્રસ્તોને રૂપિયા ૫૦ હજારની સહાય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુજપુર-ગંભીરા બ્રિજ દુર્ઘટનામાં અસરગ્રસ્ત પરિવારો અને ઈજાગ્રસ્તોને રાજ્ય સરકાર દ્વારા સહાય ચૂકવવામાં આવી હતી. રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી આર્થિક સહાય અંતર્ગત કુલ ૬૨ લાખની રકમના ચેકનું અસરગ્રસ્તોને વિતરણ કરાયું હતું.

રાજ્ય સરકાર દ્વારા આ દુર્ઘટનામાં મૃતકના પરિવારજનોને રૂપિયા ૪ લાખ અને ઈજાગ્રસ્તોને રૂપિયા ૫૦ હજારની સહાય જાહેર કરવામાં આવી હતી. જે અંતર્ગત છોટાઉદેપુરના સાંસદ જશુભાઈ રાઠવા અને પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાના હસ્તે સહાયના ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને આ સહાય તત્કાળ મંજૂર કરવામાં આવી હતી અને વિના વિલંબે ચૂકવી આપવામાં આવી હતી. ઉપલબ્ધ યાદી મુજબ, હાલ કુલ ૬૨ લાખની રકમના ચેકનું વિતરણ થયું હતું જેમાં ચાર ઇજાગ્રસ્તો અને ૧૫ મૃતકોના પરિવારોનો સમાવેશ થતો હતો.

આ મુલાકાત વેળાએ સાંસદ જશુભાઈ રાઠવા અને પાદરાના ધારાસભ્યએ દુર્ઘટનામાં ભોગ બનેલા પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી અને આ દુર્ઘટના બદલ દુઃખ વ્યક્ત કરતા ઇજાગ્રસ્તો ઝડપથી સાજા થાય તેવી પ્રાર્થના કરી હતી. આ ચેક વિતરણ સમયે સ્થાનિક આગેવાનો અને પદાધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. ■

# મુજપુર પાસે દુર્ઘટનાગ્રસ્ત પુલની સમાંતર નવો ટુ લેન હાઈલેવલ પુલ બનાવવા ₹૨૧૨ કરોડ મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરાના પાદરામાં મહી નદી પરનો ગંભીરા બ્રિજ વહેલી સવારે ધરાશાયી થયો હતો, આ ભયાનક દુર્ઘટનામાં મૃત્યુઆંક ૨૧ પર પહોંચ્યો છે. જો કે હવે સરકારે દુર્ઘટનાગ્રસ્ત પુલની સમાંતર મહી નદી ઉપર નવો પુલ ૧૮ માસમાં બનાવવા ટેન્ડરિંગ પ્રક્રિયાનો તાબડતોડ આરંભ કર્યો છે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના મુજપુર પાસે મહી નદી ઉપર નવો ટુ લેન પુલ બનાવવા માટેની માર્ગ અને મકાનને વહીવટી મંજૂરી આપી હતી. આ પુલ પાદરા અને આંકલાવને જોડશે.

દુર્ઘટનાગ્રસ્ત પુલની સમાંતર બનનારા આ નવા પુલ માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા તાજેતરમાં સર્વે કરી ડિટેઇલ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો. ત્યાં નવો પુલ બનાવવાની કાર્યવાહી આદરવામાં આવી હતી. એ દરમિયાન અહીં પુલ તૂટી પડવાની દુર્ઘટના બનતા મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રને પરિવહનથી જોડવા ઉપરાંત સ્થાનિકને રોજગારીના પ્રશ્નો, છાત્રોને આવાગમનના પ્રશ્નો સર્જાયા હતા. તેને ધ્યાને રાખી મુખ્ય પ્રધાને તત્કાલ નવો પુલ બનાવવાની મંજૂરી આપી હતી.

માર્ગ અને મકાન વિભાગના અધિક્ષક ઇજનેર એન. વી. રાઠવાએ જણાવ્યું હતું કે, મુજપુર એપ્રોચ રોડ હાલમાં જે ટુ લેન છે, એને ફોર લેન કરી ૭ મીટરનો કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. હાઇવેથી પુલ સુધી પહોંચવાના ૪.૨ કિલોમીટર માર્ગને ફોર લેન કરવામાં આવશે.

દુર્ઘટનાગ્રસ્ત પુલની સમાંતર નવો ટુ લેન હાઇલેવલ પુલ બનાવવામાં આવશે. આ બન્ને કામ માટે મુખ્યમંત્રીશ્રી દ્વારા રૂ. ૨૧૨ કરોડની વહીવટી મંજૂરી પ્રદાન કરવામાં આવી છે. પુલ બનાવવાની કામગીરી ૧૮ માસમાં પૂર્ણ કરવામાં આવશે. એની ટેન્ડરિંગ પ્રક્રિયા પણ આરંભી દેવામાં આવી છે. ■

# અકસ્માતમાં બે શ્રમિક યુવાનોનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના અંજાર તાલુકાના અજાપર ગામ નજીક કાર અને મોટરસાઇકલ વચ્ચે સર્જાયેલા ગમખ્વાર માર્ગ અકસ્માતમાં ટૂ-વ્હિલર પર સવાર સુભાષ દેવજી કોળી (ઉ.વ.૨૪) તથા સુનીલ લાખા કોળી નામના યુવાનોએ જીવ ખોયો હતો, બીજી તરફ ભચાઉના શિવલખા નજીક બનેલા હિટ એન્ડ રનના બનાવમાં અજ્ઞાત યુવાનનું મોત થયું હતું.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી મળતી માહિતી મુજબ, અંજારમાં રહેતા સુભાષ અને સુનીલ અન્ય શ્રમિકો સાથે મોડવદર પાસે આવેલી સ્ટીલ ઓઇલ કંપનીમાં સિમેન્ટની ગાડી ખાલી કરવા માટે ગયા હતા. સુભાષ અને સુનીલ મોટરસાઇકલ લઇને અજાપર ગામ પાસે સિમેન્ટનો માલ ભરેલી ગાડીને લેવા ગયા હતા, આ દરમ્યાન પરત ફરતી વેળાએ અજાપર પાટિયા નજીક તેમને જીવલેણ અકસ્માત નડયો હતો જેમાં પૂરપાટ આવી રહેલી ઇકો કારએ મોટરસાઈકલને હડફેટે લેતાં સુભાષ ઊછળીને ડિવાઇડર પર જ્યારે સુનીલ માર્ગ પર પટકાતાં આ બંનેને ગંભીર પ્રકારની ઇજાઓ પહોંચતાં ઘટનાસ્થળે જ મોતને ભેટ્યા હતા. આ બનાવ સંદર્ભે મહેશ દેવજી કોળીએ ઇકોના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

બીજી તરફ, હિટ એન્ડ રનનો બનાવ સામખિયાળીથી રાધનપુર તરફ જતા માર્ગ ઉપર શિવલખા પાટિયા નજીક બન્યો હતો જેમાં કોઇ અજ્ઞાત વાહને એક ૩૩ વર્ષીય યુવકને હડફેટે લેતાં તેનું તત્કાળ મોત નીપજ્યું હતું. પોલીસે આ હતભાગીની ઓળખ અને અજાણ્યા વાહનનો પતો મેળવવાની કવાયત હાથ ધરી છે. ■

# બે કિલો અફઘાની ગાંજા સાથે બે ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: નશાખોરીના વ્યાપક બનતાં જતાં દૂષણના બનાવો કચ્છમાં વધી રહ્યા છે, તેવામાં ભુજના હરીપર ગામ તરફ જતા માર્ગ પરની પોલીસ લાઈનની સામે બી ડિવિઝન પોલીસે માદક પદાર્થ ગાંજા સાથે મહિલા અને પુરુષની અટકાયત કરી હતી.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, ભુજ શહેર બી ડિવિઝન પોલીસ મથકની ટુકડીને પેટ્રોલિંગ દરમિયાન મળેલી પૂર્વ બાતમીના આધારે હરીપરથી ભુજના મુંદરા રોડ પરના રિલાયન્સ સર્કલ સુધીના માર્ગ પર વોચ ગોઠવી હતી.

આ દરમ્યાન અહીંથી પસાર થયેલા જાસ્મીન દે ઉર્ફે અકરમ ઉર્ફે કટુ દે અયુબ નારેજા અને જુમા હાસમ મોખાને અટકાવ્યા હતા. જેની તલાશી લેતાં તેમની પાસેથી ૨૦,૦૩૦ની કિંમતનો ૨.૦૦૩ કિલો અફઘાની ગાંજો, ૫૦ હજારનું વાહન અને સ્માર્ટફોન મળી, કુલ રૂપિયા ૮૪,૧૮૦નો મુદામાલ કબજે કરવામાં આવ્યો હતો.

પ્રાથમિક તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે, ભુજમાં રહેતા મહમદ ઉર્ફે દદુ જુસબ ખારાના ઈશારે તેઓએ ભુજ તાલુકાના થરાવડા ગામે બાવા તરીકે ઓળખાતા વ્યક્તિ પાસેથી ગાંજો મેળવ્યો હતો. હાલ બી-ડિવિઝન પોલીસે કુલ ચાર જણ વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ■

# સુરત મનપા દ્વારા ખુલ્લા પ્લોટોના ૫૬ માલિકો સામે મચ્છરજન્ય સ્થિતિ માટે નોટિસ: ૧.૭૦ લાખનો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ચોમાસાની ઋતુમાં નવા પાણીની આવક અને પાણીના ભરાવાને ધ્યાને લઈ આરોગ્ય વિભાગ દ્વારા 'મલેરિયા અને ડેન્ગ્યુમુક્ત ગુજરાત'ના ધ્યેય સાથે રાજ્યભરમાં જૂન માસને 'મલેરિયા માસ' તેમ જ જુલાઇ માસને 'ડેન્ગ્યૂ વિરોધી માસ' તરીકે ઉજવવામાં આવે છે. આ અભિયાનના ભાગરૂપે સુરત મહાનગરપાલિકાના વાહકજન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા શહેરમાં સ્પેશ્યલ સઘન હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ અને વાહકરોગ નિયંત્રણની કામગીરી ઝુંબેશ સ્વરૂપે હાથ ધરવામાં આવી હતી.

જિલ્લામાં વાહકજન્ય રોગ નિયંત્રણ પગલાઓ લેવામાં આવી રહ્યા છે. વાહકજન્ય રોગોનું વધુ જોખમ ધરાવતા શહેરના નિયત વિસ્તારોમાં સંપૂર્ણ વિસ્તાર આવરી લેવાય તે રીતે સ્પેશ્યલ સર્વેલન્સ કામગીરી હાથ ધરાઈ છે. મનપાની ટીમો દ્વારા તા. ૧ થી ૧૧ જુલાઈ દરમિયાન મચ્છરજન્ય રોગોના નિયંત્રણ માટે ઘરે ઘરે ફેમિલી સર્વે તથા મેલેરિયા સર્વેલન્સ, એન્ટીલાર્વલ, ફોગિંગ, ટાયરો, કેરબા, પીપડા તેમજ નકામા બિનવપરાશી કાટમાળનો નિકાલ, વહીવટી ખર્ચની વસૂલાત, આરોગ્યરક્ષણ સંબંધી નોટિસ ઇસ્યૂ, ખુલ્લા પ્લોટોમાં સર્વેની કામગીરી કરવામાં આવી રહી છે.

સુરત મહાનગરપાલિકાનાં વીબીડીસી વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોના નિયંત્રણ માટે વરસાદી પાણી ભરાયેલા ૨૦૧૭ ખુલ્લા પ્લોટોમાં સર્વે કરવામાં આવ્યો હતો, જે પૈકી ૪૮૪ પ્લોટોમાં પોરાભક્ષક માછલી (ફીશ રિલીઝ) મૂકવામાં આવી હતી.

૪ ખુલ્લા પ્લોટોમાં ડિવોટરિંગ (મશીન દ્વારા પાણી નિકાલ), ૨૪૧ પ્લોટોમાં માટી પુરાણ, ૨૭૦ પ્લોટોમાં જેસીબી મશીન દ્વારા નીક પાડી પાણી નિકાલ, ૩૪૫ જેટલા ખુલ્લા પ્લોટોમાં મેન્યુઅલી (માણસો દ્વારા) નીક પાડી પાણીનો નિકાલ તથા ૬૭૩ પ્લોટોમાં જંતુનાશક દવાનો છંટકાવ કરાયો હતો. ખુલ્લા પ્લોટોના ૫૬ માલિકો સામે મચ્છરજન્ય પરિસ્થિતિના સર્જન બદલ નોટિસ આપી રૂપિયા ૧,૭૦,૩૦૦ વહીવટી ખર્ચ વસૂલ કરાયો હતો. ■

# દ્વારકાના કુરંગા અને ઓખા મઢી ફાયરિંગ રેન્જમાં પ્રવેશબંધી: સપ્ટેમ્બર સુધી પ્રેક્ટિસ ચાલશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દેવભૂમિ દ્વારકા જિલ્લાના કુરંગા અને ઓખા મઢી ખાતે આવેલી ફાયરિંગ રેન્જમાં જુલાઈ ૨૦૨૫ થી સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન ફાયરિંગ પ્રેક્ટિસ યોજાનાર હોય લોકોની સલામતી જાળવવા માટે, દેવભૂમિ દ્વારકાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું બહાર પાડીને ફાયરિંગ બટ વિસ્તારમાં જાહેર જનતાના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

આ જાહેરનામા અનુસાર, દ્વારકા તાલુકાના કુરંગા અને ઓખા મઢી ખાતેના ફાયરિંગ રેન્જ વિસ્તારમાં તા. ૦૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી જાહેર જનતાના પ્રવેશને સંપૂર્ણપણે પ્રતિબંધિત કરવામાં આવ્યો છે. આ આદેશોનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ કાયદેસરની શિક્ષાને પાત્ર બનશે. નાગરિકોને તેમની સલામતી માટે આ જાહેરનામાનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે. ■

# પાકધિરાણ અધિકારીએ ૨૧ ખેડૂતોના નામે ₹ ૭૪ લાખની ઉચાપત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: બેન્કિંગના નિયમોની અનદેખી કરીને, પદ્ધરની સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયાના પાકધિરાણ અધિકારીએ ૨૧ જેટલા ખેડૂત ખાતેદારોની લોન મંજૂર કરી રૂ. ૭૪,૦૩,૫૦૦ની ઉચાપત કરી હોવાનો બનાવ બહાર આવતાં કચ્છ સહિત રાજ્યભરના બેન્કિંગ આલમમાં ચકચાર પ્રસરી છે.

પદ્ધર પોલીસ મથકે સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયા, જામનગરના રિજિયોનલ ઓફિસના અધિકારી દીપક મંગલ અગ્રવાલે ફરિયાદમાં જણાવ્યું હતું કે, પદ્ધર બ્રાન્ચમાં ગત તા. ૨૫-૭-૨૧થી તા. ૨૭-૩-૨૪ના સમયગાળા દરમ્યાન એગ્રીકલ્ચર ફાઇનાન્સ ઓફિસર તરીકે ફરજ બજાવતા કર્મચારી અક્ષય રૂપારો દેવજી રીઠે (મહારાષ્ટ્ર)એ તેના ફરજકાળમાં બેન્કના ૨૧ ખેડૂત ખાતેદારને બેન્કના નિયમ પ્રમાણેની કાર્યવાહી કર્યા વિના અનઅધિકૃત રીતે કુલ રૂ. ૭૪,૦૩,૫૦૦ના ટ્રાન્ઝેક્શન કર્યા હતા.

આ અંગે બેન્કના મેનેજરને જાણ થયા બાદ ઓડિટ ડિપાર્ટમેન્ટે તપાસ કરી હતી અને વિવિધ ખાતેદારોનાં ખાતામાં જમા પડેલા રૂ. ૪૧,૦૮,૦૦૦ પરત મેળવાયા હતા અને બાકીના રૂ. ૩૦,૯૪,૦૦૦ પોતાના તથા તેના સાગરીત આરોપી ભરત બાબુભાઇ બકોત્રા (રહે. પદ્ધર)ના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા.

આ રીતે પાકધિરાણ અધિકારી અક્ષયે સાગરીત ભરત સાથે મળી પોતાની સત્તા અને હોદ્દાનો દુરુપયોગ કરી બેન્ક તથા ખેડૂત ખાતેદારો સાથે વિશ્વાસઘાત-છેતરપિંડી કરી નાણાકીય ઉચાપત કર્યાની બંને વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો દાખલ કરી તજવીજ આદરી છે. ■

# સિવિલના સુપરિન્ટેન્ડન્ટ મંદિર હટાવવા માતાજીની રજા લેવા ભૂવા પાસે જતા વિવાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં આવેલી એશિયાની સૌથી મોટી સિવિલ હૉસ્પિટલ ફરી એક વાર વિવાદમાં આવી હતી. હૉસ્પિટલના સુપરિટેન્ડન્ટ ડૉ. રાકેશ જોશી ખોડિયાર માતાનું મંદિર હટાવવાનો નિર્ણય લેતાં પહેલા ભુવાનાં શરણમાં ગયા હોવાનું બહાર આવતા વિવાદ વકર્યો હતો. હૉસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમ સામે વર્ષો જૂનું ખોડિયાર મંદિર આવેલું છે, જેને સ્થળાંતર કરવા માટે ડૉ. જોશીએ ભુવા પાસેથી 'માતાની પરવાનગી' લેવાનો પ્રયાસ કર્યો હતો.

મળતી વિગત મુજબ, સિવિલ હૉસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમ સામે વર્ષો જૂનું ખોડિયાર મંદિર આવેલું છે, સિવિલ સુપરિટેન્ડન્ટ ડૉ. રાકેશ જોશી ખોડિયાર માતાના મંદિરને ખસેડવાના ઈરાદે મંદિર પહોંચ્યા હતા. મંદિરને સ્થળાંતર કરવા માટે ડૉ. જોશીએ ભુવા પાસેથી 'માતાની પરવાનગી' લેવાનો પ્રયાસ કર્યો હતો.

જો કે, ભૂવાએ દાવો કર્યો હતો કે, ખોડિયાર માતાએ મંદિર હટાવવાની પરવાનગી આપી નથી. આ વાતનો વીડિયો સોશિયલ મિડિયામાં વાયરલ થયો હતો, જેમાં હૉસ્પિટલ તેઓ કેમ્પસની અંદર ભૂવા પાસે ધાર્મિક વિધિ કરાવતા જોવા મળે છે. વીડિયો વાયરલ થયા બાદ લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે, શું મેડિકલનો અભ્યાસ કરનારા, મોટા હોદ્દા ધરાવનાર અધિકારી આવા અંધશ્રદ્ધાપૂર્ણ પગલાં લઈ શકે?

જોકે, આ વિશે સિવિલ હૉસ્પિટલ સુપરિટેન્ડન્ટના રાકેશ જોષીએ સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે, ખોડિયાર માતાના મંદિરને ખસાડવાનો મામલે મંદિરના પુજારીને મળવા ગયા હતા. આ વાત લોકોની આસ્થા મંદિર સાથે જોડાયલી છે. અમારી આસ્થા પણ મંદિર સાથે જોડાયેલી છે. હૉસ્પિટલના પ્રોજેક્ટ માટે મંદિરને અન્ય જગ્યા ખસાડવા માટે ચર્ચા કરવા મંદિરના પૂજારીએ બોલાવ્યા હતા. ■

# સાપુતારા પોલીસે 'લૂંટેરી દુલ્હન' ગેંગનો પર્દાફાશ કરી છ આરોપીને ઝડપ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સાપુતારા પોલીસે યુવકોને લગ્નના બહાને નિશાન બનાવતી 'લૂંટેરી દુલ્હન' ગેંગનો પર્દાફાશ કરીને ૬ આરોપીઓને ઝડપી પાડ્યા હતાં. આ લૂંટેરી દુલ્હન અને તેની ગેંગ મહારાષ્ટ્રીયન પહેરવેશ ધારણ કરી અને મરાઠી ઓળખ બનાવીને યુવકોને લગ્નના બહાને નિશાન બનાવીને લાખો રૂપિયાની છેતરપિંડી આચરતી હતી. મળતી વિગતો અનુસાર થોડા મહિનાઓ પૂર્વે એક ટોળકીએ લગ્ન કરવાના બહાને એક યુવકને છોકરી સાથે સંપર્ક કરાવીને તેની પાસેથી લગ્નના ખર્ચ પેટે દોઢ લાખ કરતા વધુ રૂપિયા પડાવી લીધા હતા અને આ અંગે સાપુતારા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. પોલીસ મથકમાં ફરિયાદ નોંધાયા બાદ પોલીસે ગુનાનો ભેદ ઉકેલવા તપાસ આદરી હતી. પોલીસનાં સ્ટાફે ગુનેગારોને પકડવા માટે મહારાષ્ટ્રિયન પહેરવેશ પહેરી અને મરાઠી ઓળખ બનાવીને તપાસ હાથ ધરી હતી. ■

# વડોદરાના કરજણ તાલુકામાં મનરેગા કૌભાંડનો પર્દાફાશ

## રૂ.૨.૭૨ કરોડની ગેરરીતિનો ખુલાસો થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં મનરેગા કૌભાંડનો રાફડો ફાંટ્યો છે, દાહોદ, પંચમહાલ, નર્મદા અને ભરૂચ બાદ હવે વડોદરા જિલ્લામાં મનરેગા કૌભાંડમાં ગેરરીતિનો ખુલાસો થયો છે. મનરેગા યોજના હેઠળની કામગીરીમાં મટિરિયલ સપ્લાયના ટેન્ડરમાં ગોટાળા કરીને ધનંજય કન્ટ્રક્શનને રૂપિયા ૨.૭૨ કરોડ ચુકવી દેવામાં આવ્યા હતા. આ મામલે કરજણ તાલુકા પંચાયતના ત્રણ પૂર્વ તાલુકા વિકાસ અધિકારી સહિત ૮ સામે પોલીસ ફરિયાદ નોંધાતા રાજકીય ગરમાવો આવ્યો છે. કરજણ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. કરજણ તાલુકામાં મનરેગા યોજના હેઠળ માલ સામાન પહોંચાડવાની ટેન્ડર પ્રક્રિયામાં ગેરરીતિ કરી વધુ બિલ ચૂકવી રૂપિયા ૨.૭૨ કરોડનું કૌભાંડ આચરવામાં આવ્યું છે. તાલુકા વિકાસ અધિકારી જૈમિની પટેલે કરજણ તાલુકા પંચાયતના ત્રણ પૂર્વ તાલુકા વિકાસ અધિકારી અને પાંચ કર્મચારીઓ સામે કરજણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

આ ફરિયાદમાં જણાવાયું છે કે, વર્ષ ૨૦૨૧માં કરજણ તાલુકામાં મનરેગા યોજના અંતર્ગત થનારાં કામો માટે માલ સામાન સપ્લાય કરવા તત્કાલીન તાલુકા વિકાસ અધિકારીએ ટેન્ડર જાહેર કર્યું હતું. તત્કાલીન તાલુકા વિકાસ અધિકારીએ મનસ્વી રીતે ગોટાળા કરી ધનંજય કન્સ્ટ્રક્શન કંપનીને રૂપિયા ૨,૭૨,૯૮,૫૪૦ ચૂકવી દીધા હતા. જ્યારે ટેન્ડર પ્રક્રિયામાં ગેરરીતિ કરી વર્ષ ૨૦૨૧થી ૨૦૨૨ સુધી ધનંજય કન્સ્ટ્રક્શનને કોન્ટ્રાક્ટ આપી દીધો હતો. બાદમાં એક વર્ષની મુદ્દત પણ વધારી આપવામાં આવી હતી.

કરજણ તાલુકાના મનરેગા યોજના હેઠળના કામોમાં ગેરરીતિ બાબતે તપાસ કમિટી રચવામાં આવી છે. આ તપાસ કમિટીએ હાથ ધરેલી તપાસમાં કરજણ તાલુકા પંચાયત કચેરીના ૮ કર્મચારીઓએ આર્થિક લાભ મેળવવાના આશયથી ટેન્ડર પ્રક્રિયાની શરતોનો ભંગ કરી ઇજારો આપ્યો હોવાનું બહાર આવ્યું હતું. જેમાં ધનંજય કન્સ્ટ્રક્શન કંપનીને મંજૂર થયેલા ભાવના બદલે એસઓઆરના ભાવથી સીધું ચુકવણું કરી દીધું હતું. જ્યારે ટેન્ડરની મુદ્દતમાં વધારો કરી રૂપિયા ૫,૩૬,૮૦,૭૫૭ ચૂકવી દીધા હતા. ધનંજય કન્ટ્રક્શન કંપનીને રૂ. ૨,૭૨,૯૮,૫૪૦ વધુ ચૂકવી સરકારી તિજોરીને આર્થિક નુકસાન પહોંચાડ્યું હોવાનું જાણવા મળ્યું હતું.

કરજણ પોલીસે કરજણ તાલુકા પંચાયતમાં ફરજ બજાવનાર તત્કાલીન તાલુકા વિકાસ અધિકારી પી.ડી.સેનમા, તત્કાલીન તાલુકા વિકાસ અધિકારી એસ.એન. ગાવિત, તત્કાલીન તાલુકા વિકાસ અધિકારી કે.એચ.શાહ, તત્કાલીન ટેકનિકલ આસિસ્ટન્ટ સિરાજ મનસુરી, એ.એ.માણકી, તત્કાલીન એપીઓ જીતેન્દ્ર પરમાર, ધર્મેશ ઘેલાણી અને એએસએમ એન્ડ કંપનીના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઉજ્જવલ પટેલ સામે મનરેગા યોજના હેઠળ મટિરિયલ સપ્લાયમાં રૂપિયા ૨.૭૨ કરોડ વધુ ચુકવી સરકારને આર્થિક નુકસાની પહોંચાડવાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ■

# અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે નંબર ૫૬ પર ચાર પુલ ભારે વાહનો માટે બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વલસાડ જિલ્લા કલેક્ટર દ્વારા જિલ્લાના કુલ પાંચ પુલોને બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. કલેક્ટરના આદેશની ગંભીરતાથી અમલવારી શરૂ થઈ છે અને બંધ કરવામાં આવેલા પુલો પર પોલીસ પહેરો ગોઠવવામાં આવ્યો છે અને ભારે વાહનોને રોકવામાં આવી રહ્યા છે. બંધ પુલો પર માત્ર નાના વાહનો જ પસાર કરવાની પરવાનગી આપવામાં આવી છે. જ્યારે ભારે વાહનોને જાહેર કરવામાં આવેલા વૈકલ્પિક રસ્તાઓ પર ડાયવર્ટ કરવામાં આવ્યા છે. જોકે પુલ બંધ હોવાથી ભારે વાહનને લાંબો ચકરાવો મારવાનો વારો આવ્યો છે.

લોકોની સલામતીના માટે લેવામાં આવેલા આ નિર્ણયને લોકો આવકારી રહ્યા છે અને વહેલી તકે આ પુલોનું રિપેરિંગ કરી ફરી પુલો ચાલુ કરવામાં આવે તેવી માગ કરી રહ્યા છે. જેથી લોકોને ઓછી હાલાકીનો સામનો કરવો પડે. જિલ્લામાંથી પસાર થતા અમદાવાદ-મુંબઈ નેશનલ હાઇવે નંબર ૫૬ પર જ ચાર પુલ બંધ કરવામાં આવ્યા છે. જેમાં તાન નદી, માન નદી, કોલક નદી અને રાતા ખાડી પરના પુલ બંધ કરાયા છે. વલસાડના ઓરંગા નદી પર આવેલા લીલાપોર પુલ પણ ભારે વાહનો માટે બંધ કરવામાં આવ્યો છે.

આ સાથે જ યુદ્ધના ધોરણે આ પુલોનું રિપેરીંગ અને જરૂરી કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. મહત્ત્વપૂર્ણ છે કે ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ સરકાર દ્વારા પુલોની હાલતને અંગે ગંભીરતા દર્શાવી છે. તે મુજબ વલસાડ જિલ્લામાં પણ આવેલા ૨૬૫ જેટલા પુલોમાંથી પાંચ પુલો જોખમી જણાતા તેના પર ભારે વાહનો પર રોક લગાવવામાં આવી છે. જિલ્લામાં બંધ કરાયેલા પુલોનું નિરીક્ષણ કર્યા બાદ જો તે સલામત જણાશે ત્યારબાદ જ તેના પર વાહન વ્યવહાર ચાલુ કરવા અંગે નિર્ણય લેવામાં આવશે. ■

# છોટા ઉદેપુરમાં વધુ એક પ્રસૂતાને ચાર કિમી. ઝોળીમાં ઊંચકીને લઈ જવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: છોટા ઉદેપુરમાં વધુ એક પ્રસૂતાને ઝોળીમાં ઊંચકીને લઈ જવામાં આવી હતી. છેવાડાના લોકો કાદવ કીચડ કોતર અને ઝરણા પાર કરીને ૧૦૮ સુધી પહોંચાડી અને ભુંડમારિયા ગામથી ૪ કિ.મી દુર કોટબી લઈ ગયા હતા. છોટાઉદેપુર જિલ્લાના આરોગ્ય સેવાની કથળતી સ્થિતિનો વધુ એક કિસ્સો બહાર આવ્યો હતો. ભુંડમારિયા ગામની એક પ્રસૂતા મહિલાને જીવના જોખમે ઝોળીમાં ઊંચકીને સારવાર માટે લઈ ગયા હતા. ગામથી દૂર ૪ કિલોમીટરમાં કોટબી સુધી પહોંચવા માટે, ગ્રામજનોએ મહિલાને કાદવ કીચડવાળા રસ્તા થઈને કોતરો અને ઝરણા પાર કરીને ૧૦૮ એમ્બ્યુલન્સ સુધી પહોંચાડી હતી.

છોટા ઉદેપુરના કવાંટ તાલુકાના ભૂંડમારિયા ગામની એક મહિલાને વહેલી સવારે પ્રસૂતિની પીડા ઊપડી હતી. ગામમાં રસ્તાઓનો અભાવ હોવાને કારણે ૧૦૮ આવી શકે તેમ ન હતી ફોન કરીને ચાર કિલોમીટર દૂર કોટબી બોલાવવામાં આવી હતી.

મહિલાના પરિવારજનો કાપડની ઝોળી બનાવીને મહિલાને સુવડાવીને ઊંચકીને ચાલતા કોટબી સુધી જવા નીકળ્યા હતા. રસ્તામાં કાચો, કાદવ કીચડથી ભરપૂર કોટરના પાણી, ઝરણા પસાર કરીને આખરે કોટબી ઉભી રહેલી ૧૦૮ સુધી પહોચ્યા હતા. મહિલાને ૧૦૮ દ્વારા કવાંટ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખસેડવામાં આવ્યા હતા.

છોટા ઉદેપુર જિલ્લામાં મહિલાને કે કોઈ બીમાર વ્યક્તિને હોસ્પિટલ લઈ જવા માટે રસ્તાના અભાવે ઝોળીમાં ઉંચકીને લઈ જવામાં આવે છે. અવાર નવાર આવા કિસ્સા સામે આવતા હોય છે. પરંતુ વહીવટીતંત્ર આ બાબતે કોઈ ધ્યાન આપતું નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ તુરખેડાની મહિલાને ઝોળીમાં ઊંચકીને લઈ જવામાં આવી હતી. ત્યારે જ રસ્તામાં મહિલાને પ્રસૂતિ થઈ ગયી હતી. જેમાં ડરના કારણે બાળકના જન્મ બાદ મહિલાનું મોત નીપજયું હતું. આ બનાવ મામલે હાઈ કોર્ટે સુઓમોટો પિટિશન પણ દાખલ કરી હતી. ત્યાર બાદ પણ તંત્રને કોઈ અસર થઈ ન હતી. ■

# વિમ્બલ્ડનમાં સ્વૉન્ટેક પહેલી વાર ચૅમ્પિયન

## ફાઈનલમાં બેમાંથી એક ખેલાડી એક પણ ગેમ ન જીતી હોય એવો ૧૧૪ વર્ષમાં પહેલો બનાવ



લંડનઃ પોલૅન્ડની ભૂતપૂર્વ વર્લ્ડ નંબર-વન ઇગા સ્વૉન્ટેક અગાઉ પાંચ ગ્રૅન્ડ સ્લૅમ સિંગલ્સ ટાઇટલ જીતી હતી, પણ એમાં સર્વશ્રેષ્ઠ સ્પર્ધા વિમ્બલ્ડન ચૅમ્પિયનશિપની એક પણ ટ્રોફી નહોતી જે તેણે શનિવારે અમેરિકાની અમૅન્ડા ઍમિનિસોવાને હરાવીને મેળવી લીધી હતી. સ્વૉન્ટેક પહેલી વાર વિમ્બલ્ડનનું ટાઇટલ જીતી તો ખરી, પણ એવા રેકૉર્ડ સાથે જીતી જે રેકૉર્ડ ૧૧૪ વર્ષમાં ક્યારેય કોઈ મહિલા ખેલાડી નહોતી નોંધાવી શકી.

સ્વૉન્ટેક ૧૯૧૧ની સાલ પછીની એવી પહેલી મહિલા ખેલાડી છે જે વિમ્બલ્ડનની ફાઇનલ ૬-૦, ૬-૦થી જીતી છે. બીજી રીતે કહીએ તો વિમ્બલ્ડનની ફાઇનલમાં કોઈ એક ખેલાડી એકેય ગેમ ન જીતી શકી હોય એવું છેલ્લા ૧૧૪ વર્ષમાં પહેલી વાર બન્યું છે.

અમૅન્ડાએ શનિવારે ૦-૬, ૦-૬થી હાર્યા બાદ પોતે જ કહ્યું હતું કે તે છેલ્લા બે અઠવાડિયાથી એકધારું રમીને ખૂબ થાકી ગઈ હતી. અમૅન્ડાએ શુક્રવારે ફાઇનલ માટેની પ્રૅક્ટિસ નહોતી કરી અને મૅચ પહેલાં હળવી પ્રૅક્ટિસ કરી રહી હતી ત્યારે તેને જમણા ખભામાં દુખાવો શરૂ થયો હતો. તેની આ પહેલી જ ગ્રૅન્ડ સ્લૅમ ફાઇનલ હતી.

શનિવારની ફાઇનલમાં કુલ ૭૯માંથી પંચાવન પૉઇન્ટ સ્વૉન્ટેક જીતી હતી અને એ તેના માટે ૬-૦, ૬-૦થી જીતવા માટે પૂરતા હતા.

આ એવી સતત આઠમી મહિલા વિમ્બલ્ડન ચૅમ્પિયનશિપ હતી જેમાં ખેલાડી પહેલી જ વાર આ ટૂર્નામેન્ટ જીતી હતી.

સ્વૉન્ટેક અગાઉ ફ્રેન્ચ ઓપનમાં ચાર વખત અને યુએસ ઓપનમાં એક વખત ચૅમ્પિયન બની હતી. તે હજી સુધી ઑસ્ટ્રેલિયન ઓપનનું ટાઇટલ નથી જીતી શકી. ■

# પહેલી ઈનિંગ્સમાં બન્ને ટીમ એકસરખા સ્કોર પર ઑલઆઉટ, ક્રિકેટના ઇતિહાસમાં નવમી વખત બન્યું

લંડનઃ શનિવારે રાત્રે લૉર્ડ્સની ત્રીજી ટેસ્ટના ત્રીજા દિવસે ૧૧.૦૦ વાગ્યે ભારતનો પ્રથમ દાવ ૩૮૭ રનના સ્કોર પર પૂરો થયો અને એ સાથે પરિણામ એ આવ્યું કે ન તો ભારતીય ટીમને એક રનની સરસાઈ મળી અને ન ઇંગ્લૅન્ડની ટીમ કોઈ લીડ લઈ શકી. કારણ એ હતું કે પહેલા દાવમાં ઇંગ્લૅન્ડની ટીમ પણ ૩૮૭ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ હતી. નવાઈની વાત એ છે કે કોઈ ટેસ્ટમાં બન્ને હરીફ ટીમ પ્રથમ દાવમાં એકસરખા સ્કોર પર ઑલઆઉટ થઈ હોય કે એકસરખા સ્કોર પર કોઈ ટીમે દાવ ડિક્લેર કર્યો હોય એવું કુલ એક વાર કે બે વાર નહીં, પણ નવ વખત બન્યું હતું. આ પહેલાં ૧૦ વર્ષ પહેલાં ઇંગ્લૅન્ડમાં જ આવું બન્યું હતું. ત્યારે લીડ્સમાં ન્યૂ ઝીલૅન્ડના ૩૫૦ રન બાદ યજમાન ઇંગ્લૅન્ડની ટીમ પણ બરાબર ૩૫૦ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ હતી. છેવટે ન્યૂ ઝીલૅન્ડની ટીમ એ મૅચ ૧૯૯ રનથી જીતી ગઈ હતી.

પહેલી ઇનિંગ્સમાં એકસરખા સ્કોરનો પ્રથમ કિસ્સો ૧૯૧૦માં ડરબનમાં સાઉથ આફ્રિકા અને ઇંગ્લૅન્ડ વચ્ચેની ટેસ્ટમાં બન્યો હતો. એમાં બેઉ ટીમ ૧૯૯-૧૯૯ના સ્કોર પર ઑલઆઉટ થઈ હતી.

## ભારત મુશ્કેલીમાં

લંડનઃ લૉર્ડ્સની ત્રીજી ટેસ્ટમાં રવિવારે ચોથા દિવસે ઇંગ્લૅન્ડનો બીજો દાવ ૧૯૨ રનના સ્કોર પર પૂરો કરી નાખ્યા બાદ ભારતે ૧૯૩ રનના લક્ષ્યાંક સામે માત્ર ૫૮ રનમાં ચાર વિકેટ (યશસ્વી, નાયર, ગિલ, આકાશ) વિકેટ ગુમાવી હતી. ઇંગ્લૅન્ડના બીજા દાવમાં વૉશિંગ્ટન સુંદરે ચારેય વિકેટમાં બૅટ્સમેનને ક્લીન બોલ્ડ કર્યા હતા. બુમરાહ-સિરાજે બે-બે વિકેટ અને નીતીશ-આકાશે એક-એક વિકેટ લીધી. ■

### ટેસ્ટના પ્રથમ દાવમાં બન્ને ટીમના એકસરખા સ્કોર

| ક્રમ | ટીમ-૧ | ટીમ-૨ | ક્યાં | ક્યારે | પરિણામ |
|---|---|---|---|---|---|
| ૧ | સાઉથ આફ્રિકા-૧૦/૧૯૯ | ઇંગ્લૅન્ડ-૧૦/૧૯૯ | ડરબન | ૧૯૧૦ | સાઉથ આફ્રિકાનો ૯૫ રનથી વિજય |
| ૨ | વેસ્ટ ઇન્ડિઝ-૧૦/૨૨૨ | ભારત-૧૦/૨૨૨ | કાનપુર | ૧૯૫૮ | વેસ્ટ ઇન્ડિઝનો ૨૦૩ રનથી વિજય |
| ૩ | પાકિસ્તાન-૧૦/૪૦૨ | ન્યૂ ઝીલૅન્ડ-૧૦/૪૦૨ | ઑકલૅન્ડ | ૧૯૭૩ | ડ્રૉ (પાકિસ્તાન સિરીઝ ૧-૦થી જીત્યું) |
| ૪ | ઑસ્ટ્રેલિયા-૭/૪૨૮ ડિક્લેર્ડ | વેસ્ટ ઇન્ડિઝ-૧૦/૪૨૮ | કિંગસ્ટન | ૧૯૭૩ | ડ્રૉ (સિરીઝ ૦-૦થી લેવલ થઈ) |
| ૫ | ઇંગ્લૅન્ડ-૧૦/૩૯૦ | ભારત-૧૦/૩૯૦ | બર્મિંગમ | ૧૯૮૬ | ડ્રૉ (ભારત સિરીઝ ૨-૦થી જીત્યું) |
| ૬ | વેસ્ટ ઇન્ડિઝ-૫/૫૯૩ ડિક્લેર્ડ | ઇંગ્લૅન્ડ-૧૦/૫૯૩ | સેન્ટ જોન્સ | ૧૯૯૪ | ડ્રૉ (વિન્ડીઝ સિરીઝ ૩-૧થી જીત્યું) |
| ૭ | ઑસ્ટ્રેલિયા-૧૦/૨૪૦ | વેસ્ટ ઇન્ડિઝ-૧૦/૨૪૦ | સેન્ટ જોન્સ | ૨૦૦૩ | વેસ્ટ ઇન્ડિઝનો ત્રણ વિકેટે વિજય |
| ૮ | ન્યૂ ઝીલૅન્ડ-૧૦/૩૫૦ | ઇંગ્લૅન્ડ-૧૦/૩૫૦ | લીડ્સ | ૨૦૧૫ | ન્યૂ ઝીલૅન્ડનો ૧૯૯ રનથી વિજય |
| ૯ | ઇંગ્લૅન્ડ-૧૦/૩૮૭ | ભારત-૧૦/૩૮૭ | લૉર્ડ્સ | ૨૦૨૫ | પરિણામ બાકી ■ |


## ક્લાસિફાઈડ

### ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**
દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693/ 7506569229. (બી-૧૬૦૯૬)

### ૧૨. યાત્રા સહેલગાહ

■ Per Couple Private Tour With Bfast and Dinner કેરળ 40000, આંદામાન 48000, લદ્દાખ 48000, સિક્કિમ 58000, થાઈલેન્ડ 44000, શ્રીલંકા 54000, સિંગાપોર 99000. Airfare Visa Extra Best Deals લોનાવાલા, સિલ્વાસા, દમણ, ગોવા અને અન્ય સ્થળો માટે પણ. Arrham Holiday 9769977466/ 9892534488/ 9326373672. (બી-૧૬૨૨૨)

**દેશપાંડે ટ્રાવેલ્સ**
9820962500
9819453043
**શ્રાવણ સ્પેશીયલ**
રેલવે આરક્ષણ ૭૫ દિવસ પહેલાં
**અષ્ટવિનાયક – જેજુરી**
પ્રતિબાલાજી - આળંદીસહ
પ્રત્યેક શુક્રવારે ઈકોનોમિક ૩,૧૫૧/- સ્વતંત્ર રૂમ ૩,૯૫૧/- દરેકના
એસી બસ, નોન-એસી રૂમ ૫,૫૫૧/-
**પંઢરપુર - તુળજાપુર**
ગાણગાપૂર-અક્કલકોટ
પ્રત્યેક ગુરુવારે ઈકોનોમિક ૩,૩૫૧/- સ્વતંત્ર રૂમ ૪,૧૫૧/- દરેકના
એસી બસ, નોન-એસી રૂમ ૫,૫૫૧/-
**ચારધામ યાત્રા**
બદ્રીનાથ-કેદારનાથ-યમુનોત્રી ગંગોત્રી-હરિદ્વાર-ઋષીકેશસહ
૧૩ દિવસ, ૧૧ ઑગષ્ટ, ૮ સપ્ટેમ્બર, ૬ ઑક્ટોબર, ૩૪,૫૦૦/- દરેકના
**રામેશ્વર-મદુરાઈ**
ત્રિવેન્દ્રમ-કન્યાકુમારીસહ
૭ દિવસ, ૨, ૧૭ ઑગષ્ટ
મુંબઈથી મુંબઈ ૩ ટાયર એસી, ૧૮,૫૦૦/- દરેકના
નોન-એસી સ્લિપર ક્લાસ ૧૫,૫૦૦/- દરેકના
**નેપાળ-પશુપતીનાથ**
પોખરા-વારાણસી
કાશી વિશ્વનાથ-અયોધ્યાસહ
૯ દિવસ, ૧૦ ઑગષ્ટ, મુંબઈથી વારાણસી ૩ ટાયર એસી રેલવે દ્વારા પ્રવાસ
કાઠમંડુથી મુંબઈ વિમાન પ્રવાસ ૪૧,૫૦૦/- દરેકના
**અયોધ્યા - વારાણસી**
પ્રયાગરાજસહ
૬ દિવસ, ૩૧ જુલાઈ, ૪,૮,૧૨,૧૬ ઑગષ્ટ, મુંબઈથી મુંબઈ ૩ ટાયર એસી, ૧૩,૫૦૦/- દરેકના
**ઉજ્જૈન - ઈંદોર**
ઑંકારેશ્વર-મહેશ્વરસહ
૫ દિવસ, ૩, ૧૪ ઑગષ્ટ, એસી બસ ફેમિલીવાઈઝ રૂમ, ૧૩,૫૦૦/- દરેકના
**સૌરાષ્ટ્ર-સોરઠી સોમનાથ**
નાગેશ્વર-દ્વારકા-ગિરનારસહ
૭ દિવસ, ૨૭ જુલાઈ, ૧૪ ઑગષ્ટ
એસી બસ પ્રવાસ, ૧૬,૫૦૦/- દરેકના
મહારાષ્ટ્રમાંના
**પાંચ જ્યોતિર્લિંગ**
અંબેજોગાઈસહ ૪ દિવસ, ૨૫, ૩૧ જુલાઈ ૭,૧૪,૧૮ ઑગષ્ટ, ૮,૫૦૦/- દરેકના
**ભીમાશંકર - લેણ્યાદ્રી**
ઓઝર-માળશેજસહ
૨ દિવસ, દર શનિવારે
૨૬ જુલાઈ, ૨,૯,૧૬ ઑગષ્ટ
૨,૬૫૧/- સ્વતંત્ર રૂમ ફેમિલીવાઈઝ રૂમ
**સાડાત્રણ શક્તિપીઠ**
અંબેજોગાઈસહ
૫ દિવસ, ૧૩ ઑગષ્ટ, ૯,૫૫૧/- દરેકના
www.deshpandetours.com
(બી-૧૬૨૩૦)

### ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર (ઈસ્ટ)**
60 ફીટ રોડ, 2 BHK, રેડી કબ્જો, પાર્કિંગ સાથે ભાડેથી આપવાનો છે. 9820253026. (એસડીબીજી-૨૭૪૦)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**ઓફિસો/ગોદામો**
સેમ્યુઅલ સ્ટ્રીટ, કાઝીસૈયદ સ્ટ્રીટ, નરસીનાથા સ્ટ્રીટ, લેવા/વેચવા ઓનરશીપ/ભાડેથી. સંપર્ક મહેશ શાહઃ 9820253026. (એસડીબીજી-૨૭૩૯)

### ૩૨. જમીન-મિલકત

**જુના મકાનો**
ફોર્ટ/ફાઉન્ટન/કોલાબા/ગામદેવી/કાલબાદેવી/ઓપેરા હાઉસ/ મસ્જિદબંદરમાં ભાડુત સાથે/ વગર લેવા/ વેચવા મળો. મહેશ શાહ - 9820253026. (એસડીબીજી-૨૭૪૨)

**વાપી થી તાપી**
ઉમરગામથી અંબાજી N.H. 48 ઇન્ડ.રેસી. એન.એ. રીસોર્ટ તેમજ હોટેલ માટે ટાઇટલ ક્લિયર જમીન માટે દક્ષિણ ગુજરાતમાં ઉદ્યોગ માટે સુનેહરી તક તમામ NOC માટે મળો Address. Patel Consultant And Developers Sonorous, 7th Floor, A wing, 705 Mob: Uttambhai Patel 9904000075/ Dhanesh Patel 7621000075. (૯૨-એ)

**અંધેરી (ઈસ્ટ)**
બંગલો/ પ્લોટ/ રો હાઉસ/ ખાલી સોસાયટી બિલ્ડિંગ એરીયા - 500 - 1000 sq. mtr. જોઈએ છે. સંપર્કઃ મહેશ શાહ - 9820253026. (એસડીબીજી-૨૭૪૧)

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**ACE પેસ્ટીસાઈડ**
(1993થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૧૫૯૯૨-એ)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675, 9326448699 (કાંદિવલી). (૮૪-એ)

### ૫૨. કુરીઅર્સ

■ વિદેશમાં અમેરિકા, લંડન, EUROPE, AUSTRALIA, CANADAમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે. અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૬૨૧૮)

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


# ગિલનો ગરમાટોઃ રાહુલ થોડો બ્રિટિશરોની તરફેણમાં, ગાવસકરે તો આઈપીએલનું નામ લઈને ત્યાં સુધી કહ્યું કે...




લંડનઃ ભારત અને ઇંગ્લૅન્ડ વર્તમાન સિરીઝમાં ૧-૧ની બરાબરીમાં રહ્યા પછી લૉર્ડ્સની ટેસ્ટમાં ખરાખરીનો ખેલ શરૂ થઈ ચૂક્યો છે અને એમાં શનિવારની રમતની છેલ્લી પળોમાં ગરમાગરમી થઈ ગઈ હતી જેમાં ઇંગ્લૅન્ડના ઓપનર્સ બીજા દાવમાં રમતના અંત સુધીમાં એક જ ઓવર રમી શકે એ માટે જાણી જોઈને સમય બગાડતાં હતા અને એમાં ખાસ કરીને ઝૅક ક્રૉવ્લીએ ઈજા થઈ હોવાનું 'બહાનું' કાઢીને ફિઝિયોથેરપિસ્ટને મેદાન પર બોલાવીને સમય બગાડ્યો એટલે ગુસ્સે થયેલો કૅપ્ટન શુભમન ગિલ ચર્ચાનું કેન્દ્ર બની ગયો હતો. તેના એ ક્રોધિત વલણ બાબતમાં કેટલીક પ્રતિક્રિયાઓ આવી છે. ખાસ કરીને ટીમ ઇન્ડિયાના જ સેન્ચુરિયન બૅટ્સમૅન કે. એલ. રાહુલ અને બૅટિંગ-લેજન્ડ સુનીલ ગાવસકરે રિએક્શન આપ્યું હતું.

ક્રૉવ્લીએ એ દિવસે બીજા દાવમાં જસપ્રીત બુમરાહની પ્રથમ ઓવરના બે બૉલ રમ્યા પછી ત્રીજા બૉલથી ડ્રામા શરૂ કરી દીધો હતો. તેણે બુમરાહને ત્રીજો બૉલ ફેંકતા રોક્યો હતો. બુમરાહે રન-અપ શરૂ કર્યો કે થોડી જ ક્ષણોમાં ક્રૉવ્લી ક્રીઝમાંથી નીકળી ગયો હતો. કૅપ્ટન ગિલ સહિતના ભારતીય ખેલાડીઓએ બ્રિટિશરોના આ વર્તન સામે વિરોધ નોંધાવ્યો હતો. ત્યાર બાદ ત્રીજો અને ચોથો બૉલ ફેંક્યા બાદ બુમરાહના પાંચમા બૉલમાં ક્રૉવ્લી હાથમાં ઈજા થઈ હોવાનું કારણ બતાવીને ક્રીઝમાંથી નીકળી ગયો હતો. તેણે જમણા હાથનું ગ્લવ કાઢીને નીચે ફેંકી દીધું હતું અને ફિઝિયોને બોલાવ્યા હતા. ગિલ તેમ જ રવીન્દ્ર જાડેજા અને ખુદ બુમરાહે કટાક્ષમાં તાળી પાડીને બ્રિટિશરોને તેમની અસલિયત બતાવવાની કોશિશ કરી હતી. ગિલ તો ક્રૉવ્લી પાસે દોડી ગયો હતો અને તેને (આઇપીએલની જેમ) ઇમ્પૅક્ટ પ્લેયરને બોલાવવો છે કે શું? એવું કટાક્ષમાં (તેની હાંસી ઉડાવવાના આશયથી) કહીને બે હાથ ક્રૉસમાં રાખીને પૅવિલિયન તરફ જોઈને ઇમ્પૅક્ટ પ્લેયરનો સંકેત આપ્યો હતો.

શુભમન ગિલની બેન ડકેટ સાથે પણ દલીલ થઈ હતી અને અમ્પાયરોએ વચ્ચે પડીને મામલો શાંત પાડ્યો હતો.

શુભમન ગિલને હરીફ ખેલાડી ક્રૉવ્લી પાસે દોડીને ગુસ્સામાં ટિપ્પણીઓ કરવા બદલ તથા તેને ચૅલેન્જ આપવા બદલ મૅચ રેફરીનો ઠપકો મળી શકે અથવા હળવો દંડ થઈ શકે એવી ક્રિકેટ વર્તુળોમાં ચર્ચા હતી.

## ટિમ સાઉધીનો ગિલ માટે કટાક્ષ

ઇંગ્લૅન્ડની ટીમના બોલિંગ-કન્સલ્ટન્ટ ટિમ સાઉધીએ શનિવારના ગિલના ક્રોધિત વલણની પ્રતિક્રિયામાં કહ્યું હતું કે ' શુક્રવારે મૅચના બીજા દિવસના મધ્ય ભાગમાં શુભમન ગિલ મેદાન પર મસાજ કરાવી રહ્યો હતો ત્યારે તેણે સમય નહોતો બગાડ્યો? તેણે જો એવું કર્યું તો પછી ક્રૉવ્લીની ઈજા બાબતમાં ગિલ શું કામ ફરિયાદ કરી રહ્યો હશે એ જ નથી સમજાતું.'

## કેએલ રાહુલે શું પ્રતિક્રિયા આપી?

લૉર્ડ્સ ટેસ્ટના પ્રથમ દાવના સેન્ચુરિયન અને આ ઐતિહાસિક મેદાન પર એકથી વધુ ટેસ્ટ સદી ફટકારનાર દિલીપ વેન્ગસરકર પછીનો બીજો ભારતીય ખેલાડી બનનાર કે. એલ. રાહુલે ગિલની શનિવારની ઘટના વિશે આડકતરી રીતે થોડી તરફેણ બ્રિટિશ ટીમની કરી હતી. તેણે કહ્યું, ' મૅચના કોઈ દિવસના અંતની છેલ્લી ક્ષણોમાં અને ખાસ કરીને લાંબા સમય સુધી ફીલ્ડિંગ કર્યા પછી બૅટિંગમાં આવતા ઓપનર પર શું વીતે એ હું સમજી શકું છું, કારણકે હું પોતે ઓપનર છું. ખાસ કરીને રમતની છેલ્લી પાંચ મિનિટમાં જે બનતું હોય છે એવું ઓપનિંગ બૅટ્સમૅન તરીકે મેં પણ મહેસૂસ કર્યું છે. જોકે ગિલ ગુસ્સામાં હતો એ મેં પણ જોયું, પરંતુ અમે છેલ્લી પળોમાં ઓછામાં ઓછી બે ઓવર રમવા માગતા હતા.

ટેસ્ટ-મૅચમાં આખો દિવસ ખેલાડીઓએ સામસામે લડત આપી હોય ત્યારે છેવટે થોડી ગરમાગરમી થાય એ તો રમતનો એક હિસ્સો જ કહેવાય.'

## સુનીલ ગાવસકર શું બોલ્યા?

શનિવારની મેદાન પરની ગિલ-ક્રૉવ્લી વચ્ચેની ગરમાગરમી બાબતમાં પીઢ ક્રિકેટર સુનીલ ગાવસકરે ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) એક રીતે કારણરૂપ હોવાનું જણાવ્યું હતું. તેમનું એવું માનવું હતું કે ' ઇંગ્લૅન્ડના ઓપનર્સ ઇચ્છતા હતા કે એ દિવસે તેમણે એક જ ઓવર રમવી પડે અને ભારતીય ખેલાડીઓની નજરે બ્રિટિશરોની એ ચાલાકી હતી. આવું કેમ થયું હશે એનું એક કારણ બતાવું. ઇંગ્લૅન્ડના બહુ મોટી સંખ્યામાં ખેલાડીઓ આઇપીએલમાં નથી રમતા એટલે આવો ઉશ્કેરાટ થઈ ગયો. જો રૂટ અને બેન સ્ટૉક્સ ભાગ્યે જ આઇપીએલમાં રમ્યા છે. બીજા દેશોના ઘણા ખેલાડીઓ આઇપીએલમાં રમતા હોય છે એટલે તેઓ ભારતીય ખેલાડીઓ સાથે ભળી જતા હોય છે (બન્ને વચ્ચે દોસ્તી થઈ જતી હોય છે), એકમેક સાથે ટ્રાવેલિંગ પણ કરતા હોય છે અને ડ્રેસિંગ-રૂમ પણ શૅર કરતા હોય છે.

જોફ્રા આર્ચરને જોયો! યશસ્વી જયસ્વાલ સામે કેવો કચકચાવીને બૉલ ફેંકતો હતો! ભારત-ઇંગ્લૅન્ડના ખેલાડીઓ આઇપીએલમાં સાથે નથી રમતા હોતા એટલે (આંતરરાષ્ટ્રીય મૅચોમાં) તેમની વચ્ચે દ્વેષ જોવા મળતો હોય છે.' ■

# રાહુલને લંચ પહેલાં ૧૦૦મો રન અપાવવાની ઉતાવળમાં પંતે વિકેટ ગુમાવી

## મેં જ પંતને કહેલું કે બને તો મારે લંચ પહેલાં જ સેન્ચુરી પૂરી કરી લેવી છેઃ રાહુલ

લંડનઃ શનિવારે અહીં લૉર્ડ્સની ટેસ્ટના ત્રીજા દિવસે લંચના વિશ્રામની થોડી ક્ષણો પહેલાં ભારતનો સ્કોર ૩/૨૪૭ હતો અને ઓપનર કે. એલ. રાહુલ ૧૦મી સદી ફટકારવાની તૈયારીમાં જ હતો ત્યાં સ્પિનર શોએબ બશીરની ઓવરના ત્રીજા બૉલમાં રિષભ પંતે પોતાના ૭૪ રનના સ્કોર પર ઉતાવળ કરીને રન લેવા જતાં બેન સ્ટૉક્સના સીધા અફલાતૂન થ્રોમાં રનઆઉટમાં જે વિકેટ ગુમાવી એની જવાબદારી ખુદ રાહુલે સ્વીકારી છે.

રાહુલે પોતે ૧૦૦ રન પૂરા કર્યા બાદ તરત જ આઉટ થઈ ગયો હતો. જોતજોતામાં ભારતનો સ્કોર ૩/૨૪૭ પરથી ૫/૨૫૪ થઈ ગયો હતો.

સાત રનમાં ભારતે બે મહત્ત્વની વિકેટ ગુમાવી હતી અને મૅચ પરની પકડ ભારતે ગુમાવી દીધી હતી. ખુદ રાહુલે શનિવારની રમત પછી એક ઇન્ટરવ્યૂમાં કહ્યું હતું કે લંચ પહેલાં સેન્ચુરી પૂરી કરવાની ઉતાવળમાં ટીમે પંતની વિકેટ ગુમાવવી પડી હતી. રાહુલે મુલાકાતમાં નિખાલસપણે કહ્યું, ' મેં લંચ અગાઉની બે ઓવર પહેલાં પંતને કહ્યું હતું કે બને તો મારે લંચમાં જતાં પહેલાં જ સદી પૂરી કરી લેવી છે. એક બૉલમાં મારે ફોર ફટકારી દેવી જોઈતી હતી, પણ હું ચૂક્યો અને બૉલ સીધો ફીલ્ડર પાસે મોકલી દીધો હતો. મેં કહેલી વાત યાદ રાખીને પંત મને સ્ટ્રાઇક આપવાની ઉતાવળમાં રન લેવા દોડ્યો અને નૉન-સ્ટ્રાઇક એન્ડ પર રનઆઉટ થઈ ગયો હતો. એ નહોતું થવું જોઈતું. અમે બન્ને સેટ થઈ ગયા હતા અને સારા તાલમેલથી રમી રહ્યા હતા. આ રીતે વિકેટ જાય એ કોઈ પણ બૅટ્સમૅનને ન ગમે.'

રાહુલ અને પંત વચ્ચે ૧૯૮ બૉલમાં ૧૪૧ રનની ભાગીદારી થઈ હતી. ત્યાર પછી રવીન્દ્ર જાડેજા અને નીતીશ રેડ્ડી વચ્ચે ૭૨ રનની અને જાડેજા-વૉશિંગ્ટન સુંદર વચ્ચે ૫૦ રનની ભાગીદારી થઈ હતી.

ભારત એ દાવમાં ૩૮૭ રનના સ્કોર પર આઉટ થઈ ગયું હતું. ઇંગ્લૅન્ડે પણ પહેલા દાવમાં ૩૮૭ રન કર્યા હતા. ■

# મહિલા ક્રિકેટની 'ક્વીન' મિતાલીને લૉર્ડ્સમાં મળ્યું અનેરું ગૌરવ



મહિલાઓની વન-ડે ક્રિકેટમાં સૌથી વધુ ૭,૮૦૫ રન બનાવનાર મિતાલી રાજને રવિવારે લૉર્ડ્સમાં પ્રતિષ્ઠિત બેલ વગાડવાનું ગૌરવ પ્રાપ્ત થયું હતું. ભારત-ઈંગ્લૅન્ડ વચ્ચેની ત્રીજી ટેસ્ટ પહેલાં મિતાલીને આ સન્માન મળ્યું હતું. મૅચના પ્રથમ દિવસે સચિનને બેલ વગાડવાનું આમંત્રણ મળ્યું હતું. બીજા દિવસે ઈંગ્લૅન્ડના ભૂતપૂર્વ કૅપ્ટન ઍન્ડ્રયુ સ્ટ્રાઉસના ચૅરિટી ફાઉન્ડેશનની ઈવેન્ટ નિમિત્તે તેના બાળકોને આ બેલ વગાડવાનું ઈન્વિટેશન અપાયું હતું અને શનિવારના ત્રીજા દિવસે ચેતેશ્વર પુજારાને એ ગૌરવ મળ્યું હતું.

# ઈંગ્લૅન્ડમાં ભારતીય મહિલાઓ ટી-૨૦ સિરીઝ ૩-૨થી જીતી




હરમનપ્રીત કૌરના કૅપ્ટન્સી અને સ્મૃતિ મંધાનાનાં ઉપસુકાનીપદમાં ભારતની મહિલા ટીમે શનિવારે ઈંગ્લૅન્ડ સામેની ટી-૨૦ શ્રેણી ૩-૨થી જીતી લીધી હતી. એ દિવસની પાંચમી અને છેલ્લી મૅચમાં શેફાલી વર્માના ૭૫ રન છતાં ભારતનો છેલ્લા બૉલે પરાજય થયો હતો. સિરીઝમાં સૌથી વધુ ૧૦ વિકેટ લેનાર ૨૦ વર્ષની સ્પિનર શ્રી ચરનીને પ્લેયર ઑફ ધ સિરીઝનો પુરસ્કાર અપાયો હતો. આ તેની પહેલી જ ટી-૨૦ શ્રેણી હતી. સ્મૃતિ મંધાનાના ૨૨૧ રન બન્ને ટીમની તમામ બૅટર્સમાં હાઈએસ્ટ હતા.

# સર જાડેજાએ રચ્યો ઈતિહાસ, ડબ્લ્યૂટીસીમાં વિરલ સિદ્ધિ મેળવી

લંડનઃ લેફ્ટ-આર્મ સ્પિનર રવીન્દ્ર જાડેજાને રવિવારે ઇંગ્લૅન્ડના બીજા દાવમાં એક પણ વિકેટ નહોતી મળી, પરંતુ એ પહેલાં તેણે વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)માં એક અનોખો વર્લ્ડ રેકૉર્ડ પોતાના નામે કરી લીધો હતો. ડબ્લ્યૂટીસીના ઇતિહાસમાં ૨,૦૦૦-પ્લસ રન કરવા ઉપરાંત ૧૫ હાફ સેન્ચુરી ફટકારનાર તેમ જ ૧૩૦ વિકેટ લેનાર તે પહેલો જ ક્રિકેટર છે. સર જાડેજા ઇંગ્લૅન્ડ સામેની વર્તમાન સિરીઝમાં બોલિંગમાં ખાસ કંઈ સારું પર્ફોર્મ નથી કરી શક્યો, પરંતુ તેણે એ ઊણપને સારી બૅટિંગથી ભુલાવી દીધી છે. જાડેજા બાપુએ આ સિરીઝના પાંચ દાવમાં ૮૮.૦૦ની બૅટિંગ સરેરાશે ૨૬૬ રન કર્યા છે જેમાં ત્રણ હાફ સેન્ચુરી સામેલ છે.

જાડેજાએ વર્તમાન શ્રેણીમાં પાંચ ઇનિંગ્સમાં આ મુજબ રન કર્યા છેઃ ૨૫ અણનમ, ૧૧ રન, ૬૯ અણનમ, ૮૯ રન અને ૭૨ રન.

૩૬ વર્ષના જાડેજાનું પૂરું નામ રવીન્દ્રસિંહ અનિરુદ્ધસિંહ જાડેજા છે.



તેણે વર્તમાન ટેસ્ટ પહેલાં ૮૨ ટેસ્ટમાં ચાર સેન્ચુરી અને ૨૪ હાફ સેન્ચુરીની મદદથી કુલ ૩,૫૬૪ રન કર્યા છે. તેણે ટેસ્ટ ક્રિકેટમાં કુલ ૩૨૫ વિકેટ લીધી છે.

# જેન સ્ટ્રીટ પર પ્રતિબંધ બાદ બીએસઇનો શેર ૧૬ ટકા, એનએસઇનો ૧૩ ટકા તૂટ્યો

મુંબઇઃ ટ્રેડિંગ વોલ્યુમ ઘટવાના કારણે બીએસઈ અને એનએસઈના શેરમાં વિતેલા સપ્તાહમાં ઘટયા હતા. હાઇ ફ્રિકવન્સી ટ્રેડર્સ પર નિયમનકારી પગલાને કારણે શેરબજારના ટર્નઓવરમાં ઘટાડો થતા ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. જેન સ્ટ્રીટ પર પ્રતિબંધ બાદ બીએસઇનો શેર ત્રીજી જુલાઈના સ્તરથી લગભગ ૧૬ ટકા ઘટયો છે.

યુએસ ટ્રેડિંગ ફર્મ જેન સ્ટ્રીટ પર ત્રીજી જુલાઈના રોજ પ્રતિબંધ લાદવામાં આવ્યો, ત્યારથી ડેરિવેટિવ ટર્નઓવર લગભગ ૨૦ ટકા ઘટયું છે. બીએસઈનો શેર ત્રીજી જુલાઈના સ્તરથી લગભગ ૧૬ ટકા ઘટયો છે. આ દરમિયાન, અનલિસ્ટેડ શેર્સમાં ટ્રેડ કરતા પ્લેટફોર્મ અનુસાર, વિતેલા અઠવાડિયે અનલિસ્ટેડ નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ)ના શેરનો ભાવ ૧૩ ટકા ઘટયો હતો.

એનએસઈના શેરનો ભાવ ઘટતા તેનું બજાર મૂલ્યાંકન ઘટીને રૂ. ૫.૪૩ લાખ કરોડ થયું છે. અગાઉ, જ્યારે એક્સચેન્જ તેની કો-લોકેશન સુવિધામાં ખામીઓ સંબંધિત લાંબા કાનૂની કેસમાં નિયમનકારો સાથે સમાધાનની નજીક હતું ત્યારે તેના આઈપીઓની આશા વચ્ચે તેનો શેર રૂ. ૨,૪૦૦ પર પહોંચી ગયો હતો.

બજારના જાણકાર વર્તુળોએ જણાવ્યું હતું કે, બીએસઈ અને એનએસઈના શેરમાં તીવ્ર ઘટાડો ટૂંકા ગાળાની ઉથલપાથલ અને બદલાતી બજાર ગતિશીલતાનું મિશ્ર પરિણામ છે. ડેરિવેટિવ્ઝની સમાપ્તિમાં ફેરફારથી ખેલાડીઓ થોડા નર્વસ થયા છે. આવતા અઠવાડિયે ડેરિવેટિવ વોલ્યુમ ટ્રેન્ડ્સ પર ખાસ કરીને મંગળવાર અને ગુરુવારે ઇન્ડેક્સ ડેરિવેટિવ એક્સપાયરીઓની આસપાસ નજર રાખવી મહત્વપૂર્ણ રહેશે. ■

# ટૅરિફના ટોરપીડોને કારણે બજારની ચાલ ખોડંગાઇ ગઇ છે, અર્નિંગ સીઝન પર રોકાણકારોની ઝીણવટભરી નજર રહેશે

મુંબઇઃ બજાર માટે બે નકારાત્મક પરિબળ ઊભી થયા હોવાથી આ સપ્તાહે આખલાની ચાલ ખોડંગાયેલી રહે એવી સંભાવના છે. એકતરફ ટ્રમ્પે તેના અળવીતરા સ્વભાવને ફરી અંડરલાઇન કરીને ટેરિફનો ટોપપીડો છોડ્યો હોવાથી વૈશ્વિક ઇક્વિટી માર્કેટનું હવામાન ડહોળાઇ ગયું છે, ત્યારે બીજી તરફ સ્થાનિક ધોરણે ટીસીએલના અપેક્ષાથી ઊણાં પરિણામને કારણે રોકાણકારોમાં સાવચેતીનું વલણ જોવા મળે એવી પણ ધારણા છે. નોંધવું રહ્યું કે, અમેરિકા દ્વારા કેનેડા પર ૩૫ ટકા અને પહેલી ઓગસ્ટથી યુરોપ અને મેક્સિકો પર ૩૦ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી છે અને એ જ સાથે ભારત પર પણ વીસ ટકાની ટેરિફ તોળાઇ રહી છે.

ગ્લોબલ ટ્રેડમાં સતત ટેન્શન સાથે સ્થાનિક સ્તરે કમાણીની મોસમની નબળી શરૂઆત વચ્ચે સ્થાનિક બેન્ચમાર્ક શેરઆંકમાં સતત બે અઠવાડિયા સુધી વેચવાલી જોવા મળી છે. ભારત-યુએસ વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવામાં વિલંબ અને યુએસ દ્વારા ટેરિફની સમયમર્યાદા લંબાવવાના નિર્ણયથી ટૂંકા ગાળાની અનિશ્ચિતતાઓમાં વધારો થયો છે. વધુમાં, કેનેડા, યુરોપ અને મેક્સિકો પર ટેરિફ લાદવાના યુએસના પગલાથી બજારનું સેન્ટિમેન્ટ ખખડી ગયું છે.

એફએમસીજી અને ડિસ્ક્રેશનરી શેરો જેવા વપરાશલક્ષી ક્ષેત્રોમાં પસંદગીયુક્ત લેવાલી જોવા મળી હતી, જેને શહેરી માગ પુનરૂત્થાન અને માર્જિનમાં સુધારો થવાના સંકેતો દ્વારા ટેકો મળ્યો હતો. ફુગાવામાં ઘટાડો, વ્યાજ દરમાં ઘટાડો અને અનુકૂળ ચોમાસાએ એકંદર હકારાત્મક વલણમાં ફાળો આપ્યો હતો. જોકે, ટેરિફ વોરના ભણકારા વચ્ચે તમામ આશા પર પાણી ફરી વળ્યા છે.

ટોચના ટેક્નિકલ એનાલિસ્ટે જણાવ્યું હતું કે, ટીસીએસની કમાણી જાહેર થયા પછી આઇટી શેરોમાં નબળાઈ અને ટ્રમ્પની ટેરિફ ટિપ્પણી બાદ ગ્લોબલ ટ્રેડમાં સંભવિત વિક્ષેપો અંગે ચિંતાઓને કારણે ૧૧ જુલાઈના રોજ બેન્ચમાર્ક શેરઆંકોએ સતત ત્રીજા સત્રમાં તેમનો ઘટાડો દર્શાવ્યો હતો. નિફ્ટી બેન્ચમાર્ક સપ્તાહમાં ૨૦૫ પોઈન્ટ અથવા ૦.૮૧ ટકા ઘટીને ૨૫,૧૪૯.૮૫ પોઇન્ટની સપાટી પર બંધ થયો, જે ૨૫,૩૩૦ પોઇન્ટની નજીકના મહત્વપૂર્ણ સપોર્ટ ઝોનને પાર કરે છે.

ટેકનિકલી, નિફ્ટી દૈનિક ચાર્ટ પર તેના અગાઉના સ્વિંગ લોથી નીચે તૂટી ગયો છે, જે દર્શાવે છે કે ઇન્ડેક્સ ઊંચા

## ફોરકાસ્ટ

### નિલેશ વાઘેલા

સ્તરોથી ટૂંકા ગાળાના સુધારાત્મક તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે. ભાવ હવે ૨૫,૦૦૦ની નજીકના મુખ્ય ફિબોનાકી સપોર્ટ ઝોનની નજીક પહોંચી રહ્યો છે, જ્યાં રિવર્સલ સિગ્નલ ઉભરી શકે છે, કારણ કે વ્યાપક વલણ તેજીનું રહે છે.

મોમેન્ટમ સૂચકાંકો નબળાઈ દર્શાવતા સેન્ટિમેન્ટ દર્શાવે છે. આરએસઆઇ ૪૮.૭૫ પર છે અને નીચે તરફ વલણ ધરાવે છે, જ્યારે એમએસીડીએ નકારાત્મક ક્રોસઓવર આપ્યું છે, જે બંને સાવચેતી સૂચવે છે. બેન્ચમાર્ક ૨૫,૩૩૦થી ઉપર બંધ આપી શકશે તો, તેજીનો વેગ ફરી શરૂ થઈ શકે છે, જે સંભવિત રીતે ૨૫,૬૭૦-૨૬,૦૦૦ને લક્ષ્ય બનાવી શકે છે. નકારાત્મક બાજુએ, જો બેન્ચમાર્ક ૨૫,૦૦૦ નિર્ણાયક રીતે તોડી નાંખે, તો આગામી સપોર્ટ લેવલ ૨૪,૭૫૦ પોઇન્ટની સપાટી પર રહેશે.

બજારના સાધનો માને છે કે. વર્તમાન પ્રીમિયમ મૂલ્યાંકનને ટકાવી રાખવા માટે ટ્રિગર્સના અભાવ અને મુખ્ય આઇટી બેલવેધરના નિરાશાજનક પરિણામોને કારણે વ્યાપક શેરઆંક નકારાત્મક ક્ષેત્રમાં સરકી ગયા હતા. આઇટી સેકટરના નાણાકીય વર્ષ ૨૦૨૬ના કમાણીના અંદાજો સંદર્ભે હવે ચિંતા ઉભી થઇ છે. રોકાણકારો નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ ત્રિમાસિક સમયગાળાના પરિણામના ડેટામાં માર્જિન અને ગાઇડન્સનું ઝીણવટથી નિરીક્ષણ કરી રહ્યા છે. અમેરિકા અને ભારત તરફથી ફુગાવાના આંકડા તેમજ ચીનના જીડીપીના આંકડા સહિત આગામી આર્થિક ડેટા રિલીઝ રોકાણકારોનું ધ્યાન ખેંચશે તેવી અપેક્ષા છે.

નજીકના ગાળામાં, વર્તમાન પ્રીમિયમ મૂલ્યાંકન અને ટેરિફ સંદર્ભની અનિશ્ચિતતા જેવા વૈશ્વિક અવરોધો વિદેશી સંસ્થાકીય રોકાણકારોના નવા આંતરપ્રવાહને અટકાવી શકે છે. નવા ઓર્ડર અને નવા રોકાણોમાં વિલંબ, નાણાકીય વર્ષ ૨૦૨૬ કમાણીના અંદાજોને નકારાત્મક અસર કરી શકે છે એવી અટકળો વચ્ચે આઇટી શેરોમાં વેચવાલીનું દબાણ ચાલુ રહેવાની શક્યતા છે.

આ ઓછું હોય તેમ કોર્પોરેટ સેકટરના પ્રથમ ક્વાર્ટરની કમાણીની મોસમની નબળી શરૂઆતથી બજારનું માનસ ખરડાયું છે. ટાટા કન્સ્લ્ટન્સી સર્વિસિસે બજારની અપેક્ષા કરતા નબળા પરિણામ જાહેર કર્યા હોવાથી તેના શેરમાં શુક્રવારે ૩.૪૬ ટકા સુધીનો કડાકો જોવા મળ્યો હતો. ઝી એન્ટરટેન્મેન્ટ એન્ટરપ્રાઇસના શેરધારકોએ પ્રમોટર ગ્રુપ એન્ટીટી પાસેથી રૂ. ૨૨૩૭.૪૪ કરોડ ઉધરાવીને તેમનું શેરહોલ્ડિંગ ૧૮.૪૦ ટકા સુધી લઇ જવાનો પ્રસ્તાવ નામંજૂર કર્યો હતો. ટેસ્લા પહેલુ એક્સપિરિઅન્સ સેન્ટર આવતા સપ્તાહે ખોલશે. આઇનોક્સ ક્લીન એનર્જીએ પ્રારંભિક જાહેર ઓફર (આઇપીઓ) દ્વારા રૂ. ૬,૦૦૦ કરોડ એકત્ર કરવા માટે બજાર નિયમનકાર સેબી સમક્ષ ગુપ્ત ધોરણે ડ્રાફ્ટ પેપર્સ ફાઇલ કર્યા છે.

એમેરાલ્ડ ફાઇનાન્સ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પહેલા ક્વાર્ટરના સ્ટેન્ડઅલોન અનઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૮૯.૨૨ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૪.૭૪ કરોડની કુલ આવક, ૧૦૫.૧૯ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૩.૯૮ કરોડનો એબિટા અને ૧૩૮.૩૯ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨.૬૩ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. ગ્લેન્માર્ક ફાર્માનો શેર દસ ટકા ઉછળીને ઉપલી સર્કિટમાં પહોંચ્યો હતો. ■

# ટૅરિફની દરેક નવી જાહેરાત સાથે બજારમાં ઊથલપાથલ સર્જાતી હોવાથી રોકાણકારો મુશ્કેલીમાં

મુંબઈઃ ટેરિફની દરેક નવી જાહેરાત સાથે બજારમાં ઊથલપાથલ સર્જાતી હોવાથી રોકાણકારો મુશ્કેલીમાં મુકાયા છે. શેરબજારની ગાડી સહેજ પાટે ચડતી દેખાય ત્યાં યુદ્ધ અથવા તો ટેરિફને લગતા નવા દરો કે ફેરફારની ટ્રમ્પ દ્વારા થતી જાહેરાતને પગલે શેરબજારમાં અફડાતફડી મચી જાય છે અને રોકાણકારોને નુકસાન થાય છે. અમેરિકાના પ્રેસિડેન્ટ ટ્રમ્પે ટેરિફ યુદ્ધ છેડી દીધું છે અને રોજ નવા નવા દેશ પર નવી ટેરિફની જાહેરાત સાથે શેરબજારમાં વેચવાલીનું દબાણ વધી જતાં રોકાણકારોએ નાણાં ગુમાવવા પડે છે.

નિષ્ણાતો કહે છે કે ગમે તે પરિસ્થિતિમાં જો સારા ફંડામેન્ટલ અને મોમેન્ટમ ધરાવતા શેર પોર્ટફોલિયોમાં સામેલ કરવામાં આવે તો લાભ મળી શકે છે. આ વ્યૂહરચના અંતર્ગત પોર્ટફોલિયોમાં મોમેન્ટમ થીમ અંતર્ગત સારું પ્રદર્શન કરતા શેરોનો ઉમેરો કરવામાં આવે છે અને નબળું પર્ફોન્સ ધરાવતા શેરોને પડતા મૂકવામાં આવે છે.

બજારની ગમે તે પરિસ્થિતિમાં આગળ વધનારા શેરોને ટેકો આપવાની અને નબળા પ્રદર્શન કરનારાઓને છોડી દેવાની આ વ્યૂહરચના પોર્ટફોલિયોને બજારની ગતિ પર અંકુશ મેળવવા અને રોકાણ સામે લાભ મેળવવામાં મદદરૂપ બને છે એમ જણાવતાં પાથવે ફિનસર્વના પથિક શાહ કહે છે કે, બજારમાં કોઈપણ શેરમાં પ્રાઇસ મોમેન્ટમ વિવિધ સમયગાળા દરમિયાન અનુકૂળ પ્રાઇસ ટ્રેન્ડ અને રિસ્ક એડજસ્ટેડ રિટર્ન પર આધારિત હોય છે.

૨૦૨૩-૨૦૨૪માં ભારતીય જાહેર ક્ષેત્રના એકમના શેરોમાં બજારની ગતિશીલતાનું તાજેતરનું ઉદાહરણ જોવા મળ્યું હતું. ભારત સરકારે રસ્તા, રેલ્વે, સંરક્ષણ અને ઉર્જા પર મૂડી ખર્ચમાં વધારો કર્યો હોવાથી પીએસયુ ક્ષેત્રની કંપનીઓને સીધો લાભ મળ્યો હતો. મેક ઇન ઇન્ડિયા પહેલથી તેમનું વ્યૂહાત્મક આકર્ષણ પણ વધ્યું, રોકાણકારોના પ્રવાહને આકર્ષિત કર્યો. ઉપરાંત, આ શેરો વર્ષોથી અળખામણા રહ્યાં હોવાથી નીચા મૂલ્યાંકન પર ટ્રેડ થઈ રહ્યા હતા. ખાસ કરીને ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીઓ પછી આ શેરોને વેગ મળ્યો હતો. ■

# આવકવેરા રિફંડમાં ૪૭૪ ટકાનો વધારો

નવી દિલ્હીઃ આવકવેરા રિફંડ પાછલા ૧૧ વર્ષમાં ૪૭૪ ટકા વધીને ૨૦૨૪-૨૫માં રૂ. ૪.૭૭ લાખ કરોડ થયા છે, જે કુલ કરવેરા વસૂલાતમાં ૨૭૪ ટકાના વધારા કરતાં નોંધપાત્ર રીતે વધુ છે, એમ સાધનોએ રવિવારે જણાવ્યું હતું. આ ઉપરાંત, આવકવેરા રિફંડ જારી કરવામાં લાગતા દિવસોમાં ૮૧ ટકાનો ઘટાડો થયો છે, જે ૨૦૧૩ માં ૯૩ દિવસથી ઘટીને ૨૦૨૪માં માત્ર ૧૭ દિવસ થયો છે.

યુપીએ શાસનના છેલ્લા વર્ષ ૨૦૧૩-૧૪ સુધીમાં, આવકવેરા વિભાગ દ્વારા જારી કરાયેલા રિફંડ રૂ. ૮૩,૦૦૮ કરોડ હતા. જ્યારે, ચાલુ એનડીએ શાસનના ૧૧મા વર્ષ, ૨૦૨૪-૨૫ ના અંતે, આવકવેરા રિફંડ રૂ. ૪.૭૭ લાખ કરોડ હતું, જે આ સમયગાળા દરમિયાન ૪૭૪ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. ■

# લેભાગુ ઠગ કંપનીઓ સામે સેબીની લાલ આંખઃ ૨૦૦થી વધુ ખાનગી લિસ્ટેડ કંપનીઓ રડારમાં

મુંબઈ : બનાવટી શેલ કંપનીઓના શેરોના ભાવોને ચગાવીને ઊંચા ભાવે ભોળા રોકાણકારોના ગળામાં આવા શેરો પરોવી દઈ રફુચક્કર થનારી એટલે કે પમ્પ એન્ડ ડમ્પના ચક્રવ્યુહમાં ફસાવનારી ગેંગ સામે મૂડી બજાર નિયામક તંત્ર સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ તપાસ સઘન બનાવીને ગાળીયો કસ્યો હોવાનું જાણવા મળે છે.

સેબીએ લેભાગુઓ સામેની તેની અત્યાર સુધીની સૌથી મોટી કાર્યવાહી પૈકી એક પમ્પ એન્ડ ડમ્પ મામલામાં ૨૦૦થી વધુ ખાનગી લિસ્ટેડ કંપનીઓ કે જેમાં કૃત્રિમ રીતે શેરોના ભાવો ચગાવવાની શંકાસ્પદ કામગીરીમાં સંડોવાયેલી સંસ્થાઓ સહિત પર ધ્યાન કેન્દ્રિત કરીને તપાસનો વ્યાપ વધાર્યો છે. ઉલ્લેખનીય છે કે, સેબીએ શેલ કંપનીઓના શંકાસ્પદ નેટવર્કની તપાસ તાજેતરમાં મોટાપાયે શરૂ કરી હતી.

આ નેટવર્ક પૈકી ઘણા લેભાગુઓ અમદાવાદથી કાર્યરત હોવાનું અને કથિત રીતે સંકલિત સોશિયલ મીડિયા ઝુંબેશ અને ખોટા વર્ણનો દ્વારા શેરોના ભાવો ચગાવવા, મેનીપ્યુલેશનમાં સંડોવાયા હોવાનું જાણવા મળે છે. આ તપાસ સંબંધિત મળતી માહિતી મુજબ ડેટા મોટાપાયે મેળવાયા છે અને અનેક દરોડા દરમિયાન જપ્ત કરાયેલા ડિજિટલ ઉપકરણો, મોબાઈલ ડિવાઈસીઝ, કોમ્પ્યુટરોની વિગતવાર ફોરેન્સિક તપાસ થઈ રહી છે.

આ બાબતથી પરિચિત લોકોના મતે સેબી હાલમાં અમદાવાદથી સંચાલિત બંધ થયેલી બીએસઈ કંપનીઓને પુનઃજીવિત કરવા અને હજારો રોકાણકારોને છેતરવા સહિત અને પમ્પ એન્ડ ડમ્પ સ્કિમોની તપાસ કરી રહ્યું છે. અહીં એ પણ નોંધવું રહ્યું કે, સેબી આ બાબતમાં બીએસઈની તપાસ કરી રહ્યું નથી કે એક્સચેન્જની દોષિતતા પર પણ પ્રશ્ન નથી. ધ્યાન ફક્ત એક્સચેન્જ પર લિસ્ટેડ જૂની નિષ્ક્રિય કંપનીઓ પર છે. નિયામક તંત્ર તપાસ ઝડપી બનાવવા આતુર છે અને આગામી ત્રણથી છ મહિનામાં આદેશ બહાર પાડવાની તૈયારીમાં હોવાનું કહેવાય છે.

આ યોજના શેલ કંપનીઓના નેટવર્ક થકી રચાયેલું હોવાનું અને આ કેસમાં ઘણા આરોપીઓ એલએસ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના પમ્પ એન્ડ ડમ્પ ઉલ્લંઘન સાથે પણ સંકળાયેલા હતા એમ જાણવા મળે છે. સેબી આ કેસોને એક મહત્વપૂર્ણ ડેવલપમેન્ટ તરીકે ગણી રહ્યું છે, કેમ કે તેનુ માનવું છે કે, તપાસ નિયમાક તંત્રને આવી વધુ સ્કિમો તરફ દોરી જશે, તેમ જ આ સ્કિમોમાં સામેલ સંસ્થાઓ તરફ દોરી જશે. ■

# ડીઆઇઆઇની ₹ ૭૨૬૨ કરોડની લેવાલી છતાં બેન્ચમાર્ક ૯૦૦ પોઇન્ટ તૂટ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ગ્લોબલ ટેન્શન વચ્ચે પસાર થયેલા સપ્તાહ દરમિયાન માત્ર એફએમસીજી અને પાવર ઈન્ડેક્સ વધ્યા હતા, જ્યારે ટેકનોલોજી અને આઈટી શેર્સ સર્વાધિક ઘટ્યા હતા. સ્થાનિક સંસ્થાઓએ રૂ.૭૨૬૨ કરોડની ચોખ્ખી લેવાલી નોંધાવી હતી. શુક્રવાર ૧૧ જુલાઈ, ૨૦૨૫એ સમાપ્ત થયેલા સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન બીએસઈ સેન્સેક્સ ૯૩૨.૪૨ પોઈન્ટ્સ (૧.૧૨ ટકા) ઘટ્યો હતો.

સપ્તાહના અંતમાં સેન્સેક્સ ગત શુક્રવારના ૮૩,૪૩૨.૮૯ના બંધ સામે આ શુક્રવારે ૮૨,૫૦૦.૪૭ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. સપ્તાહના આરંભે સોમવાર સાત જુલાઈ, ૨૦૨૫ના રોજ સેન્સેક્સ ૮૩,૩૯૮.૦૮ પોઈન્ટ્સ પર ખૂલી, મંગળવાર, આઠ જુલાઈ, ૨૦૨૫એ ઉપરમાં ૮૩,૮૧૨.૩૧ પોઇન્ટ સુધી તથા શુક્રવાર, ૧૧ જુલાઈ, ૨૦૨૫એ નીચામાં ૮૨,૪૪૨.૨૫ પોઇન્ટ સુધી ગયો હતો. ગત શુક્રવાર ૪ જુલાઈ ૨૦૨૫ના રોજ માર્કેટ કેપ રૂ. ૪૬૧.૨૩ લાખ કરોડ હતું, તે ૧૧ જુલાઈ, ૨૦૨૫ના રોજ રૂ. ૪.૫૪ લાખ કરોડ ઘટીને રૂ.૪૫૬.૬૯ લાખ કરોડ થયું હતું. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં, અઠવાડિયા દરમિયાન બધા સૂચકાંકોમાં ઘટાડો થયો હતો, જેમાં બીએસઈ સ્મોલકેપ (૦.૮૩ ટકા), બીએસઈ મિડકેપ (૧.૧૨ ટકા), બીએસઈ ૧૦૦ (૧.૨૪ ટકા), બીએસઈ ૨૦૦ (૧.૨૪ ટકા), બીએસઈ ૫૦૦ (૧.૧૪ ટકા)નો સમાવેશ થાય છે. સેક્ટરલ ઈન્ડાયસીસમાં માત્ર એફએમસીજી (૧.૯૬ ટકા) અને પાવર (૦.૬૨ ટકા) વધ્યા હતા.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં, સપ્તાહ દરમિયાન ઘટેલાં ક્ષેત્રોમાં ટેક (૩.૯૭ ટકા), આઇટી (૩.૩૬ ટકા), કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ (૨.૬૭ ટકા), મેટલ (૨.૦૦ ટકા), ઓટો (૧.૯૭ ટકા), પીએસયુ બેંકો (૧.૯૭ ટકા), ઓઇલ અને ગેસ (૧.૯૫ ટકા), કેપિટલ ગુડ્સ (૧.૮૭ ટકા), હેલ્થકેર (૧.૨૬ ટકા), પીએસયુ (૧.૦૭ ટકા), રિયલ્ટી (૦.૭૭ ટકા) અને બેન્કેક્સ (૦.૧૦ ટકા)નો સમાવેશ થાય છે.

બીએસઈ ૧૦૦માં ૨૬ કંપનીઓના ભાવ વધ્યા, ૭૪ કંપનીઓમાં ઘટાડો થયો. બીએસઈ ૨૦૦ માં ૧૬૮ કંપનીઓના ભાવ વધ્યા, ૧૪૨ કંપનીઓમાં ઘટાડો થયો. બીએસઈ ૩૦માં ૧૦ કંપનીઓના ભાવ વધ્યા અને ૨૦ કંપનીઓમાં ઘટાડો થયો. બીએસઈ ૫૦૦ માં ૧૬૮ કંપનીઓના ભાવ વધ્યા, ૩૩૨ કંપનીઓમાં ઘટાડો થયો. મિડકેપમાં ૪૭ કંપનીઓના ભાવ વધ્યા, ૯૦ કંપનીઓમાં ઘટાડો થયો. સ્મોલકેપમાં ૩૫૧ કંપનીઓના ભાવ વધ્યા, ૬૧૮ કંપનીઓના ભાવ વધ્યા અને બે કંપનીઓમાં ઘટાડો થયો.

બીએસઈ સેન્સેક્સમાં સૌથી અધિક વધેલા પાંચ શેરોમાં હિન્દુસ્તાન યુનિલિવર (૩.૧૫ ટકા), કોટક બેંક (૪.૧૨ ટકા), ગ્રઝ્ર્ઈ (૨.૦૬ ટકા), પાવર ગ્રીડ (૧.૫૧ ટકા) અને બજાજ ફિનસર્વ (૧.૧૨ ટકા)નો સમાવેશ હતો, જ્યારે સેન્સેક્સમાં સર્વાધિક પાંચ ઘટેલા શેરોમાં ટાઇટન (૯.૭૫ ટકા), એચસીએલ ટેકનોલોજી (૫.૪૦ ટકા), ભારતી એરટેલ (૪.૯૭ ટકા), તાતા કન્સલ્ટન્સી (૪.૭૬ ટકા) અને બીઈએલ (૪.૪૭ ટકા)નો સમાવેશ હતો.

ગ્રુપ અનુસાર ચડાવ-ઉતારમાં ‘‘એ’’ ગ્રુપની ૭૨૬ કંપનીઓમાંથી ૨૪૦ કંપનીઓના ભાવ વધ્યા, ૪૮૫ના ઘટ્યા ૨ કંપનીઓના ભાવ યથાવત રહ્યા હતા. ‘‘બી’’ ગ્રુપની ૧૨૦૮ કંપનીઓમાંથી ૪૧૮ કંપનીઓના ભાવ વધ્યા, ૭૮૩ કંપનીઓના ભાવ ઘટ્યા અને ૭ કંપનીઓના ભાવ યથાવત રહ્યા હતા.

સપ્તાહ દરમિયાન, બી ગ્રુપની ચાર કંપનીઓ પર નીચલી સર્કિટ બ્રેકર અને ૧૫ કંપનીઓ પર ઉપલી સર્કિટ બ્રેકર લાદવામાં આવ્યા હતા. સપ્તાહ દરમિયાન, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની બીએસઈ અને એનએસઈ પર રૂ. ૭૬,૨૫૭.૯૬ કરોડની ખરીદી અને રૂ. ૬૮,૯૯૫.૮૦ કરોડની વેચવાલી રહી હતી. આમ, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ રૂ. ૭,૨૬૨.૧૬ કરોડની ચોખ્ખી ખરીદી કરી.

સપ્તાહ દરમિયાન બીએસઈ અને એનએસઈ પર સંયુક્તરૂપે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૬૫,૪૦૫.૯૯ કરોડની લેવાલી અને રૂ. ૭૦,૬૭૭.૨૨ કરોડની વેચવાલી રહી હતી. આ અનુસાર એફઆઈઆઈની રૂ. ૫,૨૭૧.૨૩ કરોડની ચોખ્ખી લેવાલી રહી હતી. ■

# એફએમસીજી કંપનીઓના વોલ્યુમમાં વધારો

મુંબઇઃ આગામી ત્રિમાસિક સમયગાળામાં હળવા ફુગાવા, અનુકૂળ ચોમાસા અને સરકાર દ્વારા ખર્ચમાં વધારો થવાને કારણે અર્થતંત્રને અને ખાસ કરીને એફએમસીજી સેક્ટરને લાભ થવાની આશા છે. ગ્રામીણ માગમાં સુધારો થતાં એફએમસીજી કંપનીઓના વોલ્યુમમાં અત્યારથી વધારો જોવા મળ્યો છે. દૈનિક વપરાશી ચીજવસ્તુ (એફએમસીજી) બનાવતી કંપનીઓએ તેમના પરિણામો પહેલા ત્રિમાસિક અપડેટ્સમાં જણાવ્યું છે કે તેઓએ પાછલા ત્રિમાસિક ગાળાની તુલનામાં વોલ્યુમમાં વધારો અને ગ્રામીણ માંગમાં સતત સુધારો જોયો છે. ભારતીય એફએમસીજી ક્ષેત્રની માગમાં ક્વાર્ટર-દર-ક્વાર્ટર સુધારો થયો છે, ખાસ કરીને શહેરી બજારોમાં વોલ્યુમ વૃદ્ધિમાં વધારો થયો છે. આ ક્ષેત્રની આગેવાન કંપનીએ જણાવ્યું હતું કે, સ્ટેન્ડઅલોન ધોરણે તેનો વોલ્યુમ વૃદ્ધિ મજબૂત સ્પર્ધાત્મક રહી છે અને પાછલા ત્રિમાસિક ગાળાની તુલનામાં સુધારો થઈ રહ્યો છે. તેની એકીકૃત આવક વૃદ્ધિ બે આંકડામાં રહેવાની અપેક્ષા છે. ■

# રેપો રેટની અસરે ધિરાણ વૃદ્ધિ વધી શકે અને થાપણની વૃદ્ધિ ધીમી પડી શકે!

મુંબઈ : દેશની બેન્કિંગ વ્યવસ્થામાં તાજેતરમાં જ પૂરા થયેલા જૂન ત્રિમાસિક સમયગાળામાં ધિરાણ કરતા થાપણમાં વધુ વૃદ્ધિ જોવા મળી હતી. ધિરાણમાં વાર્ષિક ધોરણે ૯.૫૦ ટકા જ્યારે થાપણમાં ૧૦.૧૦ ટકા વૃદ્ધિ જોવા મળી હોવાનું રિઝર્વ બેન્કના ડેટા જણાવે છે.

સમાપ્ત થયેલા નાણાં વર્ષમાં ધિરાણ વૃદ્ધિ મંદ રહી હતી, પરંતુ રેપો રેટમાં ઘટાડાને ધ્યાનમાં રાખતા વર્તમાન નાણાં વર્ષમાં ધિરાણમાં વધારો થવા અપેક્ષા છે. જોકે, અર્થનિરિક્ષકો એવી આશંકા વ્યક્ત કરી રહ્યા છે કે, વ્યાજદર ઓછા થયા હોવાથી હવે થાપણ વૃદ્ધિની ગતિ ધીમી પડી શકે છે.

નાણાં વર્ષના પ્રથમ છ મહિનામાં ધિરાણ વૃદ્ધિ સામાન્ય રીતે મંદ રહેતી હોય છે, કારણ કે ઉનાળુ વાવેતર તથા ચોમાસાની ઋતુને પરિણામે ઉપભોગ તથા ઈન્વેસ્ટમેન્ટ પર અસર થતી હોય છે એમ બેન્કિંગ ક્ષેત્રના વર્તુળોએ જણાવ્યું હતું. ૨૭ જૂનના અંતે બેન્કિંગ વ્યવસ્થામાં એકંદર થાપણ આંક રૂપિયા ૨૩૪.૨૫ લાખ કરોડ રહ્યો હતો જ્યારે ધિરાણ આંક રૂપિયા ૧૮૪.૮૩ લાખ કરોડ રહ્યો હતો. સમાપ્ત થયેલા સંપૂર્ણ નાણાં વર્ષ ૨૦૨૫માં ધિરાણ વૃદ્ધિ ૧૧ ટકા રહી હતી જે નાણાં વર્ષ ૨૦૨૪માં ૨૦ ટકા જોવા મળી હતી.

વર્તમાન કેલેન્ડર વર્ષમાં રિઝર્વ બેન્કે રેપો રેટમાં એકંદરે ૧૦૦ બેઝિસ પોઈન્ટનો ઘટાડો કરતા નાણાં વર્ષ ૨૦૨૬માં ધિરાણમાં વૃદ્ધિ જોવા મળવાની અપેક્ષા છે. રેપો રેટમાં ઘટાડાને પરિણામે લોન મેળવવાનું સસ્તુ થયું છે. વર્તમાન નાણાં વર્ષમાં લોન વૃદ્ધિ ૧૨થી ૧૩ ટકા જેવા મળવાની બેન્કિંગ ક્ષેત્રના આગેવાનો અપેક્ષા રાખી રહ્યા છે. ■

# આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણમાં ૧૧ ટકાનો ઘટાડોઃ ભારતમાં જળવાયેલું સ્તર

નવી દિલ્હીઃ વિશ્વભરમાં વિદેશી સીધા રોકાણ (એફડીઆઇ)માં ઘટાડો થયો છે, પરંતુ ભારતમાં તે ૨૮ અબજ ડોલર રહ્યું છે. યુનાઇટેડ નેશન્સ કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ (અંકટાડ) દ્વારા જાહેર કરાયેલા અહેવાલ મુજબ, વૈશ્વિક એફડીઆઈમાં ૧૧ ટકાનો ઘટાડો થયો હતો, પરંતુ ભારતમાં આ આંકડામાં કોઈ ફેરફાર થયો નથી.

ભારત એફડીઆઈની યાદીમાં એક સ્થાન ઉપર આવીને ૧૫મા સ્થાને પહોંચી ગયું છે. આ સાથે, આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ્સના નવા પ્રોજેક્ટ્સ અને નાણાકીય સોદાઓમાં એફડીઆઈમાં તેનું નામ ટોચના પાંચ દેશોમાં રહ્યું છે.

યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટે જણાવ્યું હતું કે, વિશ્વના ઘણા અર્થતંત્રો પાછળ છે કારણ કે તેમની પાસે ક્ષમતાનો અભાવ નથી, પરંતુ મૂડી જ્યાં તેની જરૂર છે ત્યાં પહોંચી રહી નથી.

૨૦૨૩માં, ભારતમાં એફડીઆઈ પ્રવાહ ૪૩ ટકા ઘટીને ૨૮ બિલિયન ડોલર થયો છે. ૨૦૨૪માં, ચીન પણ એફડીઆઈના સંદર્ભમાં બીજા સ્થાનેથી ચોથા સ્થાને સરકી ગયું. આ સમયગાળા દરમિયાન, ચીનમાં એફડીઆઈ ૧૬૩ બિલિયન ડોલરથી ઘટીને ૧૧૬ બિલિયન ડોલર થયું હતું.

ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડના ડેટા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૧૪-૨૫ માં દેશમાં એફડીઆઈ મૂડી પ્રવાહ ૫૦ બિલિયન ડોલર રહ્યો હતો, જે વાર્ષિક ધોરણે ૧૩ ટકાનો વધારો દર્શાવે છે.

રિઝર્વ બેંકે જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૫ માં ભારતમાં ચોખ્ખો એફડીઆઈ પ્રવાહ (ભારતમાંથી પાછા મોકલવામાં આવેલા રોકાણોને બાદ કર્યા પછી) લગભગ ૨૯ બિલિયન ડોલર હતો.

અંકટાડ પણ એફડીઆઈ ગણતરી માટે રિઝર્વ બેંક જેવી જ પદ્ધતિનો ઉપયોગ કરે છે. તફાવત એ છે કે અંકટાડ આ કેલેન્ડર વર્ષના આધારે કરે છે.

અંકટાડ એફડીઆઈ ડેટા (શેર અને રોકડ પ્રવાહ અને વિદેશમાં મર્જર અને એક્વિઝિશન, નવા પ્રોજેક્ટ્સ અને આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ ફાઇનાન્સ ડીલ્સ)ના આધારે આંતરરાષ્ટ્રીય રોકાણ વલણો પર એક અહેવાલ જારી કરે છે. જેમાં ત્રણ પ્રકારના પ્રોજેક્ટ્સને અલગથી ધ્યાનમાં લેવામાં આવે છે.

વિકસિત અને ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાં ટેકનોલોજી કંપનીઓના સંચાલનના વિસ્તરણને જોતા, રિપોર્ટમાં ભારતમાં માઇક્રોસોફ્ટના ૩ બિલિયન ડોલરના રોકાણનો પણ ઉલ્લેખ છે. ■


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

(ચીફ એન્જિનિયર, બિલ્ડિંગ મેઈન્ટેનન્સ + H.I.C.)
ચી.એ/B.M./૬૨૯૫/II તા. ૦૯/૭/૨૦૨૫ના

ટૂંકી ઈ-ટેન્ડર નોટિસ

| | |
|---|---|
| વિભાગ | ચી.એ. (બિલ્ડિંગ મેઈન્ટેનન્સ + H.I.C.) |
| પેટા-વિભાગ | ડે. ચી.એ. (બિલ્ડિંગ મેઈન્ટેનન્સ) શહેર |
| ટેન્ડર નં. | ૨૦૨૫_MCGM_૧૧૯૮૪૬૯ |
| વિષય | ‘D’ વોર્ડમાં નાના ચોક ખાતે જોબનપુત્રા કમ્પાઉન્ડ બિલ્ડીંગમાં મેજર સ્ટ્રક્ચરલ રિપેર્સ. |
| કુલ અંદાજિત કિંમત | રૂ. ૫,૨૫,૨૪,૦૨૫.૦૦/- |
| બારડી | રૂ. ૫,૨૫,૩૦૦.૦૦/- |
| ટેન્ડર- વેચાણ | ૧૪.૦૭.૨૦૨૫ સ. ૧૧.૦૦ ક.થી ૨૨.૦૭.૨૦૨૫ સાં. ૦૪.૦૦ ક. સુધી |
| વેબસાઈટ | https://mahatenders.gov.in |
| સંપર્ક વ્યક્તિ | સબ-એન્જિનિયર (B.M.) શહેર-II |
| નામ | શ્રી. અરુણ નારાયણકર |
| ટેલિફોન નં. | ૯૮૨૦૨૧૧૩૨૨ |
| ઈમેલ-Id | se01ke.pd@mcgm.gov.in |

સહી/-
E.E. (B.M.) શહેર-I
PRO/958/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

## 300થી વધુ દારૂની દુકાનો વધશે, ૧૪,000 કરોડ રૂપિયાની થશે આવક

# ‘ચીઅર્સ’

## રાજ્યમાં દારૂની દુકાનોના નવા ૩૨૮ લાઈસન્સ આપવાના અહેવાલો

### લાડકી બહિણ યોજનાના નાણાકીય બોજને પહોંચી વળવાનો પ્રયાસ

મુંબઈ: લોકોના વિરોધને કારણે છેલ્લા પચાસ વર્ષથી રાજ્યમાં દારૂની દુકાનોના લાઇસન્સ પર જે પ્રતિબંધ હતો, તે હવે આવકમાં વધારો કરવાના ઉદ્દેશ્યથી હટાવવામાં આવશે એવા અહેવાલો જણાયા છે. આ નિર્ણયના ભાગરૂપે નવી ૩૨૮ દારૂની દુકાનોને લાઇસન્સ આપવામાં આવશે. આ નીતિથી છૂટક દારૂની દુકાનોની સંખ્યામાં ૧૯ ટકાનો વધારો થશે. આવક વધારવાની નીતિના ભાગ રૂપે, નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારની અધ્યક્ષતામાં એક સમિતિની નિમણૂક કરવામાં આવી છે જે

(જુઓ પાનું ૪) ▸▸

### માત્ર કંપનીઓને લાઈસન્સ

- દારૂ વેચાણના નવા લાઇસન્સને સાર્વજનિક ન કરતાં માત્ર આ ઉદ્યોગ સાથે સંકળાયેલી કંપનીઓને જ આપવાની નીતિ છે. હાલમાં રાજ્યમાં વિદેશી દારૂનું ઉત્પાદન કરતી ૪૧ કંપનીઓ કાર્યરત છે.
- કેટલીક ખાનગી ખાંડ ફેક્ટરીઓ પણ છે જે દારૂનું ઉત્પાદન કરે છે. આ કંપનીઓ પુણેમાં સૌથી વધુ છે. રાજ્યમાં આઠ ‘એક્સાઇઝ ડ્યુટી’ વિભાગ છે.
- આ દરેક ઝોનમાં દારૂ કંપનીઓને એક લાઇસન્સ આપવામાં આવશે. આના પરિણામે ૩૨૮ નવી દુકાનોનો ઉમેરો થશે, જેમાં ૪૧ કંપનીઓ માટે આઠ લાઇસન્સનો સમાવેશ થશે.■

### સંતોના રાજ્યને વાઈન-વ્હિસ્કી માર્કેટમાં ફેરવવાનો પ્રયાસ: આવ્હાડ

થાણે: એનસીપી (એસપી)ના નેતા જિતેન્દ્ર આવ્હાડે રવિવારે મહારાષ્ટ્ર સરકારની દારૂ નીતિની ટીકા કરતાં એવો આરોપ લગાવ્યો હતો કે સંતોની ભૂમિ સમાન રાજ્યને દારૂની ગર્તામાં ધકેલી દેશે અને લાખો પરિવારોને મુશ્કેલીમાં મુકશે.

એક પત્રકાર પરિષદને સંબોધતા આવ્હાડે જણાવ્યું હતું કે ભાજપની આગેવાની હેઠળની મહાયુતિ સરકાર ‘મુખ્યમંત્રી માઝી લાડકી બહીણ યોજના’ (જેમાં મહિલાઓને ૧૫૦૦ રૂપિયાની માસિક સહાય આપવામાં આવે છે) જેવી યોજનાઓના નાણાકીય

(જુઓ પાનું ૪) ▸▸

## સમૃદ્ધિ મહામાર્ગ માટે ‘વધેલા ટેન્ડરો’ની તપાસ હાથ ધરાઈ

### રોહિત પવારે વિધાનસભાની જાહેર હિસાબ સમિતિને ફરિયાદ કરી હતી કે સમૃદ્ધિ મહામાર્ગમાં હજારો કરોડ રૂપિયાની કથિત ઉચાપત કરાઈ છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના પ્રિન્સિપલ એકાઉન્ટન્ટ જનરલ (પીએસી)એ એકાઉન્ટન્ટ જનરલ (ઓડિટ) ને સમૃદ્ધિ મહામાર્ગના બાંધકામમાં મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વિકાસ નિગમ (એમએસઆરડીસી) દ્વારા ભંડોળના કથિત દુરુપયોગની ફરિયાદ પર ‘જરૂરી કાર્યવાહી’ શરૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. એમએસઆરડીસીનું નેતૃત્વ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે કરે છે.

૯ જૂને મહારાષ્ટ્ર વિધાનસભાની જાહેર હિસાબ સમિતિ (પીએસી)ના અધ્યક્ષ વિજય વડેટ્ટીવારના પત્ર અને વિપક્ષ એનસીપી (એસપી)ના વિધાનસભ્ય રોહિત પવારની ફરિયાદ પર કાર્યવાહી કરતા એકાઉન્ટન્ટ જનરલને કાર્યવાહી શરૂ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

પીએસીના કાર્યાલયને મહારાષ્ટ્ર સરકારના ૩૮ વિભાગોના ખર્ચ ઓડિટની જવાબદારી સોંપવામાં આવી છે, અને તે ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ (સીએજી) ને રિપોર્ટ કરે છે.

જાહેર બાંધકામ વિભાગે પણ ૩૦ જૂને એમએસઆરડીસી પાસેથી આવા જ આરોપો પર જવાબ માગ્યો હતો.

૨૮ મેના પત્રમાં, પવારે રાજ્ય વિધાનસભામાં પીએસીને નાગપુર મુંબઈ સમૃદ્ધિ એક્સપ્રેસવેમાં કથિત રીતે પૈસાની ઉચાપતની ફરિયાદ કરી હતી. ફરિયાદમાં એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે એક્સપ્રેસવેનું કામ ૧૬ તબક્કામાં કરવામાં આવ્યું હતું, જેમાં હજારો કરોડ રૂપિયાની ઉચાપત કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે ટેન્ડરમાં આંકડા પણ વધારીને દર્શાવવામાં આવ્યા હતા.

ફરિયાદ મુજબ, સમૃદ્ધિ હાઇવેનો ફેઝ નંબર ૧૧ મૌજે ધોત્રેથી અહિલ્યાનગરના મૌજે દર્લે સુધી છે. આ માટેનું ટેન્ડર ૨૦૧૮માં બહાર પાડવામાં આવ્યું હતું. ‘કુલ ૨૯ કિમીના અંતર માટેનું આ ટેન્ડર ગાયત્રી પ્રોજેક્ટને ૧,૯૦૦ કરોડ રૂપિયામાં આપવામાં આવ્યું હતું. જોકે, ગાયત્રી પ્રોજેક્ટે ૨૦૨૧માં ફેઝ નંબર ૧૧ નું ઉપરોક્ત કામ પૂર્ણ કરવામાં

(જુઓ પાનું ૪) ▸▸

## મરાઠી વિરોધી ટિપ્પણી બદલ ઉદ્ધવ ઠાકરે જૂથના કાર્યકરોએ રિક્ષાચાલકને ફટકાર્યો

પાલઘર: પાલઘર જિલ્લાના વિરારમાં મરાઠી વિરોધી ટિપ્પણી બદલ શિવસેના (યુબીટી)ના કાર્યકરો દ્વારા રિક્ષાચાલકને માર મારવામાં આવ્યો હતો. આ ઘટનાનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો, જેનાથી રાજ્યમાં ભાષાના મુદ્દા પર વિવાદ વધુ વકર્યો છે.

પોલીસે કહ્યું હતું કે તેમણે એ વીડિયો જોયો છે, પણ અત્યાર સુધી આ મામલે કોઇ ઔપચારિક ફરિયાદ તેમને મળી નથી. આથી હજી કોઇ કેસ દાખલ કરવામાં આવ્યો નથી.

ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેનાના સ્થાનિક પદાધિકારી દ્વારા દાવો કરવામાં આવ્યો હતો કે રિક્ષાચાલકને યોગ્ય પાઠ ભણાવવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે મરાઠી ભાષા અને રાજ્યનું અપમાન કરનારી કોઇ પણ વ્યક્તિને ‘સાચી શિવસેના સ્ટાઇલ’માં જવાબ આપવામાં આવશે.

વિરાર વિસ્તારમાં રહેતા રિક્ષાચાલકે કથિત રીતે મરાઠી ભાષા, મહારાષ્ટ્ર અને મરાઠી ચિહ્નો વિશે અપમાનજનક ટિપ્પણી કરી હતી. તેની ક્લિપ અગાઉ સોશ્યલ મીડિયા પર સામે આવી હતી અને તેના પર ઓનલાઇન તથા સ્થાનિક રાજકીય જૂથો દ્વારા તીવ્ર પ્રતિક્રિયાઓ મળી હતી. શનિવારે બનેલી ઘટનાના નવા વીડિયોમાં વિરાર રેલવે સ્ટેશન નજીક વ્યસ્ત માર્ગ પર શિવસેના (યુબીટી)ના કાર્યકરો રિક્ષાચાલકને લાફા મારતા જોવા

(જુઓ પાનું ૪) ▸▸

## મુંબઈ-પુણે મુસાફરીનું અંતર 30 મિનિટ ઘટશે

### ▸ મુંબઈ-પુણે એક્સપ્રેસવેના મિસિંગ લિંકના કાર્યનું નિરીક્ષણ ▸પ્રોજેક્ટનું ૯૪ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે અને ડિસેમ્બર સુધીમાં ખુલ્લો મુકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એમએસઆરડીસી) મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર ખોપોલી-કુસગાંવ વચ્ચે ૧૯.૮૦ કિમી નવી લેન, એટલે કે મિસિંગ લિંક પર અત્યારે કામ કરી રહ્યું છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ આ કાર્યનું નિરીક્ષણ કર્યું હતું.

એમએસઆરડીસી દ્વારા એવી જાણ કરવામાં આવી હતી કે આ પ્રોજેક્ટનું ૯૪ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે અને આ લેનને ડિસેમ્બર સુધીમાં સેવામાં મૂકવાની યોજના છે. ડિસેમ્બરથી મુંબઈ-પુણે મુસાફરીનો સમય ૩૦ મિનિટ ઓછો થઈ જશે.

મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર વાહનોની સંખ્યા ખૂબ વધી ગઈ છે અને આ હાઇવે હવે અપૂરતો બની રહ્યો છે. અકસ્માતોનો ભય પણ છે. તેથી, હાઇવેમાં સુધારો કરવા માટે, એમએસઆરડીસીએ ખોપોલીથી કુસગાંવ સુધી ૧૯.૮૦ કિમીનો નવી લેન બનાવવાનું નક્કી કર્યું, એટલે કે મિસિંગ લિંક. આ પ્રોજેક્ટ પર ૨૦૧૯થી બે તબક્કામાં કામ ચાલી રહ્યું છે. આ પ્રોજેક્ટમાં બે ટનલનો પણ સમાવેશ થાય છે. તેમાંથી એક

(જુઓ પાનું ૪) ▸▸

## મહારાષ્ટ્ર સુરક્ષા બિલ ‘શહેરી નક્સલવાદ’ સામે કડક કાર્યવાહી કરવામાં મદદ કરશે: ફડણવીસ

નાગપુર: મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રવિવારે કહ્યું હતું કે રાજ્ય વિધાનસભા દ્વારા તાજેતરમાં પસાર કરાયેલા મહારાષ્ટ્ર વિશેષ જાહેર સુરક્ષા બિલ, ૨૦૨૪, ‘શહેરી નક્સલવાદ’ સામે કડક કાર્યવાહી કરવામાં મદદ કરશે.

જે લોકો બિલનો વિરોધ કરે છે તેઓ ‘ડાબેરી ઉગ્રવાદની વિચારધારાને આગળ વધારવાનો પ્રયાસ કરી રહ્યા છે.’ એમ જણાવતાં ફડણવીસે અહીં પત્રકારોને કહ્યું હતું કે આ બિલમાં સરકાર સામે વિરોધ કરવાનો કે બોલવાનો કોઈનો અધિકાર છીનવાઈ ગયો નથી.

ડાબેરી ઉગ્રવાદી સંગઠનોની પ્રવૃત્તિઓને રોકવાના હેતુથી આ બિલની મુખ્ય વિશેષતાઓમાં સાત વર્ષ સુધીની કેદ, પાંચ લાખ રૂપિયા સુધીનો દંડ અને તેના હેઠળ નોંધાયેલા ગુનાઓને દખલપાત્ર અને બિન-જામીનપાત્ર તરીકે વર્ગીકૃત કરવાનો સમાવેશ થાય છે.

ગુરુવારે રાજ્ય વિધાનસભા અને શુક્રવારે કાઉન્સિલ દ્વારા આ બિલ પસાર કરવામાં આવ્યું હતું. રાજ્યપાલની સંમતિ મળતાં જ તે અમલમાં આવશે. ‘શહેરી નક્સલવાદ’ વર્ધા જિલ્લામાં ગાંધીવાદી સંસ્થાઓમાં ઘૂસી રહ્યો છે, એવા ભાજપના વિધાનસભ્ય સુમિત વાનખેડેના દાવા અંગે પૂછવામાં આવતાં ફડણવીસે કહ્યું હતું કે છેલ્લા કેટલાક વર્ષોમાં ‘શહેરી નક્સલવાદ’ને ખૂબ જ યોજનાબદ્ધ રીતે પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

‘જ્યારે તેમના ધ્યાનમાં આવ્યું કે જંગલોમાં તેમના કાર્યકરો ઓછા થઈ રહ્યા છે, ત્યારે તેમણે (માઓવાદીઓએ) એક વ્યૂહાત્મક પરિવર્તન કર્યું હતું. તેમણે શૈક્ષણિક સંસ્થાઓ, યુનિવર્સિટીઓ અથવા અન્ય વિવિધ સંગઠનોમાં પ્રવેશ કરીને ત્યાં

(જુઓ પાનું ૪) ▸▸

## ₹૬.૫૦ કરોડની ડ્રગ્સવાળી કૅપ્સ્યૂલ્સ ગળીને આવેલી કેન્યાની મહિલા પકડાઇ

મુંબઈ: ૬.૫૦ કરોડ રૂપિયાનું કોકેન ભરેલી કૅપ્સ્યૂલ્સ ગળી નૈરોબીથી આવેલી કેન્યાની ૪૩ વર્ષની મહિલાને ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ (ડીઆરઆઇ)ના અધિકારીઓએ મુંબઈ એરપોર્ટ પર પકડી પાડી હતી. ડીઆરઆઇના અધિકારીઓએ ધરપકડ કરેલી મહિલાની ઓળખ ફ્લોરેન્સ એવિનો ઇન્ડનગાસી (૪૩) તરીકે થઇ હતી. ફ્લોરેન્સને સ્થાનિક કોર્ટમાં હાજર કરવામાં આવતાં તેને જુડિશિયલ કસ્ટડી ફટકારવામાં આવી હતી.

નૈરોબીથી ફ્લાઇટમાં શુક્રવારે મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આવી પહોંચેલી ફ્લોરેન્સને ડીઆરઆઇના અધિકારીઓએ શંકાને આધારે આંતરી હતી. તેના સામાનની તલાશી લેવામાં આવતાં કાંઇ મળી આવ્યું નહોતું. જોકે પૂછપરછમાં ડ્રગ્સ ભરેલી કૅપ્સ્યૂલ્સ તેના પેટમાં હોવાનું ફ્લોરેન્સે કબૂલ્યું હતું.

દરમિયાન ફ્લોરેન્સને જે. જે. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, જ્યાં બીજે દિવસે પેટમાંથી ૭ કૅપ્સ્યૂલ્સ બહાર કાઢવામાં આવી હતી, જેમાંથી ૬.૫૦ કરોડનું કોકેન મળી આવ્યું હતું. આથી મહિલા વિરુદ્ધ ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરવામાં આવી હતી. ફ્લોરેન્સ ઝડપી નાણાં કમાવા માટે ડ્રગ્સની તસ્કરી કરવા તૈયાર થઇ હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. ■

## મુંબઈ સેન્ટ્રલ જેલમાં ગેન્ગસ્ટર પ્રસાદ પૂજારી પર હુમલો: સાત વિરુદ્ધ ગુનો

મુંબઈ: વર્ષો સુધી ફરાર રહ્યા બાદ મુંબઈ પોલીસ જેને વિદેશથી મુંબઈ લાવવામાં સફળ રહી તે કુખ્યાત ગેન્ગસ્ટર પ્રસાદ પૂજારી પર હાઇ-સિક્યુરિટી ધરાવતી મુંબઈ સેન્ટ્રલ જેલમાં ૬ જુલાઇએ મોડી રાતે હુમલો કરવામાં આવ્યો હતો.

જેલ અધિકારી રવીન્દ્ર તોંગેએ આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે એન.એમ. જોશી માર્ગ પોલીસ સ્ટેશનમાં પૂજારી સહિત સાત કેદી વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો. આરોપીઓની ઓળખ ઇરફાન રહીમ ખાન, શોએબ ખાન ઉર્ફે ભૂર્યા, અયૂબ અનુમુદ્દીન શેખ, મૂકેશ સીતારામ નિશાદ, લોકેન્દ્ર ઉદયસિંહ રાવત, સિદ્ધેશ સંતોષ ભોસલે અને પ્રસાદ પૂજારી તરીકે થઇ હતી. પૂજારીનું નામ પણ એફઆઇઆરમાં દાખલ કરવામાં આવતાં હાઇ-સિક્યુરિટીવાળી જેલમાં બે ગેન્ગ વચ્ચે ગેન્ગવોર થયું હોવાના સંકેત મળે છે. પોલીસ હવે હુમલાનો ચોક્કસ હેતુ જાણવા માટે તપાસ કરી રહી છે. હુમલો ચોક્કસ કયા કારણસર થયો તે જાણી શકાયું નહોતું, પણ હુમલો થતાં જ જેલ પ્રશાસને તુરંત પગલાં લીધાં હતાં અને સ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો.

હુમલામાં કોઇને ગંભીર ઇજા થઇ નહોતી. હુમલો પૂર્વનિયોજિત હતો કે કેમ તેની તપાસ કરવામાં આવી રહી છે. ■



**હરિયાળી:** હાલમાં વરસાદનું જોર ઘટ્યું છે, પણ જંગલ વિસ્તારમાં હરિયાળી ખીલી ઊઠી છે. નેશનલ પાર્કમાં આવેલ કાન્હેરી ગુફા વિસ્તાર પણ સુંદર લીલોછમ જણાઈ રહ્યો છે. (અમય ખરાડે)

## વિલે પાર્લેમાં વેપારીના ફ્લેટમાંથી દાગીના સહિત ₹૧.૧૫ કરોડની મતાની ચોરી

મુંબઈ: વિલે પાર્લે વિસ્તારમાં વેપારીના ફ્લેટમાંથી હીરા, દાગીના અને ઘડિયાળ સહિત ૧.૧૫ કરોડ રૂપિયાની મતાની થયેલી ચોરીના કેસમાં જુહુ પોલીસે બે જણની ધરપકડ કરી હતી.

બંને આરોપીની ઓળખ રાહુલ સદાશિવ માને અને સની પવાર તરીકે થઇ હોઇ તેઓ હાલ પોલીસ કસ્ટડીમાં હોવાથી પોલીસ તેમની પૂછપરછ કરી રહી છે. વિલે પાર્લેમાં જેવીપીડી સ્કીમ ખાતે આવેલા અપાર્ટમેન્ટમાં રહેતા અને એક્સપોર્ટનો વ્યવસાય કરતા વેપારી ૨૩ જૂને પરિવારજનો સાથે વિદેશ ફરવા ગયા હતા. એ સમયે તેમના ફ્લેટમાં ચોરી થઇ હતી. ફ્લેટમાં ઘૂસેલા ચોર કબાટમાંથી હીરા, સોનાના દાગીના અને કીમતી ઘડિયાળ સહિત ૧.૧૫ કરોડની મતા ચોરી પલાયન થયા હતા.

પાંચમી જુલાઇએ તેઓ મુંબઈ પાછા ફર્યા ત્યારે ફ્લેટમાં ચોરી થઇ હોવાનું જાણવા મળ્યું હતું, જેને પગલે તેમણે જુહુ પોલીસ સ્ટેશનમાં જઇને ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ઘટનાસ્થળે જઇ તપાસ કર્યા બાદ આ પ્રકરણે ગુનો દાખલ કર્યો હતો. પોલીસે ઘટનાસ્થળ તથા આસપાસના વિસ્તારોમાંના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા. બાદમાં ટેક્નિકલ બાબતોને અભ્યાસ કર્યા બાદ બે જણને તાબામાં લીધા હતા. પૂછપરછમાં તેમને ગુનામાં સંડોવણી હોવાનું જાણવા મળતાં તેમની ધરપકડ કરવામાં આવી હતી. ગુનામાં આરોપીઓના સાથીદાર સામેલ છે કે કેમ તેની પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. ■

## રાજ-ઉદ્ધવ ગઠબંધન મહારાષ્ટ્રને નવી દિશા આપશે: સંજય રાઉત

મુંબઈ: શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતે રવિવારે કહ્યું હતું કે તેમના પક્ષના વડા ઉદ્ધવ ઠાકરે અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા રાજ ઠાકરે ગઠબંધન બનાવે તે જરૂરી છે અને દાવો કર્યો હતો કે તે ‘રાજ્યને નવી દિશા’ આપશે.

સેના (યુબીટી)ના મુખપત્ર સામનામાં તેમના સાપ્તાહિક કોલમ રોખ ઠોકમાં, રાઉતે એવો પણ દાવો કર્યો હતો કે શાસક ભાજપને મહારાષ્ટ્રની એકતા અને મરાઠી ‘અસ્મિતા’ની લડાઈ સાથે કોઈ લેવાદેવા નથી. ‘ભાજપની નીતિ પહેલા મુંબઈને લૂંટવાની છે, પછી મુંબઈને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવાની છે અને અલગ વિદર્ભ માટે રમત રમવાની છે અને મહારાષ્ટ્રના અસ્તિત્વને ખતમ કરવાની છે,’ એવો આરોપ તેમણે લગાવ્યો હતો.

તેમણે યાદ અપાવ્યું હતું કે ભૂતકાળમાં મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે નાગપુરમાં આંદોલન દરમિયાન ‘વિદર્ભ મારું એકમાત્ર રાજ્ય છે’ તેવા સંદેશાવાળા પ્લેકાર્ડ સાથે દેખાવો કર્યા હતા.

જો ઠાકરે પિતરાઈ ભાઈઓની એકતા અને તેમનું નેતૃત્વ અકબંધ રહેશે નહીં, તો મુંબઈ ‘અદાણી-લોઢા’ ગળી જશે અને એક દિવસ તે મહારાષ્ટ્રનો ભાગ પણ રહેશે નહીં, એવો આરોપ રાજ્યસભાના સભ્યે લગાવ્યો હતો. એપ્રિલમાં, મનસે નેતા રાજ ઠાકરેએ તેમના પિતરાઈ ભાઈ ઉદ્ધવ ઠાકરે સાથે સંભવિત રાજકીય સંબંધો અંગે અટકળો ફેલાવી હતી, તેમણે એક કાર્યક્રમમાં જણાવ્યું હતું કે તેમના ભૂતકાળના મતભેદો ‘તુચ્છ’ હતા અને ‘મરાઠી માણુસ’ના મોટા હિત માટે એક થવું એ મુશ્કેલ કાર્ય નથી. ■

## વિવિધ પ્રોજેક્ટ માટે સીઆરઝેડની મંજૂરી હવે ઝડપથી મળશે

### મહારાષ્ટ્ર કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટીની પુનઃરચના

મુંબઈ: મહારાષ્ટ્રમાં વિવિધ વિકાસકામ અને પ્રોજેક્ટ માટે કોસ્ટલ રેગ્યુલેશન ઝોન (સીઆરઝેડ) નિયમ અંતર્ગત સમયસર મંજૂરી મેળવવા માટે કેન્દ્ર સરકારે મહારાષ્ટ્ર કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટીની પુનઃ રચના કરી છે. તેથી રાજ્યના જુદા જુદા સરકારી અને ખાનગી પ્રોજેક્ટને સીઆરઝેડની મંજૂરી મળવામાં મદદ થઈ રહેવાની છે.

મહારાષ્ટ્ર કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટી ૧૯૯૮ની સાલથી કાર્યરત હતી પણ આ ઓથોરિટીની મુદત ડિસેમ્બર ૨૦૨૪માં પૂરી થઈ ગઈ હતી. રાજ્ય સરકારે નવી ઓથોરિટીની સ્થાપના માટે કેન્દ્ર સરકાર પાસે પ્રસ્તાવ મોકલ્યો હતો. મહારાષ્ટ્ર કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટીની પુનઃ રચના માટે પર્યાવરણ અને વાતાવરણીય બદલ ખાતા દ્વારા સતત કેન્દ્ર સરકાર સાથે સંપર્કમાં હતી.

આ બાબતનો આદેશ સાત જુલાઈના બહાર પાડવામાં આવ્યો હતો અને હવે આગામી ત્રણ વર્ષ માટે ઓથોરિટી ચાલુ રહેશે. રાજ્યના જુદા જુદા સરકારી અને ખાનગી પ્રોજેક્ટ માટે સીઆરઝેડની મંજૂરી આવશ્યક હોય છે. ઓથોરિટીની પુનઃરચનાને કારણે રાજ્યના અનેક પ્રોજેક્ટ જેના કામ અટવાઈ ગયા છે તે ફરી પાટે ચઢે એવી શક્યતા છે. સીઆરઝેડના આદેશ મુજબ પ્રોજેક્ટ પ્રસ્તાવના પરીક્ષણ અને ભલામણ, કોસ્ટલ ઝોનનું સંરક્ષણ, જૈવવિવિધતાનું સંવર્ધન તેમ જ દરિયાકિનારા પર થતા વિકાસકામ પર નિયંત્રણ રાખવું, નિયમનું ઉલ્લંઘન થાય તો તપાસ કરીને પગલાં લેવા જેવા કામની જવાબદારી મહારાષ્ટ્ર કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટીની હોય છે. ■


અંક ટૂંક સમયમાં પ્રસિદ્ધ થશે

જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ

પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું ‘મુંબઈ સમાચાર’નું પ્રગતિ-પ્રેરક પંચાંગ

વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ

મુંબઈ સમાચાર કિંમત: ₹ ૧૦૦/- પ્રારંભ ઈ.સ.૧૮૧૪ વર્ષ ૨૧૨



પંચાંગકર્તા: સોનલ શાહ ■ વિક્રમ સંવત ૨૦૮૨-૮૩ ■ શાલિવાહન શક સંવત ૧૯૪૭-૪૮ ■ ઈ.સ. તા. ૨૨-૧૦-૨૦૨૫ થી તા. ૦૬-૦૪-૨૦૨૭


## કાંજુરમાર્ગમાં બહુમાળીય બિલ્ડિંગમાં આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કાંજુરમાર્ગમાં બહુમાળીય બિલ્ડિંગના ઉપરના માળા વચ્ચે ઈલેક્ટ્રિક ડકમાં રવિવાર સવારના આગ ફાટી નીકળી હતી. આગ લાગ્યા બાદ ઉપરના માળા પર અનેક રહેવાસીઓ ફસાઈ ગયા હતા. ફાયરબ્રિગેડે તેમને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. લગભગ પોણા બે કલાકની જહેમત બાદ આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. સદ્નસીબે આગમાં કોઈ જખમી થયું નહોતું. કાંજુરમાર્ગ (પૂર્વ)માં

(જુઓ પાનું ૪) ▸▸

### ‘શું જયંત પાટીલ તમારી પાર્ટીમાં જોડાશે?’

## અધિવેશનમાં હું તેમને પૂછીશ: અજિત પવાર

પુણે: રાજકીય વર્તુળોમાં શનિવારે એવી ચર્ચા હતી કે એનસીપી(એસપી)ના પ્રદેશ પ્રમુખ જયંત પાટીલે તેમના પદ પરથી રાજીનામું આપી દીધું છે. જોકે જીતેન્દ્ર આવ્હાડે આ અહેવાલોને રદિયો આપ્યો હતો. પરંતુ ઘણા નેતાઓએ આ અંગે પ્રતિક્રિયા આપી છે. એવું પણ કહેવાય છે કે શશિકાંત શિંદેનું નામ કન્ફર્મ થઈ ગયું છે. શશિકાંત શિંદેએ પોતે ચેનલોને જવાબ આપતા કહ્યું હતું કે તેઓ આ પદની રેસમાં છે. ત્યારબાદ, હવે નાયબ મુખ્ય પ્રધાન અને એક સમયે જયંત પાટીલના સાથી રહેલા અજિત પવારે પણ

(જુઓ પાનું ૪) ▸▸


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ‘‘મુંબઈ સમાચાર’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: samachar.bombay@gmail.com ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.